न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
જ્ઞાન જેવું પવિત્ર કરનારું બીજું કશું જ નથી.


માધ્યમિક

# શિક્ષણ અને પરીક્ષણ

શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક

Printed and Posted on 28th of Each Month

Year : 15• Issue : 07 • December, 2025 વિક્રમ સંવત ૨૦૮૨






ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

## માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ

### સલાહકાર મંડળ

1. **શ્રી મુકેશ પંડ્યા** (આઈએએસ)
   અધ્યક્ષશ્રી
2. **શ્રી અનિલકુમાર રાદડિયા**
   નાયબ અધ્યક્ષશ્રી
3. **શ્રી ડી. પી. વાઘેલા**
   કન્ટ્રોલર ઑફ એકાઉન્ટ્સ એન્ડ સ્ટોર્સ

### તંત્રી મંડળ

1. **શ્રી બી. એન. રાજગોર**
   સંયુક્ત નિયામક અને માર્ગદર્શક તંત્રી
2. **શ્રી આર. આર. વ્યાસ**
   સચિવ અને તંત્રી
3. **ડૉ. એન. ડી. પટેલ**
   સંયુક્ત સચિવ અને સહતંત્રી
4. **શ્રી પુલકિત જોશી**
   મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી


### સૂચનાઓ

1. વાર્ષિક લવાજમ રૂ. 400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂન થી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું :
   સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, સેક્ટર 10-બી, ગાંધીનગર-382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ.200/- (બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ.40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

### લેખકોને સૂચનાઓ

1. **પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રી પુલકિત જોશી, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર 10-બી, ગાંધીનગર-382 010ને નામજોગ મોકલવા.**
2. **લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જોઈએ.**
3. **લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.**
4. **કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઈને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.**
5. **સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.**
6. **આ સામયિકમાં પ્રસિદ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ. 200/- પુરસ્કાર આપવામાં આવશે.**
7. **અસ્વીકૃત લેખ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.**
8. **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી-સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.**

# સ્વતંત્રતાનું મૂલ્ય

(1) "હું કાગડા-કૂતરાના મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના પાછો ફરીશ નહિ."

**– મહાત્મા ગાંધીજી**

(2) "સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે, હું તે લઈને જ જંપીશ."

**– લોકમાન્ય ટિળક**

(3) "સ્વતંત્રતાનું મૂલ્ય તમારે ચૂકવવું જ પડશે. સ્વતંત્રતા ક્યારેય ભીખ માગવાથી મળી શકતી નથી. તેને બળજબરીપૂર્વક જ મેળવવી પડશે. તેની કિંમત લોહી છે."

**– સુભાષચંદ્ર બોઝ**

(4) "સ્વતંત્રતાની રક્ષા ફક્ત આપણા દેશના સૈનિકોનું જ કામ નથી. તેની રક્ષા માટે તો સમગ્ર દેશવાસીઓએ મજબૂત થવું પડશે."

**– લાલબહાદુર શાસ્ત્રી**

(5) "મનુષ્ય સ્વતંત્રતાથી સુખ પ્રાપ્ત કરે છે, સ્વતંત્રતાથી પરમતત્વને પ્રાપ્ત કરે છે, શાંતિ પ્રાપ્ત કરે છે અને પરમ પદ પ્રાપ્ત કરે છે."

**– અષ્ટાવક્ર ગીતા**

(6) "સ્વતંત્રતા જ જીવન, ઉન્નતિ અને કુશળ ક્ષેમનું એકમાત્ર સાધન છે."

**– સ્વામી વિવેકાનંદ**

(7) મુક્તિ વિનાનું જીવવું શાનું ? મુક્તિ વિના શાં બીજાં ગાન ?
મુક્તિને કારણે સર્વ સહીશું, સ્વાતંત્ર્યથી શું સૌખ્ય મહાન ?

**– કૃષ્ણલાલ શ્રીધરાણી**

(8) હર એક હિંદી હિંદ છે, હર એક હિંદી હિંદની છે જિંદગી,
હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ : એ સ્વાતંત્ર્યદિનની બંદગી.

**– ઉમાશંકર જોશી**

(9) તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી,
મુરદાં મસાણેથી જાગતાં - એવી શબ્દમાં શી સુધા ભરી.

**– ઝવેરચંદ મેઘાણી**


**સંપર્ક : સંશોધન શાખા**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર - 382 010**
**E-mail : shikshanparikshan.gseb@gmail.com**


બોર્ડની વેબસાઈટનું સરનામું : **www.gseb.org**

# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચકમિત્રો,**

સૌને નમસ્કાર. 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'નો આ અંક આપ સૌને પ્રાપ્ત થશે ત્યારે 2025નું વર્ષ અલવિદા પામશે અને આપણે સૌ જાન્યુઆરી-2026થી શરૂ થતા નવા વર્ષમાં પ્રવેશ કરીશું. ઈ.સ. 2026નું સમગ્ર વર્ષ આપ સૌના શિક્ષણના પવિત્ર વ્યવસાયક્ષેત્રે પ્રગતિકારક, દૃષ્ટાંતપ્રેરક, સુખ-શાંતિ અને સમૃદ્ધિથી હર્યુંભર્યું બની રહો એવી અત્રેથી શુભેચ્છા પાઠવું છું.

ગુજરાતી ભાષાના કવિ શ્રી રતિલાલ 'અનિલ'નું શિક્ષણ-જ્ઞાન-સંદર્ભે મુક્તક છે :

**જ્ઞાન લૈને તું ભલે વિદ્વાન થા,**
**બળ ગ્રહીને તું ભલે બળવાન થા,**
**જે થવું હોય તે પછી થાજે 'અનિલ'**
**માનવી છે તો પ્રથમ ઈન્સાન થા.**

અહીં માનવીને વિદ્વાન અને બળવાન થવા કરતાંય વિશેષ કરીને 'ઈન્સાન' (ઉમદા નાગરિક અને ઉત્તમ મનુષ્ય) થવાની હિમાયત કરવામાં આવી છે. કવિ સુંદરમ્‌ની પંક્તિ 'હું માનવી માનવ થાઉં તોય ઘણું' તથા કવિ ઉમાશંકર જોશીની પંક્તિ 'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી'માં માનવ થવાની જ વાત છે. ભારતના ભાવિ સમા બાળકોમાં સુટેવો, સંસ્કારો, હકારાત્મક અભિગમ સાથે સદ્‌વર્તન કેળવાય, તેમનામાં નૈતિક મૂલ્યોનું સિંચન થાય, તેમનામાં રહેલી શક્તિઓ મુજબ તેમનાં કૌશલ્યો ઉજાગર થાય અને તેમનો સર્વગ્રાહી વિકાસ થતો રહે એ કેળવણીનું ધ્યેય છે. તેથી કહેવાયું છે કે "કેળવણી એ ક્રિયાને કૌશલ્યમાં ફેરવવાની, માનવીના સશક્તિકરણ અને આંતરિક પ્રદીપ્તિકરણની સતત ચાલતી પ્રક્રિયા છે."

'શાળાકીય પ્રવૃત્તિ કૅલેન્ડર' : 2025-26 માં દર્શાવ્યા મુજબ આગામી જાન્યુઆરી માસમાં ધો.9 અને ધો. 11ની દ્વિતીય પરીક્ષા તથા ધો. 10 અને ધો. 12ની શાળાકીય પ્રિલિમિનરી પરીક્ષા તેમજ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં શાળા કક્ષાએ લેવાની સૈદ્ધાંતિક-પ્રાયોગિક પરીક્ષા અને વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા યોજાનાર છે. ફેબ્રુઆરી-માર્ચ-2026માં ધો. 10 અને ધો. 12 (તમામ પ્રવાહ)ની બોર્ડની જાહેર પરીક્ષા અને તે પછી એપ્રિલ માસમાં ધો. 9 અને ધો. 11ની શાળાકીય વાર્ષિક પરીક્ષા યોજાશે. આમ, આગામી સમયમાં પરીક્ષાઓનો માહોલ સર્જાશે.

બોર્ડ દ્વારા લેવાનાર જાહેર પરીક્ષા સંદર્ભે આપની શાળાએથી નિયત સમયમર્યાદામાં વિદ્યાર્થીઓનાં ઑનલાઈન આવેદનપત્રો ભરવાની કામગીરી કોઈ પણ જાતની ક્ષતિ વિના, ચોકસાઈ અને કાળજીથી પૂર્ણ થઈ હશે. ઉપરોક્ત તમામ પરીક્ષા આપનાર બાળકોમાં કોઈ જાતનો તણાવ કે બોજ ના રહે, તેઓ આત્મવિશ્વાસ અને નિર્ભય ચિત્તે આ પરીક્ષાઓની પૂર્વતૈયારી કરે તેમજ તેઓને અઘરા લાગતા પાઠ-પ્રકરણનું માર્ગદર્શન મેળવે એ જોવા શાળાના આચાર્યશ્રી તથા વિષયશિક્ષકોને વિનંતી છે. શાળાકીય પરીક્ષાઓમાં ઉત્તમ પરિણામો અને સિદ્ધિ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની મહેનતની કદર કરી, તેઓને પ્રોત્સાહિત કરશો. પરીક્ષાઓ પૂર્વે જરૂરી વાલીમીટિંગ, શિબિર, સેમિનાર, વક્તવ્યો, નમૂનાનાં પ્રશ્નપત્રોનો વધુ મહાવરો, ઉત્તરવહીઓનું મૂલ્યાંકન અને વાલી સમક્ષ તેનું નિદર્શન જેવાં આયોજનો શાળા કક્ષાએ થાય તે ખૂબ જરૂરી છે.

પરીક્ષાને ઉત્સવની જેમ ઉજવવા માટે અને પરીક્ષાનો તણાવ દૂર કરવા માટે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ઈન્ટરેક્ટિવ પ્રૉગ્રામ 'પરીક્ષા પે ચર્ચા-2026' જાન્યુઆરી માસમાં યોજાનાર છે. તે માટેનું રજિસ્ટ્રેશન https://innovateindia1.mygov.in પર કરી શકાય છે. આ કાર્યક્રમમાં મહત્તમ સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સહભાગી થાય તે માટે સૌને અનુરોધ છે. ચાલો, સૌ નવા વર્ષમાં શિક્ષણ ક્ષેત્રે ઉજ્જવળ પરિણામો સાથે, શિક્ષણનાં સાતત્યપૂર્ણ લક્ષ્યાંકોની સિદ્ધિ માટે કટિબદ્ધ થઈએ. જય જય ગરવી ગુજરાત.

**મુકેશ પંડ્યા**
**અધ્યક્ષ**

**તા. 20-12-2025**

માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ

# તંત્રી સ્થાનેથી...

**સુજ્ઞ સારસ્વત આચાર્યમિત્રો તથા શિક્ષક ભાઈ-બહેનો,**

જાન્યુઆરી-2026થી શરૂ થનાર નવા વર્ષની સૌને સ્નેહભર્યાં વંદન સાથે શુભેચ્છા પાઠવું છું. આપ સૌને 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'નો ડિસેમ્બર-2025નો આ અંક મોકલતા તંત્રીમંડળ આનંદ અનુભવે છે. નવું વર્ષ શિક્ષણક્ષેત્રે નવી આશાઓ અને ઉમંગ-ઉત્સાહ-સાથે નીતનવાં શૈક્ષણિક કાર્યો અને પ્રવૃત્તિઓનાં આયોજન અને તેની સફળતા સાથે વધુ ને વધુ પ્રગતિમય અને સિદ્ધિદાયક બની રહે એવી અત્રેથી બોર્ડપરિવાર વતી આપ સૌને શુભકામના પાઠવું છું અને ગત વર્ષે આપ સૌએ આપેલા યોગદાનને અત્રેથી બિરદાવું છું. આ શૈક્ષણિક મૅગેઝિનનાં પ્રકાશનનો હેતુ શિક્ષણની પ્રક્રિયા સાથે જોડાયેલા રાજ્યના શિક્ષકો દ્વારા નવા પ્રકલ્પો અને શિક્ષણની ગુણવત્તાને રચનાત્મક બનાવવાની બાબતો પર પ્રકાશ પાડવાનો છે. એમાં પ્રગટ થતા લેખો દ્વારા અનુશાસન અને જવાબદારીઓ સાથેનું વર્તન અને જીવન જીવવાની રીત સામેલ થાય છે. દર મહિનાની 28મી તારીખ એટલે આ શૈક્ષણિક સામયિકનો જન્મ દિવસ ગણાય. એટલે એના વાચક અને ગ્રાહક બનીને શિક્ષણજગતમાં એની લોકપ્રિયતા વધારીએ.

કહેવાયું છે કે 'ज्ञानं तृतीयम् मनुजस्य नेत्रम् !' ઉજ્જવળ, શ્રેષ્ઠ અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે શિક્ષણમાં નૈતિકતા સાથે પરિવર્તન લાવવા સતત પ્રયત્નશીલ રહેવું એ ગુજરાતની દરેક શિક્ષણસંસ્થાનું કર્તવ્ય બની રહે છે. રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણ એ પાયાની જરૂરિયાત અને સમૃદ્ધિની ગુરુચાવી છે. તેનો મુખ્ય ધ્યેય ચારિત્ર્યનિર્માણનો છે; બાળકોના તન-મનનો વિકાસ, બૌદ્ધિક, ભાવનાત્મક, સંવેદનાત્મક, સર્જનાત્મક અને આધ્યાત્મિક વિકાસ થાય એ કેળવણીનું લક્ષ્ય છે. આજના ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા, ડિજિટલ અને AIના વિકસતા તક્નીકી યુગમાં સમય સાથે પરિવર્તન આણી ગુજરાતના શિક્ષણક્ષેત્રે ગુણવત્તાભર્યો અને મૂલ્યલક્ષી વિકાસ થયો છે. શાળાઓ પણ આધુનિક ટૅક્નોલૉજી સાથે રહીને પોતાના વિઝન-મિશન અને પરંપરા મુજબ એ જ ઉત્સાહ, ધગશ અને નિષ્ઠા સાથે નવી પેઢીને જ્ઞાન અને સંસ્કારો આપીને શિક્ષણની જ્યોતને વર્ષોથી પ્રજ્વલિત રાખી રહી છે અને બાળકોને સત્ય, પ્રામાણિકતા, પરિશ્રમ અને માનવતાના માર્ગ પર ચાલવા સતત પ્રેરણા આપી રહી છે. એવી શ્રેષ્ઠતાના ધોરણે સફળ શાળાઓને અત્રેથી ધન્યવાદ પાઠવું છું.

દર વર્ષે તા. 12 જાન્યુઆરીએ 'રાષ્ટ્રીય યુવા દિને' સ્વામી વિવેકાનંદની જન્મજયંતી, તા. 15 જાન્યુઆરીએ 'સેના દિન', તા. 25 જાન્યુઆરીએ 'રાષ્ટ્રીય મતદાતા દિન', તા. 26 જાન્યુઆરીએ 'પ્રજાસત્તાક દિન', તા. 30 જાન્યુઆરીએ ગાંધી નિર્વાણ દિન-'શહીદ દિન' તરીકે દરેક શાળામાં ઉજવાય છે. આ દરેક દિનનું મહત્ત્વ મૅગેઝિનમાં જે તે માસે દિન આવે તેના અગાઉના અંકમાં દર્શાવવામાં આવે છે, જેથી તેની જાણકારી વાચકોને મળી શકે. આપની શાળામાં આ દિનવિશેષની ઉજવણી અંતર્ગત જે કાર્યક્રમો થાય, તેના ફોટોગ્રાફ્સ સાથે ટૂંકી વિગત આ મૅગેઝિનના ટાઈટલ-કલર પેજ (3) માટે અચૂક મોકલી આપશો.

સ્વામી વિવેકાનંદ કેળવણી વિશે કહે છે કે "જે અભ્યાસ વડે આપણે આપણી ઈચ્છાશક્તિના પ્રવાહનું અને તેની અભિવ્યક્તિનું નિયમન કરી શકીએ, તેને ફળદાયી બનાવી શકીએ તેનું નામ કેળવણી." વિવેકાનંદે બાળકોને અભ્યાસ માટે એક મંત્ર આપ્યો છે : "ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડ્યા રહો." આગામી સમયમાં શાળા દ્વારા ધો. 9 થી ધો. 12ની દ્વિતીય/પ્રિલિમિનરી પરીક્ષા તા. 16 થી 24 જાન્યુઆરી દરમિયાન લેવાનાર છે. પરીક્ષા કે કસોટી શાળા દ્વારા થતી હોય કે બોર્ડ દ્વારા લેવાનાર હોય પરંતુ પરીક્ષાને એક પર્વ અને ઉત્સવની જેમ આનંદપૂર્વક, હસતાં-હસતાં, ભય કે તણાવથી દૂર રહીને આપવાથી તેનું ધાર્યું પરિણામ પ્રાપ્ત થાય છે. દરેક વિદ્યાર્થી પોતાનો અભ્યાસક્રમ ચાલે તેમ-તેમ તેનું પુનરાવર્તન કરે, પોતાના લક્ષ્યને કેન્દ્રમાં રાખી સતત મહેનત કરે, વાલી પણ પોતાના દીકરા-દીકરીની તૈયારી જોઈ તેને પ્રોત્સાહન આપે, શિક્ષકો પણ શાળાનાં અભ્યાસમાં પાછળ હોય તેવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે, સૌ બાળકો પરીક્ષાની તૈયારી સમયે જાગૃત રહી તેમનું આરોગ્ય સાચવે, બરાબર કાળજી લે આ બાબતો ખૂબ જ જરૂરી છે.

ઈ.સ. 2026નું નવું વર્ષ સૌને પ્રગતિના પંથે લઈ જનાર નીવડે એવી પ્રભુને પ્રાર્થના.

**આર. આર. વ્યાસ**

**તા. 20-12-2025** **સચિવ/તંત્રી**

# અનુક્રમણિકા


| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | 'પરીક્ષા પે ચર્ચા-2026'માં રજિસ્ટ્રેશન કરવા અંગેનું માર્ગદર્શન | સંકલન | 4 |
| 2. | 'પરીક્ષા પે ચર્ચા' : એક નૂતન દૃષ્ટિકોણની આશાનું અમૃતપર્વ | રસિક વાળંદ ('નિર્ઝર') | 5 |
| 3. | બોર્ડની પરીક્ષામાં ઉત્તમ સફળતા મેળવવા કઈ બાબતો ધ્યાનમાં રાખવી ? | ડૉ. કિરીટ જોશી | 7 |
| 4. | જાન્યુઆરી માસના વિશેષ દિવસો : શિક્ષણમાં મૂલ્યવર્ધન | ગજેન્દ્રકુમાર જોશી | 9 |
| 5. | શિક્ષણમાં A.I.નું સામર્થ્ય | બકુલભાઈ ધામેલીયા | 11 |
| 6. | તંદુરસ્ત શિક્ષક જ તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે | કમલેશ શુક્લ | 13 |
| 7. | શિક્ષક : વિચારો, મૂલ્યો અને ભવિષ્યનો શિલ્પી | વિજયભાઈ એમ. મકવાણા | 15 |
| 8. | નવધા ગુણ સંપન્ન શિક્ષક | વિજય દાણી | 17 |
| 9. | સાંપ્રત સમયમાં વિદ્યાર્થીઓમાં હકારાત્મક અભિગમ અને વર્તન કેળવવા વાલી અને શિક્ષકની ભૂમિકા | જાગૃતિ કે. રાવત | 20 |
| 10. | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખનનું પરીક્ષણ | ડૉ. મનહર ઠાકર | 23 |
| 11. | સ્વામી વિવેકાનંદ : એક આદર્શ જીવન અને શિક્ષણના પ્રેરક | મહેન્દ્રકુમાર આર. ચૌધરી | 26 |
| 12. | કેરિઅર કોર્નર : સફળતાને સાકાર કરવાના આઠ રાહ અને પ્રવાહ આલેખન | રમેશ તન્ના | 28 |
| 13. | પ્રાસંગિક : રાષ્ટ્રીય ગણિત દિવસનું મહત્ત્વ | એસ. બી. પટેલ | 30 |
| 14. | પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન | સંકલન | 31 |
| 15. | ભાવ-પ્રતિભાવ | સંકલન | 32 |

# ‘પરીક્ષા પે ચર્ચા-2026’માં રજિસ્ટ્રેશન કરવા અંગેનું માર્ગદર્શન

• સંકલન •

- માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ઈન્ટરેક્ટિવ પ્રોગ્રામ ‘પરીક્ષા પે ચર્ચા’ની 9મી આવૃત્તિ જાન્યુઆરી, 2026માં યોજાનાર છે. જેમાં તેઓ વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ વાલીઓ સાથે પરીક્ષાને લગતી સમસ્યાઓ પર વાર્તાલાપ કરશે અને માર્ગદર્શન આપશે.
- ‘પરીક્ષા પે ચર્ચા-2026’માં રજિસ્ટ્રેશન કરવા માટે ધોરણ-6 થી 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતા-પિતાએ **તા. 01-12-2025 થી તા. 11-01-2026** દરમિયાન **https://innovateindia1.mygov.in** પર **Multiple choise Question (MCQ)**ના જવાબ આપવાના રહેશે તેમજ પરીક્ષાને લગતો એક પ્રશ્ન (500 અક્ષરની મર્યાદામાં) પૂછવાનો રહેશે.
- આ પોર્ટલ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી સહિત બાર (12) ભાષાઓમાં ઉપલબ્ધ છે. ભાષા બદલવા માટે હોમ પેજ પર જમણી બાજુ ભાષાનું બટન દર્શાવેલ છે.
- ‘પરીક્ષા પે ચર્ચા-2026’ માટે રજિસ્ટ્રેશન કરવા માટેની લિંક : **https://innovateindia1.mygov.in**
- જેમાં **Participate Now (Blue Button)** પર ક્લિક કરીને રજિસ્ટ્રેશન કરી શકાશે.
- જેમાં નીચે મુજબ ચાર (4) વિકલ્પ દર્શાવેલ છે.
- વિદ્યાર્થી પોતાની જાતે મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈડી દ્વારા OTP મેળવી રજિસ્ટ્રેશન કરી શકશે અથવા DigiLocker દ્વારા પણ રજિસ્ટ્રેશન કરી શકશે.
- જે વિદ્યાર્થીઓ પાસે ઈન્ટરનેટ, ઈ-મેઈલ આઈ-ડી તથા મોબાઈલ નંબરની સુવિધા નથી તેવા વિદ્યાર્થીઓનું શિક્ષક પોતાના લોગઈનથી રજિસ્ટ્રેશન કરી શકશે અથવા DigiLocker દ્વારા પણ રજિસ્ટ્રેશન કરી શકશે.
- શિક્ષક પોતાના મોબાઈલ નંબર અથવા ઈમેલ આઈડી દ્વારા OTP મેળવી પોતાનું રજિસ્ટ્રેશન કરી શકશે અથવા DigiLocker દ્વારા પણ રજિસ્ટ્રેશન કરી શકશે.
- વાલી (Parent) પોતાના મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈડી દ્વારા OTP મેળવી પોતાનું રજિસ્ટ્રેશન કરી શકશે અથવા DigiLocker દ્વારા પણ રજિસ્ટ્રેશન કરી શકશે.
- જેમાં સ્ટાર (*) કરેલ દરેક વિગત ફરજિયાત ભરવાની રહેશે.
- વિગતો ભર્યા બાદ ઍક્ટિવીટીમાં પાંચ (5) MCQ પ્રશ્નના જવાબ આપવાના રહેશે અને ત્યારબાદ ‘Question to PM’માં આપનો પ્રશ્ન (મહત્તમ 500 અક્ષર) લખીને સબમિટ કરવાનું રહેશે.
- આ કાર્યક્રમના પ્રચાર-પ્રસાર માટે શાળાઓએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ્સ અને #PPC2026 ટેગનો ઉપયોગ કરવો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ તથા શાળા પોતાના પોસ્ટર/ક્રિએટીવ વિડીયો વગેરે બનાવી શકે છે અને તે મુજબ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી શકે છે. આમાંથી પસંદ કરેલ ક્રિએટિવ વિડીયોઝને MyGov પ્લેટફોર્મ પર પણ પ્રદર્શિત કરવામાં આવશે.

“જો તમારી અંદર કરૂણા અને દયાનો છાંટો નથી તો તમારું જીવન વ્યર્થ છે.” – **ગૌતમ બુદ્ધ**

# ‘પરીક્ષા પે ચર્ચા’ : એક નૂતન દૃષ્ટિકોણની આશાનું અમૃતપર્વ

• રસિક વાળંદ (‘નિર્ઝર’) •

**પૂર્વભૂમિકા : શિક્ષણની સંસ્કૃતિ અને પરીક્ષાનો ભાર**

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણને સદાચાર, જ્ઞાન અને મુક્તિનું સાધન માનવામાં આવ્યું છે. વિદ્યાને અમૃત સમાન ગણી છે, જે જીવનને સાર્થક બનાવે છે. આધુનિક સમયમાં સ્પર્ધાત્મક અને વૈશ્વિકીકરણના કારણે પરીક્ષાનું મહત્ત્વ વધી ગયું છે. પરીક્ષા જ્ઞાનના માપનનું એક સાધન છે, પરંતુ કેટલાક વિદ્યાર્થીઓ તેનાથી તણાવ, ભય અને માનસિક દબાણ અનુભવે છે.

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો ‘પરીક્ષા પે ચર્ચા’ કાર્યક્રમ માત્ર પ્રશ્નોત્તરીનો સંવાદ નથી પરંતુ તે ભારતીય યુવાનોના માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યને રાષ્ટ્રીય પ્રાથમિકતા આપતી એક નૂતન દૃષ્ટિનું પ્રતીક છે.

‘પરીક્ષા પે ચર્ચા’ પાછળનો દૃષ્ટિકોણ માત્ર નીતિનિર્ધારણ પૂરતો સીમિત નથી, પરંતુ તે ભારતીય યુવાશક્તિને યોગ્ય દિશા આપવાનો એક વિધાયક (Constructive) પ્રયાસ છે.

પરીક્ષા એ જીવનનું અંતિમ લક્ષ્ય નથી, પણ એક મહત્ત્વપૂર્ણ પડાવ માત્ર છે. યુવાનોએ માર્ક્સ કે ટકાના ખ્યાલથી દૂર રહી પોતાના લક્ષ્ય તરફ આગળ વધવું જોઈએ. જીવનમાં સફળતા માટે માત્ર સર્ટિફિકેટ્સ નહીં પણ ચારિત્ર્ય, કૌશલ્ય અને આત્મવિશ્વાસની જરૂર છે. આ દૃષ્ટિકોણ ભારતની પ્રાચીન ગુરુકુળ પરંપરાના ‘સર્વાંગી વિકાસ’ (Holistic Development)ના સિદ્ધાંતને આધુનિક સંદર્ભમાં જીવિત કરે છે.

પરીક્ષાને ભયના બદલે ઉત્સવ તરીકે ઉજવવી જોઈએ. જ્યારે વિદ્યાર્થીઓ પરીક્ષાને પોતાના જ્ઞાન અને ક્ષમતાઓને પ્રદર્શિત કરવાની તક માને છે ત્યારે તણાવ આપોઆપ ઓછો થઈ જાય છે. ‘પરીક્ષા પે ચર્ચા’ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને વર્તમાનમાં જીવવું (Living in the Present) અને તુલનાથી દૂર રહેવું (Avoid Comparison)-એ બે બાબત શીખવે છે, જે એક પ્રેરણાદાયક તત્ત્વજ્ઞાન છે.

આ કાર્યક્રમ જટિલ મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, જેમ કે ‘માતા-પિતાની અપેક્ષાઓનું દબાણ’ કે ‘નાપાસ થવાનો ડર’ને પણ સરળ દૃષ્ટાંતો દ્વારા સમજાવે છે. આ સહજતા યુવાનોને મુક્તપણે વાત કરવા પ્રોત્સાહિત કરે છે.

આ કાર્યક્રમ દ્વારા ભાવનાત્મક વાતો નહિ પરંતુ વ્યવહારુ ઉકેલો (practical solutions) પણ સમજાવે છે. ‘ટાઈમ મેનેજમેન્ટ’, ‘ધ્યાન કેન્દ્રિત કરવાની પદ્ધતિઓ’, ‘ડિજિટલ ફાસ્ટિંગ’ અને ‘અભ્યાસ સિવાયની પ્રવૃત્તિઓથી મનને ઑફ-લોડ કરવાની ટેક્નિક’ - આ બધા મુદ્દાઓ પર માર્ગદર્શન અપાય છે.

આ કાર્યક્રમ બાળકોને નકારાત્મકતાને પડકારવાની, નિષ્ફળતાને અવસર માનવાની અને પોતાના નિર્ધારિત સપનાંઓ જોવાની પ્રેરણા આપે છે.

**‘પરીક્ષા પે ચર્ચા’ કાર્યક્રમ યોજવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય : એક સામાજિક ક્રાંતિ**

‘પરીક્ષા પે ચર્ચા’નો ઉદ્દેશ્ય માત્ર એક શૈક્ષણિક માર્ગદર્શન કાર્યક્રમ પૂરતો સીમિત નથી, પરંતુ તે ભારતીય સમાજમાં શૈક્ષણિક અને માનસિક ક્રાંતિ લાવવાનો છે.

**(અ) તણાવમુક્ત રાષ્ટ્રનું નિર્માણ :**

સૌથી મોટો ઉદ્દેશ દેશના યુવાનોને માનસિક તણાવમાંથી મુક્ત કરવાનો છે. પરીક્ષાના અતિશય દબાણને કારણે વિદ્યાર્થીઓમાં જે હતાશા અને નિરાશા પેદા થાય છે, તેને દૂર કરીને તેમને સકારાત્મક અને સંતુલિત જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

**(બ) ત્રિ-સ્તરીય સંવાદનું નિર્માણ :**

આ કાર્યક્રમ વિદ્યાર્થી, વાલી અને શિક્ષક - આ ત્રણેય હિતધારકોને એક સાથે સંબોધિત કરે છે. આ એક બહુમૂલ્ય પગલું છે, કારણ કે પરીક્ષાનો ભાર માત્ર વિદ્યાર્થીઓ પર જ નહીં, પણ સમગ્ર પારિવારિક અને શૈક્ષણિક માળખા પર પડે છે.

- વિદ્યાર્થીઓનું સશક્તિકરણ (Empowerment)
- વાલીઓની સંવેદનશીલતા (Sensitisation)
- શિક્ષકોને માર્ગદર્શન (Guidance)

— આ ત્રણેય સ્તરે સંતુલન સધાય છે.

“ગુમાવેલું દ્રવ્ય કોઈ દિવસ પાછું મળવાને સંભવ હોય છે પણ ગુમાવેલો સમય કદી પણ પાછો આવતો નથી.”
— સર જ્હોન

**(ક) ગુણવત્તાયુક્ત શિક્ષણનું પુનઃમૂલ્યાંકન :**

આ કાર્યક્રમ ગુણવત્તાયુક્ત શિક્ષણને માત્ર માર્ક્સ મેળવવાથી અલગ પાડીને કૌશલ્ય, અનુભવ અને વ્યક્તિગત વિકાસ સાથે જોડે છે. આનાથી શિક્ષણનો હેતુ માત્ર ડિગ્રી મેળવવાનો નહીં, પણ સફળ અને ઉમદા નાગરિક બનવાનો પણ સ્થાપિત થાય છે.

**સમાજમાં સર્જાયેલાં રચનાત્મક વલણો :**

2018માં શરૂ થયેલા આ કાર્યક્રમની અસર હવે ભારતીય સમાજમાં રચનાત્મક વલણો સ્વરૂપે સ્પષ્ટપણે દેખાઈ રહી છે.

**(અ) વાલીત્વની બદલાયેલી પરિભાષા :**

સૌથી મોટો બદલાવ વાલીઓના વલણમાં આવ્યો છે. વાલીઓ હવે તેમનાં બાળકો પર પોતાની અપેક્ષાઓનો અસહ્ય બોજ નાખતા અટક્યા છે. હવે તેઓ બાળકોના અભ્યાસ સિવાયના શોખ અને રમતગમતને પણ ઉત્સાહપૂર્વક પ્રોત્સાહિત કરે છે. વાલીત્વનો દૃષ્ટિકોણ દબાણકર્તામાંથી સહાયક અને મિત્ર બનવા તરફ વળ્યો છે.

**(બ) શિક્ષણપ્રણાલીમાં સકારાત્મક પરિવર્તન :**

શિક્ષણજગતમાં પણ તણાવ ઘટાડવા માટેના નવા પ્રયાસો શરૂ થયા છે. શિક્ષકો હવે માત્ર અભ્યાસક્રમ પૂરો કરવાને બદલે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને વ્યક્તિગત સમસ્યાઓ પર વધુ ધ્યાન આપી રહ્યા છે. 'પરીક્ષા પે ચર્ચા' એ રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP-2020)ના અમલ માટે પણ એક સકારાત્મક માનસિક આધાર તૈયાર કર્યો છે, જ્યાં મૂલ્યાંકન હવે માત્ર યાદશક્તિ પર નહીં પણ કૌશલ્ય અને જ્ઞાનના વ્યવહારુ ઉપયોગ પર ભાર મૂકે છે.

**(ક) યુવા આત્મવિશ્વાસનું સિંચન :**

આ કાર્યક્રમ દ્વારા લાખો યુવાનોને રાષ્ટ્રીય મંચ પર પોતાનો અવાજ રજૂ કરવાની તક મળી છે. આનાથી યુવાનોમાં પોતે રાષ્ટ્રના ભાગીદાર છે અને તેમની સમસ્યાઓનું નિરાકરણ ટોચના સ્તરે પણ થઈ શકે છે, તેવો મજબૂત આત્મવિશ્વાસ પેદા થયો છે. આ પ્રયાસ ભારતની ભાવિ પેઢીને વધુ આત્મનિર્ભર અને સશક્ત બનાવશે.

**'પરીક્ષા પે ચર્ચા' – શૈક્ષણિક કેલેન્ડરનો મહત્ત્વપૂર્ણ અને અપેક્ષિત ભાગ :**

'પરીક્ષા પે ચર્ચા' એ હવે માત્ર એક કાર્યક્રમ નથી એક વાર્ષિક અનુષ્ઠાન જેવો બની ગયો છે. જે દર વર્ષે બોર્ડની પરીક્ષા પહેલાં યોજાય છે.

આ કાર્યક્રમે શૈક્ષણિક કેલેન્ડરમાં 'તણાવમુક્તિ સપ્તાહ' જેવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેની આતુરતાથી રાહ જુએ છે, કારણ કે તેમને ખબર છે કે આ મંચ પરથી માત્ર માર્ગદર્શન જ નહીં, પણ નવી ઊર્જા અને માનસિક શાંતિ પ્રાપ્ત થશે.

**આશા અને આત્મવિશ્વાસનું નવું પ્રભાત :**

'પરીક્ષા પે ચર્ચા' એ એક વિચારશીલ, સંવેદનશીલ અને ક્રાંતિકારી ઉપક્રમ છે. આ કાર્યક્રમે ભારતીય સમાજની સદીઓ જૂની પરીક્ષા અંગેની જડ માનસિકતાને પડકારી છે. આ એક એવું પર્વ છે જે યુવાનોને શીખવે છે કે હાર એ અંત નથી, પણ એક નવો પ્રારંભ છે. તેનો ઉદ્દેશ સ્પષ્ટ છે : ભારતનો યુવાન ડરપોક નહીં પણ નિર્ભય બને; માત્ર માર્ક્સ મેળવનાર નહીં, પણ મહાન આઈડિયાઝનું સર્જન કરનાર બને.

આમ 'પરીક્ષા પે ચર્ચા' એ માત્ર શિક્ષણનો સંવાદ નથી, પણ નવા ભારતની ભાવનાત્મક, માનસિક અને શૈક્ષણિક ક્રાંતિની પ્રેરણા છે, જે દર વર્ષે લાખો યુવાનોના જીવનમાં આશાનું નવું પ્રભાત લઈને આવે છે.

**સંપર્ક : શ્રીમતી એચ. જે. બારોટ માધ્યમિક શાળા, ભેરુંડા, તા. મોડાસા, જિ. અરવલ્લી**

**આગામી પરીક્ષાઓ પૂર્વે સોનેરી સલાહ**

- પરીક્ષાને ઉત્સવની જેમ ઉજવો.
- અભ્યાસ અને પુનરાવર્તન માટે નિયત સમયપત્રક મુજબ સમય ફાળવો.
- ભાષાનાં પ્રશ્નપત્રો માટે લખવાનો પૂરતો મહાવરો કરો.
- કોઈપણ મુશ્કેલી કે મૂંઝવણ સમયે માતા, પિતા, વાલી અને વિષયશિક્ષકનું માર્ગદર્શન મેળવો.
- હકારાત્મક અભિગમ અને વિચારો સાથે પોતાની જાત પર વિશ્વાસ રાખો. વધુ પડતો આત્મવિશ્વાસ ન રાખવો.
- નિરાશ થયા વિના મજબૂત મનોબળ કેળવીને નિર્ભય મને, સ્વસ્થ રહી હસતાં-હસતાં પરીક્ષા આપો.
- યાદ રાખો, પરીક્ષા જિંદગીથી વધારે મહત્ત્વની નથી.
- પરિણામમાં માત્ર ગુણ, રેન્ક કે ટકા ન જુઓ પણ તમારી મહેનત, આત્મવિશ્વાસ, આત્મશક્તિને કેન્દ્રમાં રાખો. લક્ષ્ય ઊંચું રાખો.
- ઈમાનદારી, બુદ્ધિપૂર્વકનો અને પદ્ધતિસરનો પુરુષાર્થ જરૂરી છે, જે સફળતા અપાવે.
- મોબાઈલમાં સોશિયલ મીડિયા અને ગેમ્સના વ્યસનને ટાળો. તણાવમુક્ત બની, ઘરનો સાદો, સાત્ત્વિક આહાર લો, પૂરતો આરામ પણ કરો. તંદુરસ્ત રહો.

**– સંકલન**

"પ્રતિભા ક્યારેય આકસ્મિક નથી હોતી; સંસ્કાર, તાલીમ અને કઠોર પરિશ્રમથી તે મળે છે."

**– રોહિત શાહ**

# બોર્ડની પરીક્ષામાં ઉત્તમ સફળતા મેળવવા કઈ બાબતો ધ્યાનમાં રાખવી ?

• ડૉ. કિરીટ જોષી •

કોઈપણ બાળક ધોરણ-10 કે 12 કે જેની પરીક્ષા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી હોય છે તે ધોરણમાં આવતા જ બાળક અને તેના માતા-પિતા કંઈક જુદું અનુભવતા હોય છે. કેટલાક માતા-પિતા તો પોતાના બાળકની આજુબાજુ ગોઠવાયેલા રહીને બોર્ડની પરીક્ષા છે માટે ''વાંચવા બેસી જા, ઊંઘ શાની આવી જાય છે, ખાવાનું ઓછું રાખ, રમવાનું બંધ કર''-જેવાં વાક્યો બોલી બોલીને સતત ટોર્ચરિંગ કર્યા કરે છે. પરિણામે આવા સંતાનોમાં માનસિક તણાવ ઊભો થતો હોય છે. તેનું પરિણામ, તેની ક્ષમતા તો ઠીક પરંતુ માતા-પિતાની અપેક્ષા મુજબ પરિણામ ન આવતાં બાળક ક્યારેક અજુગતું પગલું ભરી દે છે, જેનાથી આવા માતા-પિતાને, પરિવારને બાળકના નબળા પરિણામથી થનારા નુકસાન કરતાં અનેકગણું મોટું નુકસાન ભોગવવું પડતું હોય છે. આવું ન બને તે માટે બાળકની ક્ષમતા, રસ અને રુચિને સમજી તેને અનુરૂપ, તેના મિત્ર બનીને વિદ્યાર્થી સ્વયં પરીક્ષા અંતર્ગત પરીક્ષા પદ્ધતિની સમજ કેળવે, યોગ્ય આયોજન કરે, મહેનત કરવા લાગે, મળનાર સંભવિત પરિણામો વિશે વિચારી ભાવિ કારકિર્દી વિશે વિચારતો થાય તેવું સમયાંતરે, યોગ્ય સમયે માર્ગદર્શન આપતા રહેવું જોઈએ. મહેનત કરવા પ્રોત્સાહિત કરતા રહેવું જોઈએ.

આગામી ફેબ્રુઆરી-માર્ચ માસમાં ધોરણ-10 અને 12ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષા વિદ્યાર્થીના શૈક્ષણિક જીવનમાં એક મહત્ત્વપૂર્ણ પડાવ છે. આ પરીક્ષાનું પરિણામ વિદ્યાર્થીના ભવિષ્યના અભ્યાસ અને કારકિર્દીની દિશા નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતું હોય છે. તેથી વિદ્યાર્થીમિત્રો આવી રહેલ આ પરીક્ષા માટે યોગ્ય આયોજન, નિયમિત મહેનત અને આત્મવિશ્વાસ સાથે તૈયારી કરે તે ખૂબ જરૂરી છે. આવનારી બોર્ડની પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવવું હોય તો આપની પાસે રહેલ સમયને ધ્યાનમાં લઈને આપની ક્ષમતાને અનુરૂપ નીચેની બાબતોમાં કાળજી લઈ પદ્ધતિસરની મહેનત કરવા લાગો.

સમયનું યોગ્ય આયોજન કરો. સૌપ્રથમ દરેક વિષય માટે અલગ-અલગ સમય ફાળવીને અભ્યાસનું સમયપત્રક બનાવવું જોઈએ. દરેક વિષયનું સંતુલિત પુનરાવર્તન થઈ શકે તે માટે સમયપત્રક વાસ્તવિક અને અનુકૂળ હોવું જરૂરી છે. પાઠ્યપુસ્તકને મહત્ત્વ આપવું જોઈએ. બોર્ડની પરીક્ષામાં મોટાભાગના પ્રશ્નો પાઠ્યપુસ્તક પર આધારિત હોય છે. તેથી પાઠ્યપુસ્તકનું વાંચન, સમજણ અને પુનરાવર્તન ખૂબ જ આવશ્યક છે. સમજપૂર્વક અભ્યાસ કરતા રહેવું. ગોખીને તૈયારી કરવાને બદલે વિષયને સમજવાની ટેવ વિકસાવવી જોઈએ. ચિત્રો, ચાર્ટ, ટેબલ અને ઉદાહરણો દ્વારા વિષયને સરળ બનાવીને વિગતો યાદ રાખવી. શીખેલું ભૂલાઈ ન જાય તે માટે નિયમિત રિવિઝન ખૂબ જ જરૂરી છે. અઠવાડિયામાં ઓછામાં ઓછું એક વખત બધા વિષયોનું પુનરાવર્તન કરવું જોઈએ. અગાઉનાં વર્ષોનાં પ્રશ્નપત્રોનો અભ્યાસ કરતા રહો. પાછલા ચારેક વર્ષોનાં પ્રશ્નપત્રો ઉકેલવાથી પ્રશ્નોની પદ્ધતિ, માર્કિંગ સ્કીમ અને સમય વ્યવસ્થાપન સમજવામાં મદદ મળે છે. આરોગ્ય અને મનોબળની યોગ્ય કાળજી લેવી જોઈએ. સારા અભ્યાસ માટે શારીરિક અને માનસિક સ્વસ્થતા જરૂરી છે. પૂરતી ઊંઘ, સંતુલિત આહાર અને થોડી કસરત મનને તાજું રાખે છે. માનસિક તણાવ ઊભો ન થાય તેની કાળજી રાખવી જોઈએ. મોબાઈલ અને સોશિયલ મીડિયાથી અંતર જાળવવું જરૂરી હોવાનો સ્વીકાર કરીને તેને અનુસરો. આ સમય તમારું ભવિષ્ય ઘડવા માટેનો સમય છે. જેથી અભ્યાસ દરમિયાન મોબાઈલ, સોશિયલ મીડિયા અને અનાવશ્યક વિક્ષેપોથી દૂર રહેવું જોઈએ. આત્મવિશ્વાસ અને સકારાત્મક વિચારધારાથી મહેનત કરતા રહેવું જોઈએ. પોતાના પર વિશ્વાસ રાખવો ખૂબ મહત્ત્વનો છે. ભય કે તણાવ રાખવાને બદલે સકારાત્મક વિચારો સાથે તૈયારી કરવી જોઈએ. 'હું કરી શકું છું' એ ભાવના સફળતાનો આધાર છે.

**મિત્રો,** સફળતા નિયમિત મહેનત, અનુશાસન અને આત્મવિશ્વાસથી પ્રાપ્ત થાય છે. બોર્ડની પરીક્ષા એ તમારા જીવનની સોનેરી તક છે. યોગ્ય આયોજન અને સમર્પણ સાથે મહેનત કરશો તો નિશ્ચિત જ ઉત્તમ પરિણામ પ્રાપ્ત થશે. માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર

''એક નબળા વિચારનું બી વિકસિત થઈ વટવૃક્ષ બને છે અને અણુબોંબથી ય વધુ ખતરનાક સાબિત થાય છે.''
— **'અનામી'**

પરીક્ષા વિદ્યાર્થીના જીવનમાં એક મહત્ત્વપૂર્ણ તબક્કો છે. આ પરીક્ષા માત્ર શિક્ષણનું મૂલ્યાંકન જ નહીં પરંતુ ભવિષ્યના અભ્યાસ માટે પણ પાયો તૈયાર કરે છે. પરીક્ષાની સારી તૈયારી સાથે પરીક્ષા દરમિયાન યોગ્ય સમજદારી અને આત્મસંયમ રાખવો અત્યંત જરૂરી છે.

- **માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર પરીક્ષા દરમિયાન નીચે દર્શાવેલી કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.**

પરીક્ષાકેન્દ્ર પર સમય કરતાં થોડા વહેલા પહોંચવું જોઈએ. પરીક્ષાર્થીઓ માટેની બેઠક વ્યવસ્થા જોઈને તમારી બેઠક પર ગોઠવાઈ જવું અને મન શાંત રાખવા માટે સમયસર પહોંચવું લાભદાયી છે. હૉલ ટિકિટ, ઓળખપત્ર, પેન, પેન્સિલ, રબર વગેરે પરીક્ષામાં જરૂરી સામગ્રી સાથે રાખવી પરંતુ અનાવશ્યક વસ્તુઓ પરીક્ષા હૉલમાં લઈ જવી નહીં. પ્રશ્નપત્ર મળ્યા પછી સૌપ્રથમ તમામ પ્રશ્નો શાંતિપૂર્વક વાંચવા. દરેક પ્રશ્નના ગુણ, વિકલ્પ અને સૂચનાઓ સમજવી ખૂબ જ જરૂરી છે. સમયનું યોગ્ય આયોજન અને વિતરણ કરવું મહત્ત્વનું છે. કોઈ એક પ્રશ્નમાં વધારે સમય ન બગાડવો. તમામ પ્રશ્નો પૂરા થાય તેવું આયોજન રાખવું. ઉત્તરપત્રમાં સ્વચ્છ, સ્પષ્ટ અને વાંચી શકાય એવું લખાણ હોવું જોઈએ. મુદ્દાસર અને યોગ્ય ભાષામાં ઉત્તર લખવાથી ગુણ વધવાની શક્યતા રહે છે. આત્મવિશ્વાસ વધારવા માટે સૌપ્રથમ સરળ પ્રશ્નોના ઉત્તર લખવા. ન સમજાતા કે અઘરા લાગતા પ્રશ્નો પાછળથી લખવાનું રાખવું જેથી મન પર તણાવ ન રહે. પ્રશ્નના ગુણને ધ્યાનમાં લઈને જેવો પ્રશ્ન પૂછવામાં આવ્યો હોય તે મુજબ જ જવાબ આપવો. અનાવશ્યક વિગતો લખવાથી સમય બગડે છે. બીજામાં જોઈને નકલ કરવી, ચોરી કરીને લખવું, બીજાને લખાવવું કે અન્ય અયોગ્ય પ્રવૃત્તિઓથી સંપૂર્ણ દૂર રહેવું. આવી પ્રવૃત્તિઓથી ભવિષ્ય જોખમમાં પડી શકે છે. જવાબ પૂર્ણ થયા પછી લખાયેલા ઉત્તરો છેલ્લી પાંચથી દસ મિનિટના સમયમાં પુનઃ ચકાસણી કરવી. ભૂલ રહેલ હોય તો સુધારવી, પ્રશ્નનંબર યોગ્ય છે કે નહીં તેની ચકાસણી કરી લેવી. પરીક્ષા દરમિયાન ગભરાવું નહીં. પોતાનામાં વિશ્વાસ રાખીને સકારાત્મક વિચારો સાથે પરીક્ષા આપવી, જે સફળતાની ચાવી છે.

**મિત્રો,** બોર્ડની જાહેર પરીક્ષા દરમિયાન યોગ્ય તૈયારી કરવાની સાથે સાથે સમયવ્યવસ્થા, આત્મવિશ્વાસ અને સંયમ જરૂરી છે. ઉપરોકત બાબતો ધ્યાનમાં રાખવાથી પરીક્ષા સરળ બનશે અને ઉત્તમ પરિણામ મેળવવામાં જરૂરથી સફળ થશો જ. લાંબા સમયની મહેનત બાદ માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર પરીક્ષા પૂર્ણ થતાં તેમનાં જીવનનો મહત્ત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થાય છે. વિદ્યાર્થીઓને રાહતનો અનુભવ થાય છે, પરંતુ આ સમયગાળો ભવિષ્ય માટે યોગ્ય દિશા નક્કી કરવાનો પણ હોય છે.

- **પરીક્ષા પછી પણ નીચેની મહત્ત્વપૂર્ણ બાબતો ધ્યાનમાં લેવી આવશ્યક છે.**

પરીક્ષા પૂર્ણ થયા પછી થોડો સમય આરામ કરવો જોઈએ. મનને શાંત રાખવું, પૂરતી ઊંઘ લેવી તથા તણાવમાંથી બહાર આવવાનો પ્રયાસ કરવો જરૂરી છે. પરિણામ આવે ત્યાં સુધી અનાવશ્યક ગભરાટ કે તણાવ ન રાખવો. પોતાની મહેનત પર વિશ્વાસ રાખવો અને પરિણામ જે પણ આવે તેને સ્વીકારવાની માનસિક તૈયારી રાખવી. મિત્રો સાથે જવાબોની સરખામણી કરવાથી અયોગ્ય તણાવ ઊભો થાય છે. તેથી પરીક્ષા પૂરી થયા પછી પ્રશ્નો તથા જવાબોની ચર્ચાથી દૂર રહેવું યોગ્ય છે. પરીક્ષાના પરિણામની રાહ જોતા જ ભવિષ્યના અભ્યાસની માહિતી એકત્રિત કરવી. ધોરણ-11ના વિવિધ પ્રવાહો વિજ્ઞાન, વાણિજ્ય, કલા તથા અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમો અંગે માર્ગદર્શન મેળવવું. પોતાની રુચિ, ક્ષમતા અને લક્ષ્ય અનુસાર કારકિર્દી પસંદ કરવા માટે નિષ્ણાતોની સલાહ લેવી. યોગ્ય કારકિર્દી માર્ગદર્શન આપનું ભવિષ્ય ઘડવામાં મદદરૂપ બને છે. વિચારશીલ અને ઉપયોગી પ્રવૃત્તિઓ જેવા કે પુસ્તક વાંચન, શોખ વિકાસ, રમતગમત, યુવા કાર્યક્રમો વગેરેમાં જોડાવવાથી વ્યક્તિત્વ વિકાસ થાય છે.

ભવિષ્ય અંગેના વિચારો અને શંકાઓ માતા-પિતા તથા શિક્ષકો સાથે ખુલ્લા મનથી ચર્ચવા. તેમનો અનુભવ યોગ્ય માર્ગદર્શક બને છે. સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ અને સકારાત્મક વિચારોથી સ્વસ્થ જીવનશૈલી વિકસાવવી. સ્વસ્થ શરીર અને મનથી જ ઉજ્જવળ ભવિષ્ય રચી શકાય છે.

બોર્ડની જાહેર પરીક્ષા પછીનો સમય માત્ર આરામ માટે જ નહીં, પરંતુ ભવિષ્યના આયોજન માટે અત્યંત મહત્ત્વનો સમય છે. યોગ્ય વિચારસરણી, યોગ્ય માર્ગદર્શન અને સકારાત્મક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થી સફળ અને ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધી શકે છે.

**સંપર્ક : કૅમ્પસ્ ડાયરેક્ટર,**
**એમ.આર. ઍજ્યુકેશનલ કૅમ્પસ્, થલતેજ.**

"વીરતા મનુષ્ય માટે સિદ્ધિવિનાયક શક્તિ છે અને ધીરતા કે ધૈર્ય મનુષ્ય માટે સિદ્ધિવિધાયક શક્તિ છે."
**– 'અજ્ઞાત'**

# જાન્યુઆરી માસના વિશેષ દિવસો : શિક્ષણમાં મૂલ્યવર્ધન

• ગજેન્દ્રકુમાર જોશી •

**પ્રસ્તાવના :**

શિક્ષણનો હેતુ માત્ર પાઠ્યપુસ્તક આધારિત જ્ઞાન આપવાનો નથી, પરંતુ વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વનું સર્વાંગી ઘડતર કરવાનો છે. શાળાની જવાબદારી ફક્ત પરીક્ષાના પરિણામ સુધી સીમિત નથી; શાળા તો સંવેદનશીલ, જવાબદાર, નૈતિક અને રાષ્ટ્રભાવનાથી ભરપૂર નાગરિક ઘડવાનું પવિત્ર કાર્ય કરનારી મહત્ત્વની સંસ્થા છે.

આ ઉદ્દેશને સાકાર કરવા શાળાકક્ષાએ યોજાતી વિવિધ સહપાઠ્ય અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વિશેષ દિવસોની ઉજવણી એક અસરકારક અને શક્તિશાળી માધ્યમ છે. રાષ્ટ્રીય, સામાજિક, સાંસ્કૃતિક અને વૈશ્વિક મહત્ત્વ ધરાવતા દિવસોની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓ પાઠ્યક્રમથી આગળ વધીને જીવન સંબંધિત મૂલ્યો શીખે છે. આ ઉજવણીઓ શિક્ષણને જ્ઞાન અને માહિતીથી આગળ વધારી અનુભવ આધારિત શિક્ષણમાં રૂપાંતરિત કરે છે. વિશેષ દિવસોની ઉજવણી વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, માનવતા, સમાનતા, સહકાર, શિસ્ત, કર્તવ્યબોધ અને સામાજિક જવાબદારી જેવાં મૂલ્યો સ્વાભાવિક રીતે વિકસાવે છે. સાથે-સાથે સર્જનાત્મક અભિવ્યક્તિ, ટીમવર્ક, નેતૃત્વ, સંવાદકૌશલ્ય અને સામાજિક સહઅસ્તિત્વ જેવી જીવનદક્ષતાઓનું સંવર્ધન કરે છે. આમ, વિશેષ દિવસોની ઉજવણીથી શાળા મૂલ્યશિક્ષણની જીવંત પ્રયોગશાળા બને છે. ટૂંકમાં, શાળામાં વિશેષ દિવસોની ઉજવણી : એક શૈક્ષણિક આવશ્યકતા છે.

**જાન્યુઆરી માસમાં શૈક્ષણિક મૂલ્યવર્ધન :**

વર્ષ 2025 પૂર્ણ થઈ રહ્યું છે અને ઈ.સ. 2026નો આરંભ થવા જઈ રહ્યો છે. વર્ષનો પ્રથમ મહિનો જાન્યુઆરી શૈક્ષણિક દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ ધરાવે છે, કારણ કે તેમાં અનેક એવા દિવસો આવે છે જે વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતર, નાગરિકબોધ અને રાષ્ટ્રભાવનાને મજબૂત બનાવે છે. ચાલો, આપણે આ દિવસોનો આયોજનબદ્ધ અને સર્જનાત્મક રીતે શૈક્ષણિક ઉપયોગ કરીએ અને શાળાનું વાતાવરણ મૂલ્યશિક્ષણથી પ્રેરિત બનાવીએ.

અહીં જાન્યુઆરી માસના મહત્ત્વના વિશેષ દિવસો અને શાળા કક્ષાએ ઉજવણીની કેટલીક પ્રવૃત્તિઓનો નિર્દેશ કર્યો છે.

**(1) પહેલી જાન્યુઆરી – નૂતન વર્ષ દિન**

નવા વર્ષનો પહેલો દિવસ નવી શરૂઆત, નવા સંકલ્પ અને આત્મમૂલ્યાંકનનો સંદેશ આપે છે. આ દિવસે વિદ્યાર્થીઓમાં શિસ્ત, સમયબદ્ધતા, સ્વનિયંત્રણ અને જીવનલક્ષી આયોજનની ભાવના વિકસાવી શકાય છે.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- 'મારો નવો સંકલ્પ' વિષય પર ટૂંકું લેખન કરાવી શકાય અને પોસ્ટર બનાવવાની પ્રવૃત્તિ પણ થઈ શકે.
- અભ્યાસ, આરોગ્ય, વ્યવહાર અને નૈતિક જીવન અંગે વ્યક્તિગત લક્ષ્યાંકો નક્કી કરાવાય તો સારું.
- 'ગત વર્ષે મેં લીધેલો સંકલ્પ અને તેમાં મળેલી સફળતા' વિષય પર ચર્ચા ગોઠવી શકાય.

**(2) ચોથી જાન્યુઆરી – વર્લ્ડ બ્રેઈલ ડે**

લૂઈ બ્રેઈલના જન્મદિન નિમિત્તે ઉજવાતો આ દિવસ પ્રજ્ઞાચક્ષુઓના અધિકાર, ગૌરવ અને સમાનતાની સમજ વિકસાવે છે.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- બ્રેઈલ લિપિનાં મૂળ તત્ત્વો અને ડોટ પેટર્નનું પ્રદર્શન યોજી શકાય.
- દૃષ્ટિબાધિતો માટેની ટેક્નોલૉજી - જેવી કે, ટોકિંગ બૂક, સ્ક્રીન રીડર વગેરે અંગે જાણકારી આપી શકાય.
- 'સમાનતા અને સહાનુભૂતિ' વિષય પર ચર્ચા દ્વારા માનવઅધિકારની સમજ વિકસાવી શકાય.

> "જે કામ હાથમાં લો તેમાં પૂરેપૂરા ડૂબી જાઓ અને ધાર્યું પરિણામ મેળવવા તન-મનથી તલ્લીન બનો એ જ ખરી એકાગ્રતા."
> **– ડૉ. ચંદ્રકાન્ત મહેતા**

### (3) બારમી જાન્યુઆરી – રાષ્ટ્રીય યુવા દિન (સ્વામી વિવેકાનંદ જન્મદિન)

આ દિવસ યુવાનોમાં આત્મવિશ્વાસ, કર્તવ્યનિષ્ઠા, સંસ્કાર, નૈતિકતા અને રાષ્ટ્રનિર્માણની ભાવના જગાડે છે.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડ્યા રહો' સૂત્ર પર ચર્ચા.
- સ્વામી વિવેકાનંદનાં જીવન-કવનમાંથી મૂલ્યવર્ધક પ્રસંગોનું વાંચન.
- 'આદર્શ યુવા કોણ ?' વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન.

### (4) પંદરમી જાન્યુઆરી – ભારતીય સેના દિન

દેશની સુરક્ષા માટે સેનાના ત્યાગ અને શૌર્યને નમન કરવાનો આ દિવસ વિદ્યાર્થીઓમાં દેશભક્તિ, શિસ્ત અને જવાબદારીની ભાવના જગાડે છે.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- સેનાના વિવિધ વિભાગો આર્મી, નેવી અને એરફોર્સનો પરિચય આપી શકાય.
- શહીદોને સમર્પિત શાંતિપ્રાર્થના યોજી શકાય.
- 'રાષ્ટ્રની સુરક્ષા – મારી ફરજ' વિષય પર નિબંધ લેખનનું આયોજન થઈ શકે.

### (5) ત્રેવીસમી જાન્યુઆરી – સુભાષચંદ્ર બોઝ જયંતી

આઝાદીના અનોખા શૂરવીરનું સ્મરણ કરવાનો દિવસ છે. નેતાજીના જીવન દ્વારા વિદ્યાર્થીઓમાં શૂરવીરતા, અડગતા અને નેતૃત્વના ગુણો વિકસાવી શકાય.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- 'તમે મને લોહી આપો, હું તમને આઝાદી આપીશ' સૂત્રની ચર્ચા ગોઠવવી.
- આઝાદીસંગ્રામમાં નેતાજીની ભૂમિકા પર પ્રસ્તુતિ.
- નેતાજીના જીવન-કવનના પ્રેરક પ્રસંગો પર વાર્તાલાપ.

### (6) ચોવીસમી જાન્યુઆરી – રાષ્ટ્રીય બાલિકા દિન

દીકરીઓના શિક્ષણ, પોષણ, સુરક્ષા અને સમાન અધિકારો અંગે જાગૃતિ લાવવાનો દિવસ છે.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- પ્રતિભાશાળી વિદ્યાર્થિનીઓનું સન્માન.
- જાતિ-સંવેદના, સમાનતા અને બાળ હિતના મુદ્દાઓ પર ચર્ચા, જે દ્વારા સ્ત્રીસમાનતા અને સશક્તિકરણનો સંદેશો આપી શકાય.

### (7) છવ્વીસમી જાન્યુઆરી – પ્રજાસત્તાક દિન

ઈ.સ. 1950થી અમલમાં આવેલા ભારતીય બંધારણની ઉજવણીનો દિવસ છે. બંધારણીય મૂલ્યો, લોકશાહી, ન્યાય, સ્વાતંત્ર્ય, સમાનતા, બંધુતા અને કર્તવ્યનું સ્મરણ કરાવતો મહાન દિવસ.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમો, રમતગમત સ્પર્ધાઓ.
- બંધારણનાં મૂળ મૂલ્યો પર પ્રદર્શન.
- નાગરિક કર્તવ્ય વિષયક પ્રવૃત્તિઓ.

### (8) ત્રીસમી જાન્યુઆરી – શહીદ દિન

મહાત્મા ગાંધીના બલિદાન દિને અહિંસા, ક્ષમા, સત્ય અને માનવસેવાનાં મૂલ્યોની સમજ આપવાનો દિવસ છે.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- બે મિનિટનું મૌન.
- 'અહિંસાની આજના યુગમાં પ્રસ્તુતતા' પર ચર્ચા.

**ઉપસંહાર :**

જાન્યુઆરીના વિશેષ દિવસો કેલેન્ડરની ચોક્કસ તારીખો જ નહીં, પરંતુ મૂલ્યશિક્ષણની સંવેદનશીલ કેડીઓ છે. જો આ દિવસોને આયોજનબદ્ધ, અર્થસભર અને પ્રેરણાત્મક પ્રવૃત્તિઓથી જીવંત બનાવી શકાય તો વિદ્યાર્થીઓમાં જ્ઞાન સાથે જીવનદક્ષતા, નૈતિકતા અને રાષ્ટ્રભાવના સ્વાભાવિક રીતે વિકસે અને એ જ આ વિશેષ દિવસોની સાચી સિદ્ધિ છે.

સંપર્ક : 69, શાશ્વત પ્રાઈડ, સેલિબ્રેશન પાર્ટી પ્લોટ સામે, આબુ હાઈવે, પાલનપુર, જિ. બનાસકાંઠા

"તમે કેટલું ભેગું કર્યું એ મહત્ત્વનું નથી પરંતુ તમે તમારા કાર્યક્ષેત્રે સારા કામ માટે કેટલાને ભેગા કરી શક્યા એ જ મહત્ત્વનું છે."

**– ભવેન કચ્છી**

# શિક્ષણમાં A.I.નું સામર્થ્ય

• બકુલભાઈ ધામેલીયા •

**પ્રસ્તાવના :**

આજના યુગમાં ટૅક્નોલૉજી જીવનના દરેક ક્ષેત્રમાં પ્રવેશી ગઈ છે. કૃત્રિમ બુદ્ધિમતા A.I. - જેને અંગ્રેજીમાં 'Artificial Intelligence' (A.I.) કહેવાય છે, A.I. એ માનવબુદ્ધિનું યાંત્રિક સ્વરૂપ છે. આ એવી સિસ્ટમ કે જે વિચાર, નિર્ણય અને શીખવાની ક્ષમતા ધરાવે છે, તેને આપણે 'કૃત્રિમ બુદ્ધિમતા' કહીએ છીએ.

શિક્ષણક્ષેત્ર પણ ટૅક્નોલૉજીના આ વલણથી અવિરત જોડાયેલ છે. શિક્ષક, વિદ્યાર્થી, શાળા અને શૈક્ષણિક તંત્ર- બધે A.I. નવી દિશાઓ આપી રહ્યું છે. 21મી સદીમાં શિક્ષણનો ઉદ્દેશ માત્ર માહિતી આપવી એવો નથી, પરંતુ વિચારશક્તિ, સર્જનાત્મકતા અને વ્યક્તિગત વિકાસ કરાવવો એ છે. અખબારી અહેવાલ મુજબ શિક્ષણ મંત્રાલયે ભારતમાં વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવા તમામ શાળાઓમાં ધોરણ ત્રીજાથી બારમા સુધી તબક્કાવાર A.I. અને C.T.નો અભ્યાસક્રમ તૈયાર કરાશે એવું કહ્યું છે.

**શિક્ષણમાં મહત્ત્વ :**

A.I. એવી ટૅક્નોલૉજી છે જે ડેટા પરથી શીખીને નિર્ણય લેવો, નવું શીખવું અને માનવ જેવી વિચારપ્રક્રિયા ચલાવવાનું શિખવે છે. શિક્ષણમાં તેનો અર્થ થાય છે કે કમ્પ્યૂટર અથવા સિસ્ટમ વિદ્યાર્થીના શૈક્ષણિક ધોરણ, રસ, પ્રગતિ અને મુશ્કેલીઓ સમજીને માર્ગદર્શન આપે.

**ઉદાહરણ તરીકે –** જો કોઈ વિદ્યાર્થી ગણિતમાં નબળો હોય તો A.I. આધારિત ઍપ્લિકેશન તેને ખાસ પ્રૅક્ટિસના દાખલાઓ આપશે. સમજૂતી આપશે. ઉદાહરણ દ્વારા સમજાવશે.

જો વિદ્યાર્થી વાંચન ગતિમાં ધીમો હોય તો A.I. ટેક્સ્ટ વાંચીને સમજાવવામાં મદદરૂપ થશે. આ રીતે, શિક્ષણ વધુ વ્યક્તિગત, અનુકૂળ અને સંવાદાત્મક બને છે.

**શિક્ષકો માટે A.I.ના લાભો :**

શિક્ષક એ શિક્ષણ પ્રક્રિયાનો મુખ્ય આધાર છે. A.I. શિક્ષકોને બદલી શકતું નથી, પરંતુ તેમને વધુ સક્ષમ બનાવે છે.

**(i) શિક્ષણ આયોજનમાં સહાય :**

A.I. આધારિત સિસ્ટમ ક્લાસરૂમ ડેટાને વિશ્લેષણ કરીને બતાવે છે કે કયા વિષયમાં વિદ્યાર્થીઓને વધુ મુશ્કેલી આવે છે. શિક્ષક તેના આધારે પાઠ્યક્રમ બદલી શકે છે.

**(ii) મૂલ્યાંકન અને પરીક્ષા :**

A.I. દ્વારા સ્વચાલિત મૂલ્યાંકન શક્ય બને છે. ખાસ કરીને ક્વિઝ અને લેખન ચકાસણીમાં સમય બચી શકે છે.

**(iii) શિક્ષણસામગ્રી તૈયાર કરવી :**

A.I. ટૂલ્સ શિક્ષકોને પ્રેઝન્ટેશન, ક્વિઝ, અસાઈન્મેન્ટ, વિઝ્યુઅલ ગ્રાફ્સ વગેરે બનાવવામાં મદદ કરે છે.

**(iv) વિદ્યાર્થી વિશ્લેષણ :**

વિદ્યાર્થીના શૈક્ષણિક પ્રગતિના ડેટાથી A.I. સૂચવે છે કે કયા વિદ્યાર્થીઓ પાછળ રહી ગયા છે અને કયા વિદ્યાર્થીઓ આગળ વધી રહ્યા છે.

**વિદ્યાર્થીઓ માટે A.I.ના લાભો :**

A.I. શિક્ષણને વિદ્યાર્થી-કેન્દ્રિત બનાવે છે.

**(a) વ્યક્તિગત શિક્ષણ :**

A.I. દરેક વિદ્યાર્થીની જરૂરિયાત મુજબ અભ્યાસક્રમ એડજસ્ટ કરે છે. જેથી વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા મુજબ અભ્યાસક્રમ શીખી શકે છે.

**(b) 24 કલાક ઉપલબ્ધ સહાય :**

A.I. આધારિત ચેટબોટ્સ અને વર્ચ્યુઅલ ટ્યુટર્સ વિદ્યાર્થીઓને કોઈપણ સમયે પ્રશ્ન પૂછવાની અને સમજૂતી મેળવવાની તક આપે છે.

**(c) ગેમિફિકેશન અને ઈન્ટર ઍક્ટિવ શિક્ષણ :**

A.I. ગેમિંગ પદ્ધતિ દ્વારા શિક્ષણને રસપ્રદ બનાવે છે. દા.ત., બાળકો ગણિત રમતો દ્વારા શીખી શકે છે.

**(d) બોલી અને ભાષાશિક્ષણ :**

અવાજ અને વાણીની ઓળખ દ્વારા બોલી સમજીને તેને લખાણમાં રૂપાંતરિત કરવાની ક્ષમતા આપે છે.

"પ્રત્યેક પ્રકારની ઉન્નતિનો આધાર પ્રત્યેક વ્યક્તિની પોતાની આવકથી અધિક ઊંચે રહેવાની આંતરિક આકાંક્ષા પર છે."
**– સેમ્યુઅલ બટલર**

અવાજને લખાણમાં ફેરવી શકે છે અને લખાણનો અર્થ સમજે છે અને પ્રતિસાદ આપે છે.

(e) **શૈક્ષણિક સમાનતા :**

જે વિદ્યાર્થીઓ શારીરિક અથવા માનસિક રીતે અક્ષમ હોય, તેમના માટે A.I. આધારિત સાધનો શિક્ષણને વધુ સમાન બનાવે છે.

(f) **શિક્ષણ વ્યવસ્થાપનમાં A.I.નો ઉપયોગ :**

(1) **પ્રવેશપ્રક્રિયા :** A.I. ઉમેદવારના પ્રોફાઈલ અને પરિણામોનું વિશ્લેષણ કરીને યોગ્ય કોર્સની ભલામણ કરી શકે છે.

(2) **અધ્યાપન સમયપત્રક :** A.I. શાળાના સમયપત્રકને સ્વચાલિત રીતે તૈયાર કરી શકે છે જેથી શિક્ષકો અને વર્ગખંડના ઉપયોગનો તાલમેલ જળવાઈ રહે.

(3) **વિદ્યાર્થી હાજરી અને પ્રગતિ ટ્રેકિંગ :** ફેસ રેકગ્નિશન વડે હાજરી લેવામાં અને ડેટા-એનાલિસિસ વડે પ્રગતિ જોવામાં મદદ મળે છે.

(4) **શૈક્ષણિક નીતિનિર્માણ :** મોટા ડેટા પરથી મળેલ રિપોર્ટના આધારે નીતિનિર્માતાઓ શિક્ષણની ગુણવત્તા સુધારી શકે છે.

(5) **ગ્રામ્ય અને વંચિત વિસ્તારોમાં A.I.નો ઉપયોગ :** ભારત જેવા દેશમાં જ્યાં શિક્ષકનો અભાવ હોય ત્યાં A.I. દ્વારા ગ્રામ્યવિસ્તારોમાં શિક્ષણ પહોંચાડવામાં આવી શકે છે.

ઑફલાઈન A.I. એપ્સ વડે ઈન્ટરનેટ વિના શિક્ષણ શક્ય બને છે.

વર્ચ્યુઅલ શિક્ષક સિસ્ટમ બાળકોને ઘરેથી જ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકે છે. સ્થાનિક ભાષામાં A.I. આધારિત કન્ટેન્ટ વિદ્યાર્થીઓને સરળતાથી સમજાય તે રીતે રજૂ કરી શકે છે.

(6) A.I. વડે ભવિષ્યના શિક્ષણના નવા માળખા : A.I. સાથે શિક્ષણ ધીમે ધીમે ‘Smart Education Ecosystem’ બનતું જાય છે. A.I. આધારિત ઈન્ટર ઍક્ટિવ બોર્ડ, સૅન્સર્સ અને ડિજિટલ ટૂલ્સ વડે શિક્ષણ વધુ જીવંત બને છે. દરેક વિદ્યાર્થીના ડેટાથી શિક્ષણની ગુણવત્તા માપી શકાય છે. વિદ્યાર્થીની રુચિ અને કુશળતા મુજબ A.I. કારકિર્દી સૂચવે છે.

**પડકારો અને જોખમો :**

વિદ્યાર્થીઓના વ્યક્તિગત ડેટા A.I. સિસ્ટમમાં સંગ્રહ થાય છે. તે હેકિંગ અથવા દુરુપયોગ થવાનો ભય રહે છે. A.I. શિક્ષણમાં ભાવનાત્મક અને સામાજિક સ્પર્શનો અભાવ રહી શકે છે. તેમાં માનવીય શિક્ષકની સહાનુભૂતિ, લાગણી તેમજ માર્ગદર્શનનો અભાવ જોવા મળે છે. શહેર અને ગ્રામ્ય લેવલ વચ્ચે ઈન્ટરનેટ અને સાધનોની અસમાનતા A.I. શિક્ષણ માટે અવરોધ બને છે. ભવિષ્યમાં શિક્ષણ ભૌગોલિક સીમાઓને પાર કરશે. પરીક્ષા સતત મૂલ્યાંકન આધારિત રહેશે.

**ઉપસંહાર :**

શિક્ષણ કોઈપણ રાષ્ટ્રના વિકાસનું ધ્રુવતારા સમાન ક્ષેત્ર છે. કૃત્રિમ બુદ્ધિમતા આ ક્ષેત્રમાં એક ક્રાંતિ લાવી રહી છે – જે શિક્ષકને વધુ શક્તિશાળી, વિદ્યાર્થીઓને વધુ આત્મનિર્ભર અને શિક્ષણને વધુ ગુણવત્તાયુક્ત બનાવી રહી છે.

પરંતુ એ સાથે માનવીય મૂલ્યો, સહાનુભૂતિ, સર્જનાત્મકતા અને નૈતિકતા જાળવી રાખવી જરૂરી છે. A.I. માત્ર સાધન છે. A.I. શિક્ષણનો હેતુ હજી પણ ‘માનવતા વિકાસ’ જ રહે છે. આ રીતે કહી શકાય કે ‘ભવિષ્યનું શિક્ષણ માનવીય હૃદય અને કૃત્રિમ બુદ્ધિ બંનેના સંતુલનથી જ સમૃદ્ધ બનશે.’

**સંપર્ક : G-101, પનાસીયા રેસિડેન્સી,**
**શ્રીજી બંગ્લોઝની પાસે, નવા નરોડા,**
**અમદાવાદ - 382 330**

### શિક્ષણદર્શન

- “શિક્ષણ એ સ્વનિર્ભર કે આત્મનિર્ભર બનવાની પ્રક્રિયા છે. આત્મનિર્ભર ન બની શકે તે વ્યક્તિનું શિક્ષણ અધૂરું જ ગણાય. કેમ કે શિક્ષણનું મુખ્ય ધ્યેય સ્વાવલંબન છે.” **– સરદાર વલ્લભભાઈ પટેલ**
- “સાચી કેળવણી એ છે જે માનવીને પોતાના પગ ઉપર ઊભો રહેતા શીખવે, સ્વાવલંબી બનાવે.” **– સ્વામી વિવેકાનંદ**
- “માણસો જે ન જાણતા હોય તે તેમને શીખવવું એનું નામ કેળવણી નથી. તેઓ જેવું વર્તતા નથી, તેવું વર્તતા તેમને શીખવવું એનું નામ કેળવણી છે.” **– લોકમાન્ય તિલક**
- બાળક જે કાંઈ નૈસર્ગિક, સાહજિક, નિર્દોષ અને તંદુરસ્ત છે તેને સમજી પોતાની જાત સાથે સુસંવાદી બનવા પ્રેરાય એ શિક્ષણ કહેવાય.” **– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્**

“સંઘર્ષ વિના જીવનનું યુદ્ધ જીતવું, સન્માન વગરની જીત જેવું છે.” - **સેમ્યુઅલ સ્માઈલ્સ**

# તંદુરસ્ત શિક્ષક જ તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે

• કમલેશ શુક્લ •

તંદુરસ્તી એટલે ઉચ્ચ કક્ષાની શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક પરિસ્થિતિનું નિર્માણ.

આપણું શરીર સ્વસ્થ હોય એટલું જ પર્યાપ્ત નથી. શરીરની સાથે મન પણ સ્વસ્થ હોય અને આપણે સામાજિક અને આધ્યાત્મિક રીતે એટલા જ સ્વસ્થ અને પરિપક્વ હોવાં જરૂરી છે. બધાંની સાથે હળીમળીને રહેવું, બીજાને મદદરૂપ થવું અને ધાર્મિક સહિષ્ણુતા કેળવવી ખૂબ જ આવશ્યક છે.

બીજા બધા જ વ્યવસાયકારોની સાથે સાથે શિક્ષકનું તંદુરસ્ત હોવું અનિવાર્ય છે. બધા જ વ્યવસાયકારોનો જન્મદાતા શિક્ષક છે. જે તે રાષ્ટ્રની ઓળખ તે રાષ્ટ્રના શિક્ષકોથી પ્રસ્થાપિત થાય છે. જો શિક્ષક શક્તિમાન અને ગુણવાન હોય તો જ રાષ્ટ્ર શક્તિમાન અને ગુણવાન બને છે.

કેળવણીનો મુખ્ય અને અંતિમ હેતુ છે –

આપણાં બાળકો શારીરિક રીતે તંદુરસ્ત બને, માનસિક રીતે શાંત બને, લાગણીઓમાં સમતોલ બને અને આધ્યાત્મિક રીતે પરિપક્વ બને.

એક શિક્ષકની જવાબદારી બાળકોને માત્ર માહિતી જ પીરસવાની નથી, એ કામ તો 'ગુગલગુરુ' અને અન્ય માધ્યમો પણ કરી શકે છે. માહિતીની સાથે બાળકોને જ્ઞાન મળે, સમજ કેળવાય, બાળકોમાં સુટેવોનું ઘડતર થાય, બાળકોમાં પડકારો, મુશ્કેલીઓ, અવરોધો સામે લડવાની શક્તિ ઉજાગર થાય અને તે ઉત્તમ માનવ બની સારા નાગરિક બને ત્યાં સુધી પ્રયત્ન કરવાની જવાબદારી છે.

'તંદુરસ્ત બાળક એટલે હસતું, રમતું, કૂદતું અને કિલ્લોલ કરતું બાળક !'

શિક્ષક, સાધુ અને સંત – આ ત્રણેય શબ્દો એકબીજાના પર્યાય છે એમ કહીએ તોપણ ચાલે.

પૂજ્ય મોરારિબાપુ કહે છે –

"જેનું જીવન સાદું, જેનું જીવન સાચું, જેનું જીવન સારું અને જેનું જીવન સામે (પારદર્શી) તે સાધુ."

આવી સાધુતાનાં દર્શન જન્મજાત શિક્ષકમાં જરૂર થાય છે. સાધુ, જ્ઞાની અને મા સમો બને તે શિક્ષક. આવા શિક્ષકના શિક્ષકત્વનો સાક્ષાત્કાર જ્યારે બાળકોને થાય છે ત્યારે જ તેઓ શ્રેષ્ઠતા ધારણ કરે છે !

અંગ્રેજીમાં બે મહાવરા જાણીતા છે –

(1) To give examples. (2) To set examples.

ઉદાહરણો આપવાં અને ઉદાહરણરૂપ બનવું. એક શ્રેષ્ઠ શિક્ષક ઉદાહરણ આપવાની સાથે ઉદાહરણરૂપ બને છે. સ્વયં સ્વસ્થ રહી, મૂલ્યોની જાળવણી કરી, મૂલ્યનિષ્ઠ બની, કર્મયોગી બની, સ્વચ્છતા કેળવી, ચારિત્ર્યવાન, પ્રાણવાન બની બાળકોને સારા નાગરિક બનવા પ્રેરે છે.

આપણાં બાળકોને આપણે જે 'કહીએ' એ કરે પણ ખરા અને ના પણ કરે પરંતુ આપણે જે સારું કર્મ 'કરીએ' એ તેઓ અવશ્ય કરે છે. આપણા વાણી, વર્તન અને વ્યવહારનું પ્રતિબિંબ આપણાં બાળકોમાં જરૂર દેખાય છે. શિક્ષકના ભાવ, સ્વભાવ અને પ્રભાવની અસર બાળકોના માનસપટ પર થાય છે ! 'એક સુમાતા સો શિક્ષકની ગરજ સારે છે', પરંતુ એક સુશિક્ષક એક હજાર માતાની ગરજ સારે છે ! શિક્ષકત્વ એટલે જ 'સારાપણું' કે સારપ ! આવું સારાપણું (goodness) બાળકોને સ્પર્શી જાય છે, બાળકોને પ્રભાવિત અને પ્રકાશિત કરે છે ! શબ્દો કરતાં આવી 'સારપ' જ બાળકોને સામર્થ્યવાન બનાવે છે.

એક શિકારીએ પાંચ કૂતરાં પાળ્યા હતા. રોજ જંગલમાં જાય અને કૂતરાંને શિકાર માટે છોડી મૂકે. એ શિકાર કરી લાવે અને શિકારીનો જીવનનિર્વાહ થાય. એક વખત જંગલમાં એક હરણને જોઈ શિકારીએ કૂતરાંને ખુલ્લાં છોડી દીધા. હરણ આગળ અને કૂતરાં પાછળ. ખૂબ પીછો કર્યો પરંતુ છેવટે હરણ એક ઝાડીમાં સંતાઈ ગયું. કૂતરાં નિરાશ થઈને પાછા ફર્યાં. શિકારીએ હંટર વડે ફટકારતાં કહ્યું – "તમે પાંચ આટલાં શક્તિશાળી અને એક હરણને પકડી ન શક્યા, હું તમને શાના માટે ખવડાવું છું ?"

"કાર્યકુશળતાની મનુષ્યને જીવનમાં દરેક જગ્યાએ જરૂર પડે છે." – **મુન્શી પ્રેમચંદજી**

એક વૃદ્ધ કૂતરો બોલ્યો, "માલિક, અમે બધા પેટ માટે દોડતા હતા જ્યારે હરણ એના પ્રાણ માટે દોડતું હતું !"

પ્રજ્ઞાવાન અને પ્રાણવાન શિક્ષકોથી આ સમાજ શોભાયમાન છે. યાદ રહે –

સારો ચહેરો બે-ચાર દિવસ સુધી જ યાદ રહે છે પરંતુ સારો વ્યવહાર આજીવન યાદ રહી જાય છે.

શિક્ષકનો ચહેરો કદાચ સુંદર ન હોય તેથી કંઈ ફરક પડતો નથી પરંતુ વ્યવહાર તો સુંદર હોવો જ જોઈએ.

એક સુંદર પંક્તિ છે –

હું કોઈનાથી 'સારું' કરું તેથી શો ફરક પડે છે, હું કોઈનું સારું કરું તેથી ઘણો ફરક પડે છે !

શિક્ષકનું પ્રત્યેક કર્મ બાળક (વિદ્યાર્થી) સાથે જોડાયેલું હોય છે, બાળક માટે હોય, બાળકમય હોય અને બાળક સમર્પિત હોય ત્યારે જ શિક્ષકનું જીવન સાર્થક બને છે, પાવન અને મનભાવન બને છે !

ભગવાન બુદ્ધ કહે છે –

"બધો આધાર ઈશ્વર પર હોય એ રીતે પ્રાર્થના કરો, પરંતુ બધો આધાર તમારા પર જ છે એ રીતે કામ કરો."

સોનાની વીંટી પાણીમાં ડૂબી ગઈ. સોનું ક્રોધિત થઈ ગયું. તેણે પાણીને પૂછ્યું, "મારા જેવી શ્રેષ્ઠ વસ્તુને તું પાણીમાં ડૂબાડી દે છે અને લાકડા જેવી સાધારણ વસ્તુને તું તરવા દે છે, આવું કેમ ?"

પાણીએ કહ્યું, "અરે પાગલ, તારો અને મારો શો સંબંધ ? લાકડું તો મારું અંગ છે. જે વૃક્ષને સિંચીને મેં ઉછેર્યું તેનો એ ભાગ છે. અમે બંને એકબીજા પ્રત્યે સમર્પિત છીએ. તું પણ જીવનમાં સફળ થવા (તરવા) માગતું હોય તો કોઈને સમર્પિત થા."

એક શિક્ષક આજીવન વિદ્યાર્થી બનીને જ્યારે અધ્યયન અને અધ્યાપનકાર્ય કરે છે ત્યારે જ વર્ગ સ્વર્ગ બને છે. શિક્ષક જ્યારે વિદ્યાર્થીપરાયણ બને, વિદ્યાર્થી જ્યારે શિક્ષકપરાયણ બને, વિદ્યાર્થી અને શિક્ષક જ્યારે જ્ઞાનપરાયણ બને અને જ્ઞાન જ્યારે સેવાપરાયણ બને ત્યારે શિક્ષકત્વ સોળે કળાએ ખીલી ઊઠે છે !

શિક્ષકને શાળા ગમે, બાળકો ગમે, કલમ અને પુસ્તકો ગમે, શીખવું-શીખવવું ગમે ત્યારે જ નિશાળ વિશાળ અને રસાળ બને છે !

પ્રખર ગણિતશાસ્ત્રી ડૉ. પી.સી. વૈદ્ય સાહેબને એકવાર પત્રકારે પ્રશ્ન પૂછ્યો, "માની લો કે ઈશ્વર તમારા પર પ્રસન્ન થાય અને કોઈ વરદાન માંગવાનું કહે તો તમે શું માંગો ?"

વૈદ્યસાહેબ હસતાં-હસતાં બોલ્યા, "આવતા જનમમાં પણ હું શિક્ષક જ બનું અને બાળકોને આજીવન ભણાવતો રહું."

આપણે કદાચ 'યોગી' ન બની શકીએ એવું બને, પરંતુ 'ઉપયોગી' તો જરૂર બની શકીએ.

ચાલો, આપણે સ્વયં વ્યસ્ત રહી, મસ્ત રહી, સ્વચ્છ રહી, સ્વસ્થ-તંદુરસ્ત રહીએ. હકારાત્મક અભિગમ કેળવી, સુવિચારો અને સદાચારના વાહક અને સંવાહક બની પ્રકૃતિનું જતન અને સંવર્ધન કરી, પ્રસન્નચિત્ત રહી, પુસ્તકપ્રેમી બની, આશાવાદી અને ઉત્સાહી બની બાળદેવોની સાધના, આરાધના અને ઉપાસના કરીએ. એ પ્રાર્થના સાથે –

Ask not what my school can do for me,
But ask what I can do for my school.

**સંપર્ક : એ.પી. ઠાકર હાઈસ્કૂલ, ગાંઠીઓલ,**
**તા. ઇડર, જિ. સાબરકાંઠા**

## 15 જાન્યુઆરી, 'ભારતીય સેના દિને' સંકલ્પ

સ્વતંત્ર ભારતના પહેલા આર્મી ચીફ જનરલ કરિઅપ્પાના સન્માનમાં ઉજવાતા તા. 15, જાન્યુઆરી 'ભારતીય સેના દિને' સૌ સંકલ્પ લઈએ કે :

– જેઓ દરરોજ પોતાનો જીવ જોખમમાં મૂકીને પોતાના માતા-પિતા, પત્ની, પુત્ર-પુત્રી, ભાઈ, બહેન, સમગ્ર પરિવારથી દૂર રહીને આપણા સૌનું રક્ષણ કરે છે એવા વીર જવાનોના જીવનની રક્ષા માટે દરરોજ ઘેરબેઠા પ્રાર્થના સમયે તેમને યાદ કરીએ અને તેમની સલામતી માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ.
– વીર સૈનિકોની જેમ હૃદયમાં દેશપ્રેમ, રાષ્ટ્રભક્તિ અને બલિદાન-સમર્પણની ભાવના મનમાં રાખીને જીવીએ.
– ભારત દેશના રક્ષણ માટે સૈનિક બનવાનું પણ પસંદ કરીએ અને મન મજબૂત રાખી, હૃદયને વિશાળ રાખી શરીરને લોખંડી બનાવીએ.
– સેના દિને વીર સૈનિકોના પરિવારને મળીએ, યથાશક્તિ મદદરૂપ થઈએ, તેમનું ઋણ ચૂકવીએ.
– માત્ર એક દિવસ માટે નહિ દરરોજ 'સેના દિન' ઉજવાય એવી સેવાભાવના સાથે દેશની આન, બાન અને શાન વધારીએ. જય હિંદ.

**– સંકલન**

"મનુષ્યે માત્ર પોતાના ક્ષેત્રમાં કુશળતા જ નહિ પરંતુ આત્માની મહાનતા પણ પ્રાપ્ત કરવાની હોય છે."
**– સર્વપલ્લી રાધાકૃષ્ણન્**

# શિક્ષક : વિચારો, મૂલ્યો અને ભવિષ્યનો શિલ્પી

• વિજયભાઈ એમ. મકવાણા •

21મી સદી જ્ઞાન અને માહિતી પ્રાપ્ત કરવાનો યુગ છે, જ્યાં જાણકારીનો અવિરત સાગર વિદ્યાર્થીઓની આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. આ માહિતીના અજબ વાવેતર વચ્ચે વિદ્યાર્થીઓ પાસે જાણકારી તો છે જ પણ સાચા માર્ગદર્શનનો અભાવ છે. આવા સમયમાં શિક્ષકની ભૂમિકા માત્ર જ્ઞાન પીરસવા પૂરતી સીમિત નથી રહેતું પરંતુ તે એક માર્ગદર્શક, પ્રેરક અને સંવેદનશીલ વ્યક્તિ બની રહે તે ખૂબ જ અગત્યનું છે. આજના સમયના શિક્ષકનું કાર્ય ઇન્ટરનેટ કે A.I. (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) જેટલી જાણકારી પૂરી પાડવાની જ નહિ, પણ ટેક્નોલૉજી અને નૈતિક મૂલ્યો વચ્ચેનું સંતુલન જાળવીને વિદ્યાર્થીજીવનની જટિલતાઓ પાર પાડવા માટે સક્ષમ બનવાનું છે. ઇન્ટરનેટ પર માહિતી બધી છે. પરંતુ જ્ઞાન અને મૂલ્યવૃદ્ધિ માટે સાચા માર્ગદર્શનની જરૂર છે, જે માત્ર એક શિક્ષક આપી શકે. શિક્ષક એ માત્ર જ્ઞાનદાતા નથી પણ માર્ગદર્શક, મિત્ર અને વિચારક છે, જે યુવા પેઢીને વૈચારિક ક્રાંતિ તરફ દોરી જાય છે.

વિશ્વ વંદનીય પૂ. મોરારિ બાપુના શબ્દોમાં "શાળાનો ઓરડો પડી જાય તો વિદ્યાર્થીને વૃક્ષ નીચે ભણાવી શકાય પણ શિક્ષકની પ્રામાણિકતા જો પડી જશે તો સમાજના તમામ ક્ષેત્રમાં સડો પેદા થશે." આ શબ્દો માત્ર વાણી નથી, એ શિક્ષણ ક્ષેત્ર માટેનું દર્પણ છે. આજના સમયમાં, જ્યારે ભૌતિક સુવિધાઓ અને ટૅક્નોલૉજી વધતી જાય છે ત્યારે એ દૃષ્ટિએ જોતાં પ્રત્યેક શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓમાં વ્યવહાર જગત સાથેનો નાતો જોડવા ચારિત્ર્ય, પ્રામાણિકતા, નીતિમત્તા, સત્ય, રાષ્ટ્રપ્રેમ, બંધુતા અને સમાનતાના ગુણોનો વિકાસ કરવો એ જ શિક્ષકનું સાચું કર્તવ્ય બની રહેશે.

વિશ્વવિખ્યાત કથાકાર પૂ. રમેશભાઈ ઓઝા ઘણીવાર કહે છે કે, 'શિક્ષક વ્યવસાયથી નિવૃત્ત થઈ શકે પરંતુ વૃત્તિ કે પ્રવૃત્તિથી નહીં.' એટલે કે શિક્ષકનું કાર્ય માત્ર પુસ્તકિયું જ્ઞાન કે તાલીમ પૂરાં પાડવાનું નથી, પણ સમાજ માટે સુંદર અને સજ્જન નાગરિક ઘડવાનું છે. શિક્ષણ એ સમાજના ઘડતરનો પાયો છે. એ પાયા પર જે ઇમારત ઊભી થાય છે, તેમાં શિક્ષકની ભૂમિકા ઈજનેર જેવી છે. શિક્ષક વિદ્યાર્થી, વાલીઓ અને શાળાને જોડે છે. એટલે તેમને 'રાષ્ટ્રના ઘડવૈયા' કહેવાય છે. ચારિત્ર્યનિર્માતા તરીકે તેમનું સ્થાન માતા પછીનું સૌથી મહત્ત્વપૂર્ણ છે. શિક્ષિત માતા પૂર્ણ સમાજને સજ્જ બનાવે છે. એ કહેવત સાચી છે કે 'એક શિક્ષિત માતા સો શિક્ષકોનું કાર્ય કરે છે.' પણ એ માટે શિક્ષક પણ કુશળ અને કર્તવ્યનિષ્ઠ હોવો જરૂરી છે. કારણ કે, આજના શિક્ષકના હાથમાં આવતી કાલના ભારતનું ભવિષ્ય હોય છે. કથાકાર પૂ. મોરારિ બાપુ અને પૂ. ભાઈશ્રી સતત પોતાની કથાઓમાં આ વાત યાદ અપાવે છે કે ભારતીય સંસ્કૃતિમાં ત્રિમૂર્તિ તરીકે પ્રખ્યાત બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણ મુખ્ય દેવતાઓ છે. જેમનું કાર્ય સર્જન, પાલન અને વિનાશ છે. આજના શિક્ષકનું કાર્ય પણ આ ત્રિમૂર્તિની જેમ જ છે.

**શિક્ષકનું બ્રહ્મકર્મ**

બ્રહ્મકર્મ એટલે સર્જનકાર્ય. જેમાં કોઈ નવી વસ્તુનું સર્જન થાય છે. જેમ ખેડૂત વાવણી કરતાં પહેલાં જમીનને સારી રીતે ખેડીને તૈયાર કરે છે, તેવી જ રીતે શિક્ષક પણ વિદ્યાર્થીઓના મન અને આત્માને જ્ઞાન અને સંસ્કારથી સમૃદ્ધ બનાવે છે. માત્ર પુસ્તકનું જ્ઞાન આપવું એ પૂરતું નથી, તે ઉપરાંત વિદ્યાર્થીના વ્યક્તિત્વમાં સુધાર લાવવો અને તેમને સમાજ માટે ઉપયોગી બનાવવો એ પણ શિક્ષકનું મુખ્ય કાર્ય છે. વિદ્યાર્થીઓની મનોભૂમિ એવી તૈયાર કરવી કે જેમાં તેઓ નવા વિચારોનાં વાવેતર માટે સજ્જ રહે, વિદ્યાર્થી શિક્ષણ પ્રત્યે જાગૃત અને ઉત્સાહી બની રહે, માનસિક રીતે સમૃદ્ધ રહે. આ કાર્ય એક પ્રકારનું બ્રહ્મકર્મ છે, જે સમાજમાં સુધારો અને પ્રગતિ લાવવાનો માર્ગ પ્રદર્શિત કરે છે. શિક્ષક દ્વારા આપવામાં આવતા સંસ્કાર અને જ્ઞાન માત્ર એક વ્યક્તિ માટે નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે આશીર્વાદરૂપ બની શકે છે. એટલે શિક્ષકનું કાર્ય સર્વોચ્ચ અને પવિત્ર કાર્ય છે, જેને શ્રદ્ધા અને પ્રતિબદ્ધતાથી નિભાવવા જોઈએ.

**શિક્ષકનું વિષ્ણુકર્મ**

વિષ્ણુકર્મ એટલે પાલન અને સંરક્ષણનું કાર્ય. જે રીતે ખેડૂત ખાતર, પાણી અને પ્રકાશથી પાકનું પોષણ કરે છે, તેની સમૃદ્ધિ માટે ધ્યાન રાખે છે અને નિયંત્રણ પણ કરે છે, એ જ રીતે શિક્ષક પણ વિદ્યાર્થીને શિક્ષણ દ્વારા પોષણ આપે છે અને તેની વૃદ્ધિ માટે માર્ગદર્શન આપે છે. શિક્ષક માત્ર જ્ઞાન પૂરતો મર્યાદિત નથી, પણ માનવઘડતર માટેનો પાયો પણ નાખે છે, જેનાથી માનવજાત નવી ઊંચાઈઓ

"વાણી એ એક કળા છે, જ્યારે મૌન એ સાધના છે." – **આચાર્યશ્રી રાજ્યસૂરિશ્વરજી**

સુધી પહોંચી શકે. શિક્ષક વિદ્યા અને ગુણધર્મોનો શિલ્પી છે, જે બાળકને આત્મવિશ્વાસ અને નવી ક્ષમતાઓથી સમૃદ્ધ બનાવે છે. વિદ્યાર્થીના જીવનમાં શિક્ષણ એવી રોશની છે, જેનાથી તે પોતાની શક્તિઓ અને પ્રતિભા ઓળખે અને સફળતાની તરફ આગળ વધે. એટલે પાલન અને પોષણ માત્ર ખેડૂતનું નહીં, પણ શિક્ષકનું વિશેષ કાર્ય છે, જે સમાજ અને સમાજના ભવિષ્ય માટે અતિ ઉપકારક બની રહે છે.

**શિક્ષકનું શિવકર્મ**

ભારતીય સંસ્કૃતિમાં ‘શિવ કર્મ’નો અર્થ છે – અકલ્યાણકારી તત્ત્વોનો નાશ કરી કલ્યાણનું સર્જન કરવું. તેવી જ રીતે શિક્ષકનું કાર્ય પણ વિદ્યાર્થીના જીવનમાં જે કંઈ કલ્યાણકારી નથી, તેનો વિનાશ કરીને, તેને ઊર્જાવાન અને યોગ્ય દિશામાં આગળ ધપાવવાનું છે. વિદ્યાર્થીના વિકાસમાં અવરોધરૂપ હોય તેવી બાબતો જેમ કે, વ્યસન, આળસ, અનિયમિતતા, ચોરી, અસત્ય, ઈર્ષા, દ્વેષ, વેરભાવ, અન્યાય – આ બધા અકલ્યાણકારી તત્ત્વોને દૂર કરવાનો પ્રયાસ શિક્ષકે કરવો જોઈએ. શિક્ષકનું આ કર્મ હિંસક કે દંડાત્મક ન હોવું જોઈએ, પરંતુ વિદ્યાર્થીને ધીરજ, શાંતિ અને ખાસ તો પ્રેમપૂર્વક પ્રોત્સાહન આપી, તેના જીવનમાંથી આ નકારાત્મક તત્ત્વોને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. નવી ઉજાસભરી દિશાઓનો આરંભ થાય એ જ છે શિક્ષકનું સાચું શિવકર્મ.

શિક્ષકનું બાળકના જીવનમાં માળી જેવું કર્મ હોય છે, જે તેનાં આંતરિક ગુણોને ખીલવવાનું કાર્ય કરે છે. સાચું શિક્ષણ રળતરલક્ષી કે વળતરલક્ષી નહીં, પરંતુ જીવન ઘડતરલક્ષી હોવું જોઈએ. શિક્ષણ બાળકોને સુસંસ્કારી બનાવે, તેમના માટે ચારિત્ર્યઘડતર દિશાસૂચક બને એ જરૂરી છે. શિક્ષક એ શિસ્ત, ક્ષમા અને કરૂણાનો ત્રિવેણી સંગમ છે, જે શિષ્યના વિકાસ માટે પોતાનું હૃદય અર્પે છે.

આદર્શ અને નિષ્ઠાવાન શિક્ષક વિદ્યાર્થીઓને મસ્તિષ્ક અને આત્માને ઓજસ આપે છે. આજે જરૂર છે કે આપણી અંદર રહેલા સાચા શિક્ષકત્વને ઓળખવાની. સમાજની ભાવિ પેઢી માટે કાર્યરત થઈએ. શિક્ષકો રાષ્ટ્રના ઘડવૈયા છે. દેશનું ભાવિ એમના હાથમાં છે. સાચા ગુરુનું હંમેશાં પૂજન થાય છે. શિક્ષણના પવિત્ર વ્યવસાય દ્વારા દેશ અને વિશ્વ કક્ષાએ આવનારા સમયમાં અનેક મુશ્કેલીઓમાં માર્ગ કાઢી દેશના વિકાસ કાર્યોમાં અટલ વિશ્વાસથી આગળ વધીએ.

**સંપર્ક : કન્યા વિદ્યાલય-વળાવડ, મુ, વળાવડ, તા. સિહોર, જિ. ભાવનગર - 364 240**

## દિનવિશેષ મહત્ત્વ : રાષ્ટ્રીય મતદાતા દિવસ

કોઈપણ દેશમાં સરકાર રચવામાં મતદારો સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મતદારો પોતાના અમૂલ્ય મતથી કોઈપણ પક્ષને વિજેતા બનાવીને સત્તા પર લાવે છે. મતદારો દેશ અને રાજ્યના વિકાસ માટે જાગૃત નાગરિક તરીકેની ફરજ નિભાવે છે. દર વર્ષે 25 જાન્યુઆરીએ દેશમાં ‘રાષ્ટ્રીય મતદાતા દિન’ની ઉજવણી કરવામાં આવે છે.

ભારતીય બંધારણ મુજબ જનતા લોકશાહીનો પાયો અને પ્રાણ છે. લોકો સરકારને ચૂંટે છે. 25 જાન્યુઆરી, 2011ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટિલ દ્વારા ‘રાષ્ટ્રીય મતદાન દિવસ’ની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી ભારતનું ચૂંટણીપંચ દેશભરમાં ‘રાષ્ટ્રીય મતદાતા દિવસ’ ઉજવે છે.

દર વર્ષે 25 જાન્યુઆરીએ ઉજવાતા રાષ્ટ્રીય મતદાતા દિવસનો મુખ્ય ઉદ્દેશ નવા મતદારોને પ્રોત્સાહિત કરવાનો, સુવિધા આપવાનો અને મહત્તમ નોંધણી કરવાનો છે. વર્ષ 1950માં 25 જાન્યુઆરીએ ભારતના ચૂંટણીપંચની સ્થાપના દિનની યાદમાં ‘રાષ્ટ્રીય મતદાતા દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે. રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ Kooએ વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન માહિતગાર નિર્ણયો લેવા માટે પ્રથમ વખત મતદારોને સશક્ત બનાવવા માટે મતદાર અધિકારો અને જવાબદારીઓ પર બહુભાષી માર્ગદર્શિકા બહાર પાડી છે. એક નિવેદન અનુસાર આ માર્ગદર્શિકા બંધારણમાં સમાવિષ્ટ ભારતીય મતદારના મૂળભૂત અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને મતદાતાઓએ મતદાન કરતા પહેલાં અને પછી જે જવાબદારીઓ ધ્યાનમાં લેવાની જરૂર છે તેની વિગતો રજૂ કરે છે.

**(‘દિનમહિમા’ પુસ્તકમાંથી સાભાર) (સંકલન)**

“દુઃખ અને આપત્તિ જીવનના એવા બે મહેમાન છે જે આમંત્રણ વિના આવી જાય છે.” **– મહર્ષિ વાલ્મીકિ**

# નવધા ગુણ સંપન્ન શિક્ષક

• વિજય દાણી •

શિક્ષક સંસ્કૃતિનો પ્રેરક છે. શિક્ષક સમાજનો માર્ગદર્શક પણ છે. શિક્ષકે માત્ર વિદ્યાર્થીઓને શિક્ષણ કે જે પુસ્તકોમાં આપેલું છે તે માત્ર આપવાનું નથી પરંતુ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તે પ્રકારે રોલ ભજવવાનો હોય છે. આજના ટૅક્નોલૉજી અને ડિજિટલ યુગમાં માહિતીનો વિસ્ફોટ દરેક ક્ષણે થતો જાય છે ત્યારે શિક્ષકે તેની ભૂમિકા યોગ્ય રીતે અદા કરવી આવશ્યક છે. આવા સમયે 'શ્રીમદ્ ભગવદ્ગીતા' આપણી દરેક સમસ્યાનું સમાધાન આપે છે અને તે શિક્ષક માટે પણ માર્ગદર્શક બને છે.

'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના અઢારમા અધ્યાયના બેતાલીસમા શ્લોકમાં વર્ણવેલા ગુણો અને કર્મો શિક્ષકમાં હોવા જરૂરી છે.

**शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।**
**ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥**

શમ (મનની શાંતિ), દમ (ઇન્દ્રિયો પર નિયંત્રણ), તપ (તપસ્યા), શૌચ (શુદ્ધતા), ક્ષમા (સહનશીલતા), આર્જવ (સરળતા), જ્ઞાન, વિજ્ઞાન (વૈજ્ઞાનિક જ્ઞાન અથવા અનુભવજન્ય જ્ઞાન) અને આસ્તિક્ય (ઈશ્વરમાં શ્રદ્ધા). આ બધા ગુણો અને કર્મો સમજીએ.

**શમ (શાંતિપ્રિયતા) :**

મનને જ્યાં લગાવવું હોય ત્યાં લગાવી શકાય અને જ્યારે જ્યાંથી હટાવવું હોય ત્યાંથી હટાવી શકાય એટલે કે આપણી ઇચ્છા મુજબ મન ચલાવી શકાય તેને 'શમ' કહે છે. શમ એટલે મનની સ્થિરતા અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા.

જ્યારે વિદ્યાર્થીઓ પડકારજનક વર્તન દર્શાવે ત્યારે શમનો ગુણ શિક્ષકને ધીરજપૂર્વક અને સંયમથી પરિસ્થિતિને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. શિક્ષણ માનવચેતનાની ખેતી છે જેમાં મનની શાંતિ ખૂબ જ આવશ્યક છે.

આજના ઝડપી અને તણાવયુક્ત વાતાવરણમાં, શિક્ષક માટે માઈન્ડફુલનેસ અથવા ધ્યાન જેવી પદ્ધતિઓ દ્વારા મનની શાંતિ જાળવવી જરૂરી છે.

**દમ (આત્મસંયમ) :**

કોઈપણ ઇન્દ્રિય પાસે જ્યારે જે કામ કરાવવું હોય ત્યારે કરાવી શકવું અને કોઈપણ ઇન્દ્રિયને જે જગ્યાથી દૂર કરવી હોય ત્યારે દૂર કરી શકાય. આ રીતે ઇન્દ્રિયોને વશમાં કરવી એને 'દમ' કહે છે.

આજના ડિજિટલ યુગમાં, સોશિયલ મીડિયા, ગેજેટ્સ અને અન્ય વિક્ષેપો ઇન્દ્રિયોને ભટકાવે છે. **દમનો અર્થ છે આવેગો પર નિયંત્રણ રાખવું.** વિદ્યાર્થીએ લાંબા ગાળાનાં લક્ષ્યો માટે તાત્કાલિક આનંદ છોડવો પડે છે.

**તપ :**

'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં શરીર, વાણી અને મનના તપનું વર્ણન સત્તરમા અધ્યાયના ચૌદમા, પંદરમા અને સોળમા શ્લોકમાં આવે છે તે તો ખરું જ ઉપરાંત ધર્મનું પાલન કરતાં કરતાં જે કષ્ટ આવી જાય તેને પ્રસન્નતાપૂર્વક સહન કરવું અથવા કષ્ટ આવે તોપણ ચિત્તને પ્રસન્ન રાખવું તે એટલે તપ.

આધુનિક સંદર્ભમાં તપ એટલે શિસ્તબદ્ધ જીવન અને લક્ષ્યો પ્રત્યે સમર્પણ. શિક્ષણ એક શિસ્તબદ્ધ અને સમર્પિત કાર્ય છે. શિક્ષકે નિયમિત રીતે પોતાના વિષયનું જ્ઞાન અપડેટ કરવું, પાઠ આયોજન કરવું અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક તેમજ નૈતિક વિકાસ માટે મહેનત કરવી પડે છે. ઉદાહરણ તરીકે, નવી શિક્ષણપદ્ધતિઓ જેમ કે, ડિજિટલ ટૂલ્સ શીખવા માટે સમય અને શક્તિનું રોકાણ કરવું એ તપનું ઉદાહરણ છે.

**'શૌચમ્' (પવિત્રતા/શુદ્ધતા) :**

આપણા મન, બુદ્ધિ, ઇન્દ્રિયો, શરીરને પવિત્ર રાખવું તથા આપણા ખાન-પાન, વ્યવહાર વગેરેની પવિત્રતા જાળવવી. આ પ્રકારે પવિત્રતા-સદાચારનું પૂર્ણ પાલન કરવાનું નામ શૌચ છે.

મન અને વર્તનની શુદ્ધતા જેનો અર્થ નૈતિકતા, પ્રામાણિકતા અને પારદર્શિતા છે. શિક્ષકે 'વાણી તેવું વર્તન' રાખવું તેમ સૂચવે છે. વિદ્યાર્થીઓ સાંભળીને શીખવા કરતાં, જોઈને ઝડપથી શીખે છે. જો શિક્ષકમાં જ શુદ્ધતા ન હોય તો વિદ્યાર્થીમાં કે સમાજમાં ક્યાંથી જોવા મળશે ? શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે નિષ્પક્ષ વર્તન

"વાદવિવાદ છોડો. વાદ-વિવાદથી બુદ્ધિમાં અસ્થિરતા પેદા થાય છે." — **રણછોડદાસજી મહારાજ**

કરવું, પરીક્ષામાં પ્રામાણિકતા જાળવવી અને પોતાના વર્તનથી સકારાત્મક ઉદાહરણો સ્થાપિત કરવાં.

વિદ્યાર્થીઓમાં શાળા કક્ષાએ નૈતિકતા, પ્રામાણિકતા અને પારદર્શિતા જેવાં મૂલ્યો પ્રસ્થાપિત કરવા શિક્ષક માટે આ ગુણ ખૂબ જ અગત્યનો છે.

**'क्षान्तिः' (ક્ષમા/સહનશીલતા/સહિષ્ણુતા) :**

કોઈ ગમે તેટલું અપમાન કરે, નિંદા (ટીકા) કરે, દુઃખ આપે ત્યારે તેવી વ્યક્તિઓને આપણામાં દંડ આપવાની યોગ્યતા, બળ અને અધિકાર (સત્તા) હોય તોપણ તેને દંડ ન આપી ક્ષમા માગ્યા વગર પ્રસન્નતાપૂર્વક ક્ષમા આપવાનું નામ ક્ષાન્તિ છે.

આજના સમયમાં જ્યાં વિવિધ મતભેદો અને સંઘર્ષો સામાન્ય છે ત્યારે સહનશીલતા એક મહત્ત્વનો ગુણ છે. શિક્ષકોને વિવિધ પ્રકારના વિદ્યાર્થીઓ સાથે કામ કરવું પડે છે. જેમાં કેટલાક ધીમે શીખનારા અથવા વર્તનમાં પડકારજનક હોઈ શકે છે. ક્ષમાનો ગુણ શિક્ષકને આવા વિદ્યાર્થીઓને ધીરજથી સમજવા અને તેમનું માર્ગદર્શન કરવામાં મદદ કરે છે.

ઉદાહરણ તરીકે, વિદ્યાર્થીની ભૂલોને દંડ આપવાને બદલે તેમને સુધારવાની તક આપવી. વિદ્યાર્થીને તેની ભૂલ સાથે સ્વીકારવો એ આનો નિષ્કર્ષ છે. વિદ્યાર્થી પ્રત્યે સહિષ્ણુતાનો ભાવ હોવો ખૂબ જ આવશ્યક છે.

**'आर्जवम्' (સરળતા/સત્યનિષ્ઠા) :**

શરીર, વાણીના વ્યવહારમાં સરળતા હોય અને મનમાં છળ-કપટ કે છૂપાવવાનો દુર્ભાવ ન હોય અર્થાત્ સીધા-સરળ હોય તેનું નામ 'આર્જવ' છે.

આ ગુણનો અર્થ સ્પષ્ટતા અને પ્રામાણિકતા છે. વ્યક્તિએ પોતાના વિચારો અને વર્તનમાં સરળ અને સ્પષ્ટ રહેવું જોઈએ. શિક્ષક માટે જટિલ વિષયોને સરળ રીતે સમજાવવાની ક્ષમતા એ આર્જવનું લક્ષણ છે. ઉદાહરણ તરીકે, શિક્ષકે વિદ્યાર્થીઓના સ્તરને અનુરૂપ ભાષા અને ઉદાહરણોનો ઉપયોગ કરવો જોઈએ જેથી શિક્ષણ અસરકારક બને. સરળ અને સ્પષ્ટ હોવાથી વિદ્યાર્થીને મૂંઝવણો દૂર થાય છે. ઉદાહરણો વ્યવહારુ હોવા જોઈએ.

**'ज्ञानम्' (જ્ઞાન) :**

જ્ઞાન એ હકીકતોની જાગૃતિ, વ્યક્તિઓ અને પરિસ્થિતિઓ સાથે પરિચિતતા અથવા વ્યવહારુ કૌશલ્ય છે. તથ્યોનું જ્ઞાન, જેને પ્રપોઝિશનલ નૉલેજ પણ કહે છે. તે ઘણીવાર સાચી માન્યતા તરીકે દર્શાવવામાં આવે છે જે વાજબીપણાના આધારે અભિપ્રાય અથવા અનુમાનથી અલગ હોય છે.

બ્લૂમ ટેક્સોનોમી પ્રમાણે જ્ઞાનના ચાર પ્રકાર છે : (1) વાસ્તવિક/હકીકતલક્ષી જ્ઞાન (2) વૈચારિક જ્ઞાન (3) પ્રક્રિયાગત જ્ઞાન (4) મૅટાકૉગ્નિટીવ જ્ઞાન. જેમાંથી મૅટાકૉગ્નિટીવ જ્ઞાન શૈક્ષણિક સફળતામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. કારણ કે તે વ્યક્તિઓને વધુ અસરકારક શીખનાર અને સમસ્યા ઉકેલનાર બનવામાં મદદ કરે છે.

શિક્ષક માટે જ્ઞાન (વિષયનું ઊંડું જ્ઞાન) હોવું આવશ્યક છે. ફક્ત ઉપરછલ્લું નહીં પરંતુ ઊંડાણપૂર્વકનું જ્ઞાન પોતાના વિષયનું હોવું જોઈએ. ફક્ત પાઠ્યપુસ્તક જ નહીં પરંતુ તેના સંદર્ભગ્રંથોનું પણ વાંચન આવશ્યક છે. આજે ટૅક્નોલૉજી અને ડિજિટલ યુગમાં વિદ્યાર્થી પાસે અઢળક માહિતી ઉપલબ્ધ છે તેના કરતાં એક સ્ટેપ આગળ જો શિક્ષક નહીં હોય તો વિદ્યાર્થીને રસ પડશે નહીં.

**'विज्ञानम्' (વિજ્ઞાન) :**

વિજ્ઞાન એટલે અનુભવજન્ય અથવા વૈજ્ઞાનિક જ્ઞાન/વૈજ્ઞાનિક અભિગમ. આજે આનો અર્થ શિક્ષણ, સંશોધન અને વિશ્લેષણાત્મક વિચારસરણી હોઈ શકે. ઉદાહરણ તરીકે, એક ડૉક્ટરનું તબીબી જ્ઞાન અને 'રોબોટીક સર્જરી'માં ઉપયોગ એ વિજ્ઞાન છે.

શિક્ષકે આધુનિક શિક્ષણ પદ્ધતિઓ જેમ કે, ટૅક્નોલૉજી-આધારિત શિક્ષણનો ઉપયોગ કરવો જોઈએ. એક વિજ્ઞાનના શિક્ષકે સૈદ્ધાંતિક જ્ઞાન ઉપરાંત પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓને વિષય સમજાવવો જોઈએ. વિજ્ઞાન વિષયની પ્રયોગશાળા તો હોય જ છે તેવી રીતે ગણિત અને ભાષાઓની પણ પ્રયોગશાળા હોય છે. તેમાં વિદ્યાર્થીને જ્ઞાન આપવું તે અનુભવજન્ય અને વૈજ્ઞાનિક અભિગમ કહેવાય.

એક જ વિષયવસ્તુ પર 'વિદ્યાર્થી'ના સ્તર પ્રમાણે જુદી-જુદી પદ્ધતિ વાપરવી તે જ વિજ્ઞાન છે. 'Teaching' મૅથડ નહીં પરંતુ 'Learning' મૅથડનો ઉપયોગ કરવો વૈજ્ઞાનિક અભિગમ છે.

ગુગલ ડીપ માઈન્ડના સી.ઈ.ઓ. ડેમીસ હસાબિબ કહે છે, 'આજના યુવાનો માટે A.I.ને સમજવું, તેનો ઉપયોગ કરવો અને એમાં નવા પ્રયોગો કરવા ખૂબ જ મહત્ત્વનું છે અને જવાબદારીભર્યું કામ છે. A.I.ભવિષ્ય નથી, પરંતુ વર્તમાન છે. આજે જે વ્યક્તિ A.I.નો ઉપયોગ કરશે એ વ્યક્તિ આવતીકાલે સૌથી આગળ હશે.' આવા સમયે શિક્ષક વિદ્યાર્થીને A.I.થી અલિપ્ત કેમ રાખી શકે ? A.I.નો વિવેકપૂર્ણ ઉપયોગ થાય તે પણ જરૂરી છે.

**'आस्तिक्यम्' (ધાર્મિકતા/ઈશ્વરમાં શ્રદ્ધા) :**

આજના સમયમાં, આસ્તિક્યનો અર્થ ફક્ત ધાર્મિક

"સત્ય બોલવું એ સૌથી મોટો ધર્મ છે." — **આદિ શંકરાચાર્ય**

શ્રદ્ધા નહીં, પરંતુ જીવનના ઉચ્ચ ઉદ્દેશો અને મૂલ્યોમાં વિશ્વાસ છે. આસ્તિક્યનો અર્થ શિક્ષણના ઉચ્ચ ઉદ્દેશમાં શ્રદ્ધા પણ છે. શિક્ષકે એવી માન્યતા રાખવી જોઈએ કે તેમનું કાર્ય વિદ્યાર્થીઓના જીવન અને સમાજને સુધારવામાં યોગદાન આપે છે. ઉદાહરણ તરીકે શિક્ષકે વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો અને સામાજિક જવાબદારીની ભાવના કેળવવા પર ધ્યાન આપવું.

પરમાત્મા, શાસ્ત્રો, પરલોક વગેરેનો હૃદયમાં આદર અને શ્રદ્ધા તેમજ તેની સત્યતામાં ક્યારેય સંદેહ ના હોવો જોઈએ. તેના પ્રમાણે આપણું આચરણ હોય તેનું નામ જ 'આસ્તિક્ય'.

શિક્ષકની ભૂમિકામાં આ ગુણોનું મહત્ત્વ ટૂંકમાં નીચે પ્રમાણે સમજી શકાય :

**શૈક્ષણિક અસર :** શમ, દમ અને આર્જવ જેવા ગુણો શિક્ષકને વિદ્યાર્થીઓ સારુ જોડાણ બનાવવામાં અને શીખવાનું વાતાવરણ સકારાત્મક રાખવામાં મદદ કરે છે.

**નૈતિક માર્ગદર્શન :** શૌચ અને ક્ષાન્તિ શિક્ષકને વિદ્યાર્થીઓ માટે 'રોલ મૉડેલ' બનાવે છે, જે તેમનામાં નૈતિક મૂલ્યો વિકસાવે છે.

**આધુનિક શિક્ષણ :** જ્ઞાન અને વિજ્ઞાન શિક્ષકને આધુનિક ટૅક્નોલૉજી અને શિક્ષણ પદ્ધતિઓ સાથે અદ્યતન રહેવા પ્રેરે છે. તપ દ્વારા આ શક્ય બને છે.

**સામાજિક યોગદાન :** આસ્તિક્ય શિક્ષકને એવી શ્રદ્ધા આપે છે કે તેમનું કાર્ય સમાજના ઉત્થાનમાં ફાળો આપે છે.

આ શ્લોકમાં વર્ણવેલ નવ ગુણો આજના શિક્ષક માટે એક આદર્શ માર્ગદર્શન છે. આ ગુણો શિક્ષકને ન માત્ર એક શિક્ષણ આપનાર, પરંતુ વિદ્યાર્થીઓના નૈતિક, બૌદ્ધિક અને સામાજિક વિકાસના માર્ગદર્શક બનાવે છે. આ ગુણો શિક્ષકને પોતાની ભૂમિકા નિષ્ઠાપૂર્વક નિભાવવામાં મદદ કરે છે. શિક્ષકની સફળતા માટે 'નવધા ગુણ સંપન્ન' હોવું આવશ્યક છે.

**સંપર્ક : 114, પાંડુરંગ સોસાયટી,**
**માલપુર રોડ, મોડાસા - 383 319**

## લાલા લજપતરાયની જન્મજયંતી

'લાલ, બાલ અને પાલ'ની પ્રખ્યાત ત્રિપુટીમાંના ઉત્કટ દેશદાઝ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ અને અખૂટ સેવાભાવના ધરાવતા લાલા લજપતરાયની અમર શહીદીને શ્રદ્ધાંજલિ અર્પી, તેમણે કરેલી કુરબાનીને યાદ કરીએ. 'પંજાબ કેસરી' લાલા લજપતરાયનો જન્મ 1865ના જાન્યુઆરીની 28મી તારીખે થયો હતો. તેમના પિતાનું નામ રાધાકૃષ્ણજી હતું.

તેમણે 13મા વર્ષે મિડલ સ્કૂલની પરીક્ષા પાસ કરી અભ્યાસ ચાલુ રાખ્યો. પંજાબ અને કોલકાતા યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં બેઠા. આ પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થયા. 1881માં લાહોરની ગવર્મેન્ટ કૉલેજમાં દાખલ થયા. તેમને શિષ્યવૃત્તિ મળી. 1883માં વકીલાતની પરીક્ષામાં બેઠા પરંતુ નાપાસ થયા, પિતાના આગ્રહે ફરીથી પરીક્ષા આપતાં પાસ થયા. રોહતકમાં વકીલાત શરૂ કરી.

1883માં લાહોરમાં સ્થપાયેલી દયાનંદ ઍંગ્લો વર્નાક્યુલર કૉલેજને પગભર બનાવી. રોહતક છોડી તેઓએ હિસાર અને પછી લાહોરમાં વકીલાત શરૂ કરી. 1897માં પૂનામાં ફાટી નીકળેલા ભયંકર પ્લેગ સમયે, ભીષણ દુષ્કાળ સમયે, અનાથ, પીડિત અને દુઃખી ભાઈભાંડુઓને મદદ કરવા માટે અને અનાથાશ્રમો સ્થાપવા માટે લાલા લજપતરાયે દિનરાત એક કરીને આપણી સમક્ષ પ્રેરક દૃષ્ટાંત પૂરું પાડ્યું. 1904ના કૉંગ્રેસ અધિવેશનમાં ટિળક-ગોખલેનો ભેટો થયો; જે પાછળથી 'લાલ-પાલ-બાલ'ની ત્રિમૂર્તિ-મૈત્રીમાં પરિણમ્યો. તેમણે 'ગેરીબાલ્ડી', 'છત્રપતિ શિવાજી', 'શ્રદ્ધાનંદજી', 'શ્રીકૃષ્ણ' એમ કુલ ચાર પુસ્તકો લખ્યાં. તેમણે ત્રણ વાર ઈંગ્લેન્ડ જઈ ભારતની પરતંત્ર પરિસ્થિતિની અને ભારતના લોકોની માગણી પર ઠેર ઠેર વ્યાખ્યાનો આપી લોકમત જાગૃત કર્યો. દાદાભાઈ નવરોજીએ આપેલ 'સ્વરાજ', 'સ્વદેશી' અને 'બહિષ્કાર'નાં આંદોલનોને દેશભરમાં 'લાલ-બાલ-પાલ'ની ત્રિપુટીએ ગૂંજતાં કર્યા. લાલા લજપતરાયે 'પંજાબી' મુખપત્ર દ્વારા અંગ્રેજોનાં વલણો અને કાયદાઓની સખત ઝાટકણી કાઢી. તેમને છ માસની જેલની સજા થઈ. ઠેર ઠેર રાષ્ટ્રીય શિક્ષણ આપતી હાઈસ્કૂલો અને કૉલેજો સ્થાપવામાં, પંજાબ નેશનલ બૅન્કની સ્થાપનામાં, લાહોર મ્યુનિસિપાલિટીના વહીવટમાં તથા મહાત્મા ગાંધીજીએ આરંભેલી અસહકારની ચળવળમાં તેઓ જીવ્યા ત્યાં સુધી મોખરે રહ્યા.

પ્રખર દેશભક્ત લાલા લજપતરાય 30 મી ઑક્ટોબરના રોજ સાયમન કમિશનનો બહિષ્કાર કરવા કાઢેલા સરઘસની આગેવાની લેવા બદલ અંગ્રેજ પોલીસોના આડેધડ મૂઢ લાઠીમારથી 17 નવેમ્બર, 1928ના રોજ અમર શહીદીને વર્યા. દીનબંધુ એન્ડ્રુઝે તેમને શ્રદ્ધાંજલિ અર્પી કહ્યું, **"તેઓ હંમેશાં બહાદુર અને નીડર પુરુષ હતા. તેઓ વીરોના પણ વીર હતા."**

**('વ્યક્તિવિશેષ પરિચય'માંથી સાભાર)** **(સંકલન)**

"તમારો સફળ હોવાનો સંકલ્પ બીજા કોઈપણ સંકલ્પથી વધુ મહત્ત્વનો છે." — **અબ્રાહમ લિંકન**

# સાંપ્રત સમયમાં વિદ્યાર્થીઓમાં હકારાત્મક અભિગમ અને વર્તન કેળવવા વાલી અને શિક્ષકની ભૂમિકા

• જાગૃતિ કે. રાવત •

એક હિન્દી ફિલ્મની જાણીતી પંક્તિ છે :

**બચ્ચે મન કે સચ્ચે**
**સારે જગ કી આંખ કે તારે.**
**યે વો ફૂલ હૈ**
**જો ભગવાન કો લગતે પ્યારે.**

કોઈપણ ઘર, સમાજ, રાજ્ય, રાષ્ટ્રની સાચી સંપત્તિ બાળકો છે. "બાળકો પ્રભુના પયગમ્બરો છે. પ્રેમ, આશા અને શાંતિનો સંદેશ આપવા તેઓ પૃથ્વી પર અવતરે છે. બાળક એ પરમેશ્વરે માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે." એવા 'બાળકોના બેલી', જાણીતા બાળ કેળવણીકાર, બાળસાહિત્યના લેખક પરમ પૂજ્ય ગિજુભાઈ બધેકાનું આ વિધાન છે.

મારી દૃષ્ટિએ દરેક બાળક ભવ્ય ભારતનું દિવ્ય સ્વરૂપ છે. ભારતનું ઉજ્જવળ ભાવિ છે, દેશની ઊજળી આવતી કાલ છે. બાળક એક ઊડતું, ભોળું અને સંવેદનશીલ પંખીડું છે. બાળકની કાલીઘેલી બોલીમાં સૃષ્ટિનું ઉમદામાં ઉમદા ગીત-સંગીત વહે છે.

દર વર્ષે 14 નવેમ્બરે શાળાઓમાં બાળકો માટે 'બાળદિન' ઉજવાય છે. આપણી સરકારે બાળકોના તન-મનના વિકાસને કેન્દ્રમાં રાખીને એક સૂત્ર આપ્યું હતું : **'નીરોગી બાળ, ઉજ્જવળ આવતી કાલ.'**

બાળકોની આંખમાં વિશ્વની સાત લાખ અજાયબીઓ હોય છે. બાગ-બગીચામાં ફૂલની પાંખડીઓ ખૂલતાં જ તે પૂર્ણ વિકસિત ગુલાબ, મોગરો અને કમળ બને એ રીતે ભોળા, માસૂમ બાળકો ફૂલો જેવાં નાજુક-કોમળ-પવિત્ર હોય છે. સાંપ્રત સમયમાં બાળકોને ખૂબ સમજદારીથી, પ્રેમ, હૂંફ, પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડી, ખૂબ લાગણીથી, ખૂબ સમજદારીથી, કાળજીપૂર્વક ભણાવી-ગણાવીને વિકસાવવા જોઈએ. ઘર અને શાળાના પરિવારમાં તેમનામાં સુટેવો, સદ્‌ગુણો, સંસ્કારોનું સિંચન થાય. તેઓ જીવનના નૈતિક મૂલ્યો સમજે, હૃદયથી તેને સ્વીકારે, પરિવાર દ્વારા તેમનામાં તેનું સંવર્ધન થાય, તેમનામાં પડેલી રસરુચિની સુપ્ત-ગુપ્ત શક્તિઓ શાળાના વિવિધ કાર્યો, પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓના પ્લેટફોર્મથી તે ખીલે અને તેમનો સર્વગ્રાહી, સર્વાંગી, સતત વિકાસ થાય. દરેક બાળક ભણતાં-ભણતાં સકારાત્મક વલણ કેળવે, તેનામાં હકારાત્મક વિચારો અને વલણો ખીલે, વિકસે અને કેળવાય અને તેનું સૌના પ્રત્યેનું – આચાર્ય, શિક્ષક, મિત્રો, ઘરનાં સ્વજનો, વડીલો, માતા-પિતા, દાદા-દાદી સૌ ગુરુજનો અને તેનાં ઘડવૈયાઓ પ્રત્યેનું વર્તન આદર-માન-સન્માનભર્યું બને તે માટે શાળામાં આપણા સૌની અને બાળકોના માતા-પિતાની ફરજ અને જવાબદારીભરી ભૂમિકા આજના વાતાવરણમાં ખૂબ અગત્યની બની રહે છે.

બાળ કેળવણીકાર ગિજુભાઈ બધેકાએ કહ્યું છે કે –

**"એક મા-બાપ જો પોતાના બાળકને ઘડવામાં, તેનામાં હકારાત્મક વિચારો અને વર્તન-વલણો વિકસાવવામાં, બાળક પ્રત્યેના વ્યવહારમાં ભૂલો કરે તો એક હજાર શિક્ષકો માટે પણ એ ભૂલ સુધારવાનું કામ ખૂબ અઘરું અને અશક્ય બની જાય છે."**

એક સમય હતો, બાળકો કંઈક ભૂલ કરે તો તેને ઘરમાં અને શાળામાં શારીરિક શિક્ષા કરવામાં આવતી હતી. જે શિક્ષક બાળકને મારે નહિ તે બરાબર ભણાવતા નથી એવું મા-બાપને લાગતું હતું. માતા-પિતા પોતે શાળામાં બાળક સરખું ભણે નહિ, પરીક્ષામાં પાસ થવા મહેનત ના કરે તો તેને દંડ કે શિક્ષા કરજો એવું શાળામાં કહેવા જતા. વર્ષો સુધી 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ધમધમ' જેવી માન્યતા ચાલુ રહી, પરંતુ બાળકોને શિક્ષા કરવી તે યોગ્ય નથી.

હવે, આજના સાંપ્રત સમયમાં શાળામાં ભણતાં બાળકો, કિશોરો/કિશોરીઓ અને તરુણો/તરુણીઓને કેળવવા એ મા-બાપ અને તેના વિષયશિક્ષકો અને આચાર્ય માટે ક્યારેક કઠિન થઈ જાય છે. જેનું મુખ્ય કારણ ઘણીવાર તેના ઘરનું વાતાવરણ, આજના ડિજિટલ યુગમાં, સોશિયલ મીડિયા કે ઈન્ટરનેટના સમયમાં હાથમાં સતત બે-ચાર કલાક સુધી મોબાઈલ પરની કિડ્સ ગૅમ્સ, યૂ-ટ્યૂબ પરની રજૂઆત પામતી તેની સમજકક્ષા બહારની માહિતી, ભણવાનું અઘરું લાગતા બાળકોનો ચીડિયો અને ગુસ્સાવાળો સ્વભાવ, તન-મનની નાદુરસ્તી, બાળહઠો પૂરી કરવા પોતાનું ધાર્યું કરવાનો સ્વભાવ-વગેરે અનેક કારણો જવાબદાર છે.

આત્મજ્ઞાનનું સંપાદન કરવું અને આત્મકેન્દ્રમાં સ્થિર રહેવું એ મનુષ્યમાત્રનું પ્રમુખ કર્તવ્ય છે."
**– સ્વામી રામતીર્થ**

બાળકેળવણી, બાળઘડતર, બાળભણતરનો મુખ્ય હેતુ છે : જનજાગૃતિ. એટલે કે માતા-પિતા અને શિક્ષકોની જાગૃતિ. યોગ્ય બાળઉછેર પછી બાળકને સાચું અને સારું શિક્ષણ મળે, તે સતત રસપૂર્વક ભણે, ખૂબ મહેનત કરીને પરીક્ષાઓ આપે, સારું પરિણામ મેળવે, અભ્યાસ સાથે ઇતર સાંસ્કૃતિક સહ-અભ્યાસ પ્રવૃત્તિઓમાં પોતાની રસરુચિ મુજબ ભાગ લે, તેનું પરફોર્મન્સ ખીલે, સૌ તેને બિરદાવે, તે અભ્યાસ દ્વારા વધુ સારી રીતે શારીરિક, માનસિક, બૌદ્ધિક, સંવેદનાત્મક, રચનાત્મક, સંશોધનાત્મક, ભાવનાત્મક અને આધ્યાત્મિક રીતે ઘડાતો જાય તેવી જાગૃતિ ઘરમાં અને શાળામાં દરેક વ્યક્તિમાં આવે તે જરૂરી છે.

દરેક બાળક અજોડ (યુનિક) છે. તેની ભણવા-શીખવાની રસરુચિ, સ્વભાવ, રંગ, રૂપ, રીતભાત, શીખવા-સમજવાની ઝડપ, ગ્રહણશક્તિ, યાદશક્તિ વગેરે બાબતમાં તે એકબીજાથી અલગ પડે છે.

NEP-2020નો હેતુ બાળક જિજ્ઞાસુ, કલ્પનાશીલ, રચનાત્મક અને સર્જનાત્મક વૃત્તિવાળો બને, તન-મનથી સ્વસ્થ, જવાબદારી સમજનારો, દયાળુ, પ્રેમાળ અને સૌની સંભાળ લેનારો બને તે છે. તેનામાં હકારાત્મક વિચારો ખીલે, જીવનમૂલ્યો અને જીવનકૌશલ્યો એટલે કે પ્રામાણિકતા, સહકારની ભાવના, પરોપકાર, માનવતા, દયા, કરુણા, સમયપાલન, નેતૃત્વશક્તિ વગેરે તેનામાં ખીલે તેવા પ્રયત્નો શાળામાં પ્રેરક પ્રસંગો, વાર્તાઓ કહીને અને સારાં ગીતો ગાઈને કરી શકાય. તે સ્વભાવે વિનોદી અને રમતપ્રિય બને તે પણ ખૂબ જરૂરી છે. ઘર બહાર કે ઘરમાં રમાતી રમતોથી જ તે ઘડાય છે. કમ્પ્યૂટર, લેપટોપ, સ્માર્ટફોન તેના કાયમી મિત્રો ના બની જાય તે તેના માતા-પિતાએ જોવું પડશે. તે ચીડિયો કે એકલપેટો રહી જીવન ના ગુજારે તેનું સતત ધ્યાન વાલીએ રાખવું પડશે. બાળકનો ઉછેર કરવામાં તથા તેનું જીવનઘડતર અને ચારિત્ર્યનું ચણતર કરવામાં પેરેન્ટિંગ એટલે કે વાલીનું પ્રશિક્ષણ હર પળે, હર પ્રસંગે, દરેક વ્યવહારમાં જરૂરી છે.

બાળકમાં કુતૂહલવૃત્તિ અને જિજ્ઞાસા વધુ હોય છે. તેને નવું નવું જાણવા-સમજવાની ઇચ્છા વધુ હોય છે. એના મનમાં કોઈ સવાલ ઊઠે તો માતા-પિતા અને શિક્ષકે તેને સમજી શકે એવી ભાષામાં જવાબ આપવો જોઈએ. તેનું અપમાન કરી વર્ગમાં કે ઘરમાં તેને ઉતારી ન પાડો. બાળકોની નાની-મોટી ભૂલો કાઢવાને બદલે તેણે ઘરમાં કે શાળામાં કરેલાં સારાં કાર્યો, તેનું સારું પરિણામ, તેનો સારો સ્વભાવ વગેરેની પ્રશંસા કરી તેને સૌની હાજરીમાં બિરદાવવો, તેને શાબાશી આપવી જોઈએ. તેનામાં વાલી કે શાળાપરિવાર પ્રત્યે વેરભાવ જન્મે, ઘૃણા કે તિરસ્કાર જન્મે એવું વર્તન કદાપિ ન કરવું જોઈએ.

બાળકોમાં હકારાત્મક વિચાર, વલણો અને સારા વર્તનના વિકાસ માટે 'દાદા-દાદીના ઓટલા'ની જેમ દર રજાના દિવસે 'ઘરસભા' રાખીને તેને મનગમતી વાર્તાઓ કહો, બાળગીતો, જોડકણાં, ઉખાણાં વગેરે રજૂ કરો. તે લખતો-વિચારતો થાય તેવી પ્રવૃત્તિઓ તેને સોંપવી જોઈએ. તેની સાથે આત્મીયતાપૂર્વક વાતચીત, સંવાદ કરો. કોઈ ઘટના બને તો તેની સાથે જોડાયેલી લાગણીઓને ધ્યાનમાં રાખી તેને સમજાવવો જોઈએ. બાળક જે કંઈ કહે તે તેઓ બરાબર સમજે છે એવો ભાવ ઘરમાં અને શાળામાં ખાસ રાખવો જોઈએ.

જ્યારે બાળક પોતાના વિશે નકારાત્મક રીતે વિચારે ત્યારે તેના માતા-પિતા-શિક્ષકોએ ખૂબ વિચારી-સમજીને તેની સાથે સકારાત્મક વાતચીત કરવી. જેથી તેની લઘુતાગ્રંથિ દૂર થશે.

ખાસ કરીને તેનાં ખોટાં વખાણ કદી ના કરો. તેને 'જો' અને 'તો'નું પ્રલોભન કદી ન આપવું. એમ કરવાથી તે સોદાબાજી કે બ્લેકમેઈલિંગ કરતો થઈ જાય છે. બાળકો સાથેના સંબંધો વિશ્વાસના પાયા પર રાખવા જોઈએ. તેને ખોટાં વચનો ન આપવાં કે તેની પાસેથી કોઈ એવાં વચન લેવાં પણ નહિ. તે જ્યારે જૂઠું બોલે ત્યારે એવું કેમ અને શા કારણે બોલે છે તે શોધી તેને તરત ખખડાવી ન નાખો પણ પ્રેમથી સમજાવો.

હૂંફ અને પ્રેમ એ બાળકનું ટૉનિક છે. જેનાથી તેને એકલતા કદી લાગતી નથી. બાળકનો ઉત્સાહ વધારવો. તે નવી નવી પ્રવૃત્તિઓ કરે, તે દ્વારા નાનાં નાનાં સંશોધનો કરે, તેનો જોમ-જુસ્સો વધે એવું ઘર અને શાળામાં વાતાવરણ ઊભું કરો. તેની સાથે વિનોદ, મજાક-મસ્તી પણ કરવી જેથી તે દુઃખ કે મૂંઝવણ ચિંતા કે તણાવ ભૂલી જશે. ''બાળકોને માતૃભાષામાં જ પ્રાથમિક શિક્ષણ આપવું જોઈએ.'' એવું આપણી 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ'માં ભારપૂર્વક કહેવાયું છે. એ પણ જરૂરી છે.

''પંડિત અને કવિ વચ્ચે એવું હરિયાળું ક્ષેત્ર છે કે પંડિત ઓળંગે તો યજ્ઞ બને, કવિ ઓળંગે તો ક્રાન્તદર્શી બને.''
**– ખલિલ જિબ્રાન**

બાળક પોતાની જ ભાષામાં વાતચીત કરે, વિચારોનું આદાન-પ્રદાન કરે, તેનો એ રીતે આત્મવિશ્વાસ (સેલ્ફ કૉન્ફિડન્સ) ખીલે, તે નીડર અને સાહસિક બને એવો સમય સૌ આપશે તો સ્વયં શિસ્ત અને મુક્ત વાતાવરણમાં તે સારી રીતે કેળવાશે.

આ પ્રકારના બધા જ પ્રયત્નો કરવાથી બાળકોમાં હકારાત્મક અભિગમ, વલણો અને સદ્‌વર્તન કેળવાય છે.

"બાળકને કેળવવા ઉપદેશ નહિ, ઉદાહરણ આપો, પૈસો નહિ પ્રેમ આપો, સંપત્તિ નહિ, સમય આપો." એક પંક્તિ યાદ આવે છે.

**ઈશ્વરનો ઉપહાર છે બાળક**
**કુદરતનો હાર છે બાળક**
**પ્રેમનો સાગર છે બાળક**
**સપનાંનો આકાર છે બાળક.**

સંપર્ક : શેઠ સી. એન. વિદ્યાવિહાર કૅમ્પસ, કિશોર વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ

## 12 જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિનનું મહત્ત્વ

સ્વામી વિવેકાનંદનો જન્મદિન 12મી જાન્યુઆરી 'રાષ્ટ્રીય યુવાદિન'ના રૂપમાં ઉજવાય છે. સ્વામી વિવેકાનંદનું જીવન-કવન ભારતના યુવાવર્ગ માટે પ્રેરણાના મહાસ્રોત સમાન છે." ભારત સરકારે રાષ્ટ્રીય યુવા સપ્તાહ (12 થી 19 જાન્યુઆરી) ઉજવવા અને કાર્યક્રમો યોજવા નિર્દેશો આપ્યા છે.

સ્વામી વિવેકાનંદે લખેલા મોટાભાગના પત્રો, તેમના વાર્તાલાપો અને તેમનાં વ્યાખ્યાનોના વાચકો-શ્રોતાઓ ભારતમાં અને વિદેશમાં હતાં. તેમનાં વ્યાખ્યાનો સાંભળીને અથવા વાંચીને ઘણાં યુવક-યુવતીઓએ પોતાનું જીવન ભારતવર્ષને માટે સમર્પિત કરી દીધું હતું. ભગિની નિવેદિતા, શ્રી અરવિંદ, સ્વામી રામતીર્થ, મહાત્મા ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નહેરુ, ચક્રવર્તી રાજગોપાલાચારી, ડૉ. રાધાકૃષ્ણન્ વગેરેના પ્રેરણા-સ્ત્રોત હતા સ્વામી વિવેકાનંદ.

મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે, 'હું તેમનાં લખાણો સાંગોપાંગ ઝીણવટથી વાંચી ગયો છું અને એ પૂરેપૂરાં વાંચી લીધા પછી મારામાં રહેલો સ્વદેશપ્રેમ હજારગણો વધી ગયો. સુભાષચંદ્ર બોઝે કહ્યું હતું, "શ્રીરામકૃષ્ણ અને સ્વામી વિવેકાનંદ તરફનું મારું ઋણ હું શબ્દો દ્વારા કેવી રીતે વ્યક્ત કરી શકું ? અમારા સમયમાં વિદ્યાર્થીવર્ગ પર સ્વામીજીનાં ભાષણો અને લેખોનો જેવો પ્રભાવ પડ્યો તેવો બીજી કોઈ વ્યક્તિએ પાડ્યો નહોતો."

સાંપ્રત સમયમાં સ્વામી વિવેકાનંદનો સંદેશ દરેક યુવા પેઢી માટે પ્રેરક છે. આ સંબંધમાં શ્રી જવાહરલાલ નહેરુએ કહ્યું હતું, "અત્યારે યુવા પેઢીના કેટલા લોકો સ્વામી વિવેકાનંદના લેખો અને ભાષણો વાંચે છે તે હું જાણતો નથી. પણ હું એટલું કહીશ કે, મારી પેઢીમાંના ઘણા લોકો સ્વામીજીની પ્રબળ અસર હેઠળ આવેલા અને આજની પેઢી સ્વામીજીનાં લેખો અને ભાષણો વાંચશે તો તેને પણ તે ખૂબ લાભદાયી થશે એમ હું માનું છું." કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોરે રોમાં રોલાંને કહ્યું હતું, 'તમારે ભારતવર્ષને સમજવું હોય તો વિવેકાનંદનું અધ્યયન કરો, તેમનામાં બધું જ વિધેયાત્મક છે, કશું જ નિષેધાત્મક નથી.'

યુવાશક્તિને જગાડવા માટે આજે એમના દેહમાં એવા વિદ્યુતના આંચકાની જરૂર છે અને એ મળશે સ્વામી વિવેકાનંદના ગ્રંથોમાંથી. આજની યુવા પેઢીને પોતાનાં ચારિત્ર્યનિર્માણ અને દેશના પુનઃનિર્માણના કાર્યમાં લાગી જવાની પ્રેરણાશક્તિ સ્વામી વિવેકાનંદનાં લખાણોમાંથી મળશે.

સ્વામી વિવેકાનંદની યુવાવર્ગ પાસે ઘણી અપેક્ષા હતી. તેમણે કહ્યું હતું – "મને યુવા પેઢીમાં - આધુનિક પેઢીમાં શ્રદ્ધા છે, મારા કાર્યકરો આ પેઢીમાંથી જ આવવાના છે. સિંહોની માફક તેઓ સમગ્ર પ્રશ્નોનું નિરાકરણ કરશે." આ તમામ બાબતોને કેન્દ્રમાં રાખીને 12 જાન્યુઆરીએ 'રાષ્ટ્રીય યુવા દિન'ની ઉજવણીની જાહેરાત થઈ છે. આ દિનવિશેષનો મહિમા વધારી, યુવા વર્ગને પ્રોત્સાહિત કરી, વિવિધ કાર્યક્રમો દ્વારા આ મહાન દિનને સાર્થક રીતે ઉજવીએ.

**(સંકલન)**

"દુનિયાના મહાન સમ્રાટો અને અબજોપતિઓ કૉલેજમાંથી નહિ પણ ત્રાજવાં (વેપાર)માંથી બન્યા છે."
**– સ્વામી સચ્ચિદાનંદજી**

# માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખનનું પરીક્ષણ

● ડૉ. મનહર ઠાકર ●

**ભૂમિકા :**

વિદ્યાર્થીઓમાં સ્વહસ્તાક્ષરે લેખનકાર્યનો મહાવરો ઘટતો જતો હોવાથી હસ્તાક્ષર લેખન નબળું પડતું જાય છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આવતા વિદ્યાર્થીઓના અક્ષર લેખનમાં જોવા મળતી કચાશ ઉત્તરવહીના લેખન વખતે નબળી છાપ ઊભી કરે છે. વિદ્યાર્થીઓના અક્ષર લેખનનું પરીક્ષણ - નિદાન થયા પછી શિક્ષણ દ્વારા તેના ઉપચારાત્મક કાર્યક્રમોનો આશય વિદ્યાર્થીઓને તક, માર્ગદર્શન અને સગવડો પૂરાં પાડી દરેકમાં સુવાચ્ય, સ્પષ્ટ અને મરોડદાર અક્ષરો વિકસાવવાનો છે. તેથી વિદ્યાર્થીઓ માટે અક્ષરલેખનની પ્રવૃત્તિઓ દ્વારા શાળાઓ સ્વતંત્ર પ્રૉજેક્ટ હાથ ધરી, અક્ષરોની સુધારણા કરાવી શકે છે.

આ પ્રકારનું કાર્ય શાળાઓ ઉપાડી લે અને વિદ્યાર્થીઓ અક્ષરલેખનમાં સમર્થ બને તેવો હેતુ છે. વિદ્યાર્થીઓના અક્ષરલેખન માટે શાળાઓમાં નિદાન અને ઉપચાર કાર્ય હાથ ધરવાની જરૂર જણાય છે. શિક્ષણની પૂરક પ્રવૃત્તિ તરીકે હસ્તાક્ષર સુધારણા માપદંડના ઉપયોગ થકી પ્રતિવર્ષ આ કાર્ય થતું રહે તો માધ્યમિક શિક્ષણના તબક્કે વિદ્યાર્થીઓ અસરકારક અક્ષરલેખન કરતાં થાય. વિદ્યાર્થીઓના હસ્તાક્ષર-પરીક્ષણ કાર્ય સંબંધી આ એક અભિગમને અપનાવવા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરાયો હતો.

**અભ્યાસના હેતુઓ :**

પ્રસ્તુત અભ્યાસ માટેના હેતુઓ નિમ્નાનુસાર હતા.

(1) શ્રીમતી એન.એસ. ડાંખરા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ઉત્તર બુનિયાદી શાળા, બેલાના વિદ્યાર્થીઓના હસ્તાક્ષરનું પરીક્ષણ કરવું.

(2) પ્રસ્તુત શાળાના ધોરણ 9, 10, 11 અને 12ના વિદ્યાર્થીઓના હસ્તાક્ષર માપદંડ પરના પ્રાપ્તાંક જાણવા.

(3) હસ્તાક્ષર માપદંડ પરના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકનું ટકાવારી આધારિત વર્ગીકરણ કરવું.

(4) હસ્તાક્ષર માપદંડ પરના વિદ્યાર્થીઓના હસ્તાક્ષર-પરીક્ષણ મુજબ શ્રેષ્ઠતાની માત્રા જાણવી.

**અભ્યાસના પ્રશ્નો :**

નીચે મુજબના અભ્યાસ પ્રશ્નો સંદર્ભે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરાયો હતો.

(1) વર્ષ 2025-26માં પ્રસ્તુત શાળામાંના ધોરણ 9,10,11 અને 12ના વિદ્યાર્થીઓએ હસ્તાક્ષર માપદંડ પર મેળવેલા કુલ પ્રાપ્તાંકોમાંથી સૌથી વધુ અને સૌથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હતી ?

(2) પ્રસ્તુત વિદ્યાર્થીઓએ હસ્તાક્ષર માપદંડ આધારિત મેળવેલા પ્રાપ્તાંક વર્ગો મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હતી ?

(3) વિદ્યાર્થીઓના હસ્તાક્ષર માપદંડ પરના પ્રાપ્તાંકો આધારિત હસ્તાક્ષરની ગુણવત્તાની શ્રેણી કઈ હતી ?

(4) વિદ્યાર્થીઓના હસ્તાક્ષર મુજબ તેમના હસ્તાક્ષરની ગુણવત્તા સન્દર્ભે જોવા મળેલી માત્રાનું વર્ગીકરણ શું હતું ?

**અભ્યાસ પદ્ધતિ :**

વિદ્યાર્થીઓનું વર્ગશિક્ષણ અને લેખનકાર્ય શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રમાં સર્વેક્ષણ પ્રકારનો પ્રસ્તુત અભ્યાસ સંખ્યાત્મક પદ્ધતિના ઉપયોગથી હાથ ધરાયો હતો. વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખન અંગે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની હસ્તાક્ષર માપદંડ કસોટી દ્વારા તેમના હસ્તાક્ષરોની ગુણવત્તા તારવવા માટે સંખ્યાત્મક સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ પ્રયોજાઈ હતી.

**ઉપકરણ :**

વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખનની કસોટી માટે ડૉ. જે. ડી. ભાલ (1984) રચિત્ 'હસ્તાક્ષર માપદંડ'નો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં કુલ

"જુસ્સો બુલંદ હોય તો પહાડ પણ માટીનો ઢગલો લાગે છે." – **શિવાજી મહારાજ**

દસ સાદાં વાક્યો ગુજરાતી ભાષામાં લખાયેલાં હતાં. દરેક વાક્યની સામે વાક્યની લંબાઈ જેટલી ખાલી લીટી છોડવામાં આવેલી હતી. વિદ્યાર્થીઓએ દરેક વાક્યની સામેની લીટીમાં જે તે વાક્ય જોઈને જ પોતાના હસ્તાક્ષરમાં લખવાનું હતું.

**વ્યાપવિશ્વ અને નમૂનો :**

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના બેલા ગામની શ્રીમતી એન. એસ. ડાંખરા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ઉત્તર બુનિયાદી શાળામાં વર્ષ 2025-26ના ધોરણ 9,10,11 અને 12ના અનુક્રમે 146, 144, 77અને 49 એમ કુલ 416 વિદ્યાર્થીઓની સંખ્યાના વ્યાપ વિશ્વ પરથી વ્યાપ વિશ્વને જ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. જેમાં કસોટી વખતે કુલ 336 વિદ્યાર્થીઓ હાજર હોવાથી તેમનો સમાવેશ થયો હતો.

**માહિતી એકત્રીકરણ :**

નમૂનામાં સમાવિષ્ટ ધોરણ 9,10,11 અને 12ના મળીને કુલ 336 વિદ્યાર્થીઓને તેમના વર્ગશિક્ષકો દ્વારા જે.ડી. ભાલ (1984) રચિત 'હસ્તાક્ષર માપદંડ' આપીને તેમાં કુલ 10 વાક્યોનું સમયમર્યાદામાં વિદ્યાર્થીઓના સ્વહસ્તાક્ષરે લેખન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રદત્ત એકત્ર કરવામાં આવી હતી.

**માહિતીનું વિશ્લેષણ :**

નમૂનામાં પસંદ થયેલી પ્રદત્ત મેળવી લીધા પછી ધોરણ 9, 10, 11 અને 12ના વર્ગશિક્ષકો દ્વારા દરેક વિદ્યાર્થીએ કરેલ હસ્તાક્ષર લેખન માપદંડ પરનાં દસ વાક્યોનું પંચબિંદુ ગુણાંકન યોજના પ્રમાણે 5,4,3,2,1 આધારિત ગુણાંકન કર્યું હતું. તે માટે હસ્તાક્ષરની ગુણવત્તા નક્કી કરતાં કુલ આઠ ઘટકો જેવાં કે, સીધી લીટીમાં લખાણ, અક્ષરનું કદ, અક્ષરોનો મરોડ, સીધા કે ત્રાંસા અક્ષરો, શબ્દો વચ્ચે યોગ્ય અંતર, દરેક અક્ષર વચ્ચે ટૂંકું અંતર, લખાણની સ્વચ્છતા અને સમગ્ર છાપ એવા - આ દરેક ઘટકને પાંચ-પાંચ પેટા મુદ્દાઓ સૂચવાયેલા હતા. તે પ્રત્યેક મુદ્દાને ધ્યાનમાં રાખીને વર્ગશિક્ષકો દ્વારા પોતાના વર્ગના વિદ્યાર્થીઓએ લખેલાં હસ્તાક્ષર લેખનનાં દસ વાક્યો પર, સુંદર હસ્તાક્ષર લખવા માટેની કુલ 40 રચનાત્મક બાબતો પ્રમાણે ગુણાંકન કરવામાં આવ્યું હતું. દરેકના લેખનકાર્ય પર વધુમાં વધુ 40 ગુણ અને ઓછામાં ઓછો 1 ગુણ એ રીતની સંભાવનાઓ હતી.

ઉપરોક્ત ગુણાંકન યોજના હેઠળ હસ્તાક્ષર માપદંડ કસોટી આપનાર દરેક વર્ગના દરેક વિદ્યાર્થીને 40માંથી ગુણ અપાયા બાદ વર્ગવાર પ્રાપ્તાંકોની યાદી બનાવીને વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. તેના આધારે હસ્તાક્ષરની ગુણવત્તા સન્દર્ભે સર્વોત્તમ, ઉત્તમ, મધ્યમ, નબળું અને અતિ નબળું - એવી પાંચ માત્રાઓમાં વિદ્યાર્થીઓના હસ્તાક્ષરની ગુણવત્તાનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. તેના આધારે હસ્તાક્ષરની ગુણવત્તાની ઉપરોક્ત પાંચ માત્રાઓ પ્રમાણે ટકાવારી ગણવામાં આવી હતી.

**પરિણામો :**

પ્રસ્તુત અભ્યાસને નીચે મુજબનાં પરિણામો પ્રાપ્ત થયાં હતાં :

(1) વર્ષ 2025-26માં પ્રસ્તુત શાળાના 336 વિદ્યાર્થીઓમાંથી હસ્તાક્ષર માપદંડ પરના ગુણાંકનમાં 30 વિદ્યાર્થીઓ સૌથી ઊંચા પ્રાપ્તાંક વર્ગ (33 થી 40)માં વર્ગીકૃત થયાં હતાં. જ્યારે સૌથી નીચા પ્રાપ્તાંક વર્ગ (1 થી 8)માં 01 વિદ્યાર્થી વર્ગીકૃત થયો હતો.

(2) પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખનની ગુણવત્તા આધારિત થયેલા ગુણાંકન મુજબ પ્રાપ્તાંક વર્ગીકરણ અનુસાર 1-8માં 01, 9-16માં 36, 17-24માં 129, 25-32માં 140 અને 33-40માં 30 વિદ્યાર્થીઓ, એમ કુલ 336 વિદ્યાર્થીઓ વર્ગીકૃત થયા હતા.

(3) વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખનની ગુણવત્તાની માત્રા વર્ગીકરણ પ્રમાણે 33-40 (સર્વોત્તમ), 25-32 (ઉત્તમ), 17-24(મધ્યમ), 9-16(નબળું), અને 1-8(અતિ નબળું) મુજબ વર્ગીકૃત કરવામાં આવી હતી.

(4) પ્રસ્તુત અભ્યાસ પરથી વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખનની ગુણવત્તા આધારિત મળેલી ટકાવારી મુજબ સર્વોત્તમમાં 8.93%, ઉત્તમમાં 41-67%, મધ્યમમાં 38.39% નબળાંમાં 10.71% અને અતિ નબળાંમાં 0.30% વિદ્યાર્થીઓ વર્ગીકૃત થયા હતા.

**ભલામણો :**

(1) વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખનની કાળજી પ્રાથમિક શિક્ષણ વખતે જ લેવાવી જોઈએ.

"શ્રદ્ધા વિના ભક્તિ નહિ અને ભક્તિ વિના મોક્ષ નહિ." **– સંત જ્ઞાનેશ્વર**

(2) દરેક શાળા વિદ્યાર્થીઓના હસ્તાક્ષર સુધારણા માટે સંભાળ લે તે માટે ફરજિયાતપણું દાખલ કરવું જોઈએ.

(3) વિદ્યાર્થીઓને સુંદર અક્ષરોનું મહત્ત્વ સમજાવવું જોઈએ.

(4) વિદ્યાર્થીઓને હસ્તાક્ષર લેખનમાં રહેવા પામેલી ત્રુટિઓ શિક્ષકોએ સમજાવવી જોઈએ.

(5) વિદ્યાર્થીઓને હસ્તાક્ષર લેખનમાં રહેવા પામેલી ત્રુટિઓ નિવારી શકાય તે માટે ઉપચારકાર્યનું આયોજન કરવું જોઈએ.

(6) ‘‘ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે.’’ તે શાળાના દરેક શિક્ષકે કે કર્મચારીએ સમજવું અને વિદ્યાર્થીઓને સમજાવવું જોઈએ.

**સંપર્ક : શ્રીમતી એન.એસ. ડાંખરા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ઉત્તર બુનિયાદી વિદ્યાલય, બેલા, તા. તળાજા, જિ. : ભાવનગર - 364 150**

## સ્વામી વિવેકાનંદનો પ્રેરણાદાયી સંદેશ

- ‘‘જેના લોહીમાં જોમ હોય, જ્ઞાનતંતુઓમાં તાકાત હોય, લોખંડી માંસપેશીઓ અને પોલાદી સ્નાયુઓ હોય એવા બહાદુર અને હિંમતવાન નવલોહિયા યુવાનોની આપણા દેશને વધુ જરૂર છે.’’
- ‘‘લોખંડી સ્નાયુઓ અને કુશાગ્ર બુદ્ધિનો સંયોગ થાય તો આખું જગત તમારા ચરણોમાં પડે છે.’’
- ‘‘ઊઠો, જાગો અને જ્યાં સુધી ઈચ્છિત લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સતત મંડ્યા રહો.’’
- ‘‘સૌથી પહેલી આવે આપણી શારીરિક દુર્બળતા. ઓછામાં ઓછા આપણા એક તૃતીયાંશ દુઃખોનું મૂળ આપણી શારીરિક નબળાઈ છે. હિંમતવાન બનો, તાકાતવાન થાઓ, સબળ બનો.’’
- ‘‘આપણને જરૂર છે લાગણીવાળા હૃદયની, વિચારશીલ મગજની અને કામ કરે એવા સશક્ત હાથની... તમારાં હૃદય અને મન વચ્ચેના મંથનકાળે હંમેશાં હૃદયને જ અનુસરો.’’
- ‘‘જો તમે પવિત્ર હો, જો તમે ચારિત્ર્યવાન અને સુદૃઢ હો, તો તમે ભલે એકલા હો પણ આખી દુનિયાની બરોબર છો !’’
- ‘‘એક જ વિચારને પકડો, એ એક જ શુભ વિચારને તમારું જીવન સર્વસ્વ બનાવો. તેનાં જ સ્વપ્ન સેવો, તે વિચાર પર જ જીવો. તમારું મગજ, સ્નાયુઓ, માંસપેશીઓ, જ્ઞાનતંતુઓ તમારા શરીરનો એકએક અવયવ એ વિચારથી ભરપૂર કરી દો, એ સિવાયના બીજા દરેકે દરેક વિચારને બાજુએ મૂકી દો, સફળ થવાનો આ જ શ્રેષ્ઠ માર્ગ છે.’’
- ‘‘ગમે તે થાય મારે મારા આદર્શ સુધી પહોંચવું છે ! આ છે પુરુષાર્થ, મર્દાઈભર્યો પ્રયાસ.’’
- ‘‘કલ્યાણકારી શક્તિ વિશેની સંપૂર્ણ ખાતરી, ઈર્ષ્યા કે આશંકાનો અભાવ તેમજ જે લોકો બીજાનું સારું કરવા ઈચ્છતા હોય તેમને મદદ કરવી એ દરેક વ્યક્તિ કે પ્રજાને મહાન બનાવવા માટે જરૂરી બાબતો છે.’’

**(સંકલન)**

**(‘સ્વામી વિવેકાનંદ - સંક્ષિપ્ત જીવન અને સંદેશ’ - પુસ્તકમાંથી સાભાર)**

‘‘જે જીવનસંગ્રામ માટે સજ્જ ન કરી શકે, જે ચારિત્ર્યનું બળ ન લાવી આપે, જે ઉદારતાનો મિજાજ કે સિંહ જેવું સાહસ ન ખીલવી શકે એ શિક્ષક નથી.’’ **— સ્વામી વિવેકાનંદ**

# સ્વામી વિવેકાનંદ : એક આદર્શ જીવન અને શિક્ષણના પ્રેરક

• મહેન્દ્રકુમાર આર. ચૌધરી •

સ્વામી વિવેકાનંદ ભારતના મૌલિક ચિંતક, સામાજિક સુધારક અને વિશ્વવિખ્યાત આધ્યાત્મિક ગુરુ હતા. તેઓ માત્ર સંત જ નહોતા, પરંતુ ભારતીય યુવા પેઢી માટે પ્રેરણાનું મૂર્તિમંત રૂપ હતા. તેમણે શિક્ષણ, આધ્યાત્મિકતા અને સમાજસુધારના ક્ષેત્રમાં નવી દિશા દર્શાવી. તેમનું જીવન અને વિચારો આજે પણ વિશ્વભરમાં પ્રસ્તુત છે.

**જીવન પરિચય :**

સ્વામી વિવેકાનંદનો જન્મ 12 જાન્યુઆરી, 1863ના રોજ કોલકાતા (તત્કાલીન કલકત્તા)ના કાયસ્થ પરિવારમાં થયો હતો. તેમનું મૂળ નામ નરેન્દ્રનાથ દત્ત હતું. તેમના પિતા વિશ્વનાથ દત્ત એક જાણીતા વકીલ હતા અને માતા ભુવનેશ્વરી દેવી ધર્મપરાયણ અને પ્રભુભક્ત મહિલા હતાં. નરેન્દ્રની બાળપણથી જ બૌદ્ધિક ક્ષમતા અને શારીરિક ક્ષમતા વિશેષ નોંધપાત્ર હતી.

તેઓ બાળપણથી જ ધર્મ, આધ્યાત્મિકતા અને જીવનના અર્થ વિશે ઉત્સુક હતા. તેમના વિચારશક્તિપૂર્ણ પ્રશ્નો અને ઉચ્ચ આદર્શોએ તેમને બાળમિત્રોમાં વિખ્યાત બનાવ્યા. તેઓ વેદાંત અને ઉપનિષદનાં મૂલ્યો તરફ આકર્ષાયેલા હતા પરંતુ સાથે જ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી તેઓએ તર્કશીલતા પણ વિકસાવી.

**વિદ્યા અને અધ્યાત્મનો પ્રારંભ :**

નરેન્દ્રનાથ દત્તે પોતાનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કોલકાતામાં પ્રાપ્ત કર્યું. તેમણે સમાજશાસ્ત્ર, તાર્કિક વિજ્ઞાન અને ફિલસૂફી જેવા વિષયોમાં ખૂબ અભ્યાસ કર્યો. તેમણે વિદ્યાસાગર કૉલેજ અને પછી કોલકાતા યુનિવર્સિટીમાંથી પાશ્ચાત્ય અને ભારતીય વિચારધારાઓનો અભ્યાસ કર્યો. તેઓ જીવનના આત્યંતિક સત્ય વિશે જાણવા ઉત્સુક હતા. તે પ્રશ્ન પૂછતા, "શું તમે ભગવાનને જોઈ શક્યા છો ?" આ પ્રકારના પ્રશ્નોના જવાબ શોધવા તેઓ વિવિધ સાધુ-સંતોને મળ્યા. આ અભ્યાસ દરમિયાન તેમની શ્રી રામકૃષ્ણ પરમહંસ સાથે મુલાકાત થઈ.

**રામકૃષ્ણ પરમહંસ સાથેના સંબંધ :**

શ્રી રામકૃષ્ણ પરમહંસ સાથે નરેન્દ્રનાથનો સંબંધ જીવનમાર્ગ પર એક મહત્ત્વપૂર્ણ વળાંક સાબિત થયો. રામકૃષ્ણે તેમને જીવનનાં ઉત્તમ મૂલ્યો શીખવ્યાં અને આધ્યાત્મિક જીવનના મર્મ સમજાવ્યા. નરેન્દ્રને વૈશ્વિક અને આધ્યાત્મિક અનુભવની પરાકાષ્ઠા રામકૃષ્ણના માર્ગદર્શનમાં પ્રાપ્ત થઈ.

રામકૃષ્ણ પરમહંસના અવસાન પછી નરેન્દ્રનાથના જીવનમાં એક નવો પડકાર આવ્યો. તેમણે રામકૃષ્ણ મિશન સ્થાપવાનું નક્કી કર્યું, જેનો મુખ્ય ઉદ્દેશ લોકોની સેવા અને માનવતા માટે કાર્ય કરવાનો હતો.

**સંન્યાસ જીવન :**

રામકૃષ્ણ પરમહંસના અવસાન પછી નરેન્દ્રનાથે 'સ્વામી વિવેકાનંદ' તરીકે પોતાનું નામ સ્વીકાર્યું અને સંગઠિત કાર્ય માટેનો નવો માર્ગ શરૂ કર્યો. 1893માં તેમણે શિકાગોમાં યોજાયેલી વિશ્વધર્મ પરિષદમાં ભાગ લીધો, જ્યાં તેમણે 'ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મ' પર કરેલું ભાષણ આજે પણ લોકો યાદ કરે છે.

તેના પ્રારંભિક શબ્દો, "મારા વ્હાલા અમેરિકાવાસી ભાઈઓ અને બહેનો." માત્ર સૌજન્ય નહીં, પરંતુ વૈશ્વિક ભાઈચારા અને માનવતાનું પ્રતીક બન્યા. તેમના ધાર્મિક અને માનવતાવાદી વિચારોની દુનિયાભરના લોકો પર ગાઢ અસર થઈ.

**વિચારો અને શિક્ષણના સિદ્ધાંત :**

સ્વામી વિવેકાનંદે હંમેશાં માનવશિક્ષણ પર ભાર મૂક્યો. તેઓ માનતા કે શિક્ષણ તે નથી, જે માત્ર મગજને જાણકારી આપે. પરંતુ શિક્ષણ તે છે, જે જીવનને સ્વાભાવિક વિકાસ તરફ દોરી જાય. તેમના શૈક્ષણિક સિદ્ધાંતો નીચે પ્રમાણે છે :

**1. માનવીની આંતરિક શક્તિની શોધ :**

વિવેકાનંદ માનતા કે દરેક વ્યક્તિની અંદર અનંત શક્તિ છે. શિક્ષણનું કાર્ય એ આંતરિક શક્તિને જગાડવાનું છે, માત્ર બાહ્ય જ્ઞાન જ નહીં.

**2. મૂલ્યો આધારિત શિક્ષણ :**

વિવેકાનંદે શિક્ષણમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો

"તમે યુવાનોને કેવી કેળવણી આપો છો, ખરેખર તો એના પર જ રાષ્ટ્રના ભાવિનો આધાર હોય છે."

— ઋષભ શાહ

પર ભાર મૂક્યો. તેઓ માનતા હતા કે બાળકને મર્યાદા, શિસ્ત અને માનવતાના ગુણો શીખવવા જરૂરી છે.

**3. શિક્ષણ અને કર્મની કડી :**

તેઓએ શિક્ષણ અને કાર્ય વચ્ચે એકતાનું મહત્ત્વ સમજાવ્યું. શિક્ષણ માત્ર પદવી માટે નહીં, પરંતુ સમાજના હિતમાં યોગદાન આપવા માટે હોવું જોઈએ.

**4. સર્વગ્રાહી શિક્ષણ :**

વિવેકાનંદનું માનવું હતું કે શિક્ષણ માત્ર પૌરાણિક અથવા આધ્યાત્મિક નહીં, પરંતુ વૈજ્ઞાનિક હોવું જોઈએ.

**સામાજિક સુધારક તરીકે કાર્ય :**

સ્વામી વિવેકાનંદે સમાજમાં ઊંચ-નીચના ભેદભાવને હટાવવા માટે ઘણું કાર્ય કર્યું. તેમણે સમાજના કચડાયેલા વર્ગો માટે સેવાકાર્ય કરવા કહ્યું. તેઓ માનતા કે ભોજન, પોષણ અને સ્વાસ્થ્ય એ સૌની મુખ્ય જરૂરિયાત છે.

તેઓએ મહિલાઓના શિક્ષણ અને ઉત્થાન માટે ખાસ ભાર મૂક્યો. તેઓ માનતા કે સ્ત્રીઓનું શોષણ પૂરા સમાજ માટે નુકસાનકારક છે. સ્ત્રીશિક્ષણ દ્વારા જ સમાજમાં સમતાનું આકર્ષણ થઈ શકે છે.

**રામકૃષ્ણ મિશનની સ્થાપના :**

સ્વામી વિવેકાનંદ 1897માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. આ મિશનના ઉદ્દેશો હતા :

- દુઃખી અને ગરીબ લોકો માટે સેવા.
- નિઃશુલ્ક શિક્ષણનો પ્રસાર
- આધ્યાત્મિકતા અને વ્યવહારિક જીવન વચ્ચે સમતોલન સાધવું.

રામકૃષ્ણ મિશન આજે પણ વિશ્વભરમાં કાર્યરત છે.

**ઉપદેશ અને ભવિષ્યની દિશા :**

સ્વામી વિવેકાનંદે યુવાનો માટે જણાવ્યું કે, ''ઊઠો જાગો અને ત્યાં સુધી ન અટકો, જ્યાં સુધી લક્ષ્ય પ્રાપ્ત ન થાય.'' તેઓએ આશા અને આત્મવિશ્વાસના પાઠ શીખવ્યાં. તેમણે માનવજીવનમાં કર્મના મહત્ત્વ પર ભાર મૂક્યો.

**નિષ્કર્ષ :**

સ્વામી વિવેકાનંદના જીવન અને વિચારોમાં માનવતાનો મર્મ છુપાયેલો છે. તેઓ એક એવા મહાન વ્યક્તિ હતા, જેમણે માત્ર ભારતીય જ નહીં, પરંતુ વૈશ્વિક ચિંતનને પણ નવી દિશા આપી. આજના યુગમાં તેમના વિચારો શિક્ષણ, આધ્યાત્મિકતા અને સામાજિક સેવા માટે સદાય પ્રેરણારૂપ છે.

તેમના જીવનનો સંદેશ છે કે દરેક વ્યક્તિમાં અનંત શક્તિ છે અને તે શક્તિના ઉત્થાન માટે શ્રમ અને આત્મવિશ્વાસ જરૂરી છે. સ્વામી વિવેકાનંદનું જીવન જ છે એક આદર્શ દૃષ્ટાંત, જે માનવતાને દીપાવતું રહે છે.

**સંપર્ક : કે.પી. પટેલ સૅકન્ડરી ઍન્ડ એસ. યુ. પટેલ ઉ.મા. શાળા, વિજાપુર, જિ. મહેસાણા**

## હું છું શિક્ષક

શિક્ષણના પવિત્ર વ્યવસાયે
કર્મયોગી બની રહું હું શિક્ષક.

ભારતના ભાવિનો ઘડવૈયો થૈને
શિક્ષણનો ધ્રુવતારક બની રહું હું શિક્ષક.

શ્રવણ, વાંચન, કથન અને લેખન કૌશલ્યે
શિક્ષકત્વ-પ્રભુત્વ કેળવું હું શિક્ષક.

માતૃભાષાનો મહિમા ગાઈને,
અન્ય ભાષાઓને વંદન કરું હું શિક્ષક.

શીખવું હું આનંદ-ઉત્સાહથી
સંસ્કાર-ચારિત્ર્યનું ઘડતર કરું હું શિક્ષક.

મારા વર્ગને સ્વર્ગ બનાવીને
બાળ-શક્તિઓને ઉજાગર કરું હું શિક્ષક.

પ્રલય-નિર્માણનો સર્જનહાર છું હું શિક્ષક
માનવચેતનાનો તો માળી છું હું શિક્ષક.

માનવવર્તનનો ઈજનેર બનું હું શિક્ષક,
સંસ્કૃતિનો આધાર બનું હું શિક્ષક.

શિસ્ત, ક્ષમા, કર્તવ્યનો સંગમ છું હું શિક્ષક,
મહાન વિભૂતિઓનો ઘડવૈયો છું હું શિક્ષક.

રાષ્ટ્રપતિપદ શોભાવનાર હું શિક્ષક,
સમાજમાં આદર-માન પામતો હું શિક્ષક.

જ્ઞાન, કર્મ, ભક્તિયોગનો સમન્વય હું છું શિક્ષક,
સાધુ, જ્ઞાની, મા સમો બની રહું હું શિક્ષક.

સતત અર્ક, તર્ક, મધુપર્કમય હું, બાળભાવિ ઘડું હું શિક્ષક,
શિક્ષણના કર્મે-ધર્મે પ્રતિભાસંપન્ન બની રહું હું શિક્ષક.

**સંકલન – સંજય ત્રિવેદી (શ્રીમતી આર. સી. પટેલ સ્કૂલ, સૅક્ટર-23, ગાંધીનગર)**

''જે મારામાં વિશ્વાસ રાખે છે અને બધો અહંભાવ છોડી દઈને સતત પુરુષાર્થ કરે છે તેને હું જે જોઈએ તે આપું છું.''
**– 'શ્રીમદ્ ભગવદ્ગીતા'**

# કેરિઅર કૉર્નર

## સફળતાને સાકાર કરવાના આઠ રાહ અને પ્રવાહ આલેખન

• રમેશ તન્ના •

યુવામાત્ર સફળતાને પાત્ર. જેને કિનારો મંજૂર જ નથી, કિનારો આવે તો કિનારાને પણ તોફાનમાં ફેરવી નાખવાનો જે પ્રયત્ન કરે એનું નામ યુવાન. જે ફરિયાદ ન કરે અને સંવાદ કરે તેનું નામ યુવાન. જે ક્યારેય પ્રશ્ન છે એવું ન કહે, પરંતુ પરિસ્થિતિ છે એવું માને અને દરેક પરિસ્થિતિને માણે એનું નામ યુવાન.

દરેક નિષ્ફળતા છેવટે તો સફળતા સુધી પહોંચવાનો જ ધોરીમાર્ગ હોય છે. નિષ્ફળતા વિનાની સફળતા અધૂરી છે અને નિષ્ફળતા સાથેની સફળતા મધુરી છે. એમાંય જ્યારે યુવાન વિકટ પરિસ્થિતિ સાથે પનારો પાડે ત્યારે તો ચમત્કાર જ થાય. પરિસ્થિતિ તેના ઉપર પથ્થર ફેંકે તો એ પથ્થરનાં પણ પગથિયાં બનાવીને આગળ વધે.

આવા દરેક યુવાનની ફરજ છે કે તે માત્ર પોતાના માટે નહીં, પોતાના પરિવાર માટે નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે સમૃદ્ધિનું સપ્તરંગી મેઘધનુષ્ય રચે.

આવું સપ્તરંગી મેઘધનુષ્ય રચવા માગતા યુવા માટે આ રહ્યા આઠ રાહ અને પ્રવાહ. યુવાન ચાહ ઉમેરીને આગળ વધી શકે.

### 1. શિક્ષણ અને સ્વવિકાસ માટેનો વિશ્વાસ

એટલું યાદ રાખવાનું છે કે વ્યક્તિ કે સમાજ માટે શિક્ષણ અને કેળવણી સૌથી મહત્ત્વનાં છે. દરેક યુવાને શિક્ષણ અને સ્વ-વિકાસ માટે જ વધારે ને વધારે સમય આપવાનો છે. શિક્ષણ માટે, નવું નવું શીખવા માટે સમય આપો. સમય ન હોય તો સમય કાઢો. ટાઇમ મૅનેજમૅન્ટ કરો. થાક્યા વગર નવું નવું શીખતાં જ રહો. જે શીખે છે તે જ ખીલે છે. તમારે નોકરી કરવી હશે કે પછી પોતાનો વ્યવસાય કરવો હશે, બજારની અને વર્તમાન સમયની જે જરૂરિયાતો અને માગણીઓ હશે એ પ્રમાણે સજ્જતા, જ્ઞાન અને કુશળતાને સંવર્ધિત કરવાં જ પડશે. જેમ વર્ચ્યૂઅલ દુનિયામાં સતત અપડેટ કરાય છે એવી જ રીતે આપણે આપણી જાતને પણ અપડેટ કરવી જોઈએ. આપણે એ પણ ન ભૂલીએ કે હવે જે દુનિયા છે તે ખૂબ ઝડપથી બદલાતી દુનિયા છે. ટૅક્નોલૉજી અને આર્થિક વિકાસને કારણે હવે પરિવર્તનનો સામનો કરવા માટે આપણે તૈયાર રહેવાનું છે અને તેથી સતત શીખતા રહેવાનું છે. મનોવિજ્ઞાન પણ એવું કહે છે કે જે વ્યક્તિ સતત નવી નવી થાય છે એ વ્યક્તિ જ સ્વસ્થ રહી શકે છે.

### 2. વિશાળ અને મજબૂત સંપર્કવિશ્વ

આપણે નોકરી કરતા હોઈએ, વ્યવસાય કરતા હોઈએ કે પછી નોકરી માટેની તૈયારી કરતા હોઈએ પરંતુ આપણી આજુબાજુમાં એક એવું સંપર્કવિશ્વ હોવું જોઈએ જે આપણને માર્ગદર્શન અને પ્રેરણા આપે. આપણને કારકિર્દી બનાવવાની તક આપે. આપણને નવા નવા વિચારો આપે. આપણને સહયોગ કરે. વિચારોનું આદાન-પ્રદાન કરે. આપણા જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તૃત કરે અને આપણે ભૂલ કરતા હોઈએ તો આપણું ધ્યાન દોરે. આ ખૂબ જરૂરી છે.

### 3. સાહસવૃત્તિ અને મહત્ત્વાકાંક્ષા

અમારા એક વડીલ મિત્રે શૂન્યમાંથી સર્જન કર્યું છે. નબળી અને કપરી પરિસ્થિતિમાંથી આગળ વધીને સી.એ. થયા છે અને પછી તો શિક્ષણના પ્રસાર માટે લાખો વિદ્યાર્થીઓની મદદ કરી છે. તેઓ વારંવાર એક વાત કહે છે મહત્ત્વાકાંક્ષા વગરનો માણસ માણસ જ ન કહેવાય. કંઈક મોટું કરવું છે એ અભિગમ તો કદી ઢીલો પડવા જ નહીં દેવાનો. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબ પણ એવું કહેતા હતા કે "નાનાં સપનાંઓ જોવાં એ તો ગુનો છે. સપનાંઓ જોવાનાં છે અને પછી જોખમ લઈને સાહસ કરીને તેને પૂરાં પણ કરવાનાં છે. સાહસ વગર સિદ્ધિ નથી એ યાદ રાખવાનું છે. તમે સાહસ કરશો તો જ તમને સાચી સફળતા મળશે."

### 4. હંમેશાં સક્રિય અને જાગૃત રહો

સતત સક્રિય રહીને જ આગળ વધી શકાય છે. જો આળસ કરી, કંટાળ્યા, થાક્યા તો ગયા કામથી. બીજી વાત છે સતત જાગૃત રહેવાની. પોતાની જાતનો હિસાબ પોતાને જ આપતા રહો. સ્વજાગૃતિ ખૂબ જ જરૂરી છે. પોતાની વ્યક્તિગત શક્તિઓ, આપણી સજ્જતા, આપણી નબળાઈઓ, આપણી રુચિ અને આપણાં મૂલ્યો આ બધી બાબતો માટે સતત જાગૃત રહેવું જોઈએ. સાધકે તો એક એક ક્ષણ જાગૃત રહીને જીવવાનું હોય છે એવું સંત વિમલાતાઈ કહેતાં હતાં. આજુબાજુનું વાતાવરણ આપણને રોકી દે, થકવી દે, ભેરવી દે, નુકસાન કરે, તેમાંથી જો બચવું હોય તો સતત જાગૃત રહેવું.

"ન્યાયની અદાલતથી પણ મોટી એક અદાલત છે અને તે છે અંતરાત્માની અવાજની અદાલત."

– મહાત્મા ગાંધીજી

**5. શક્તિઓ અને નબળાઈઓ, બંનેને ઓળખો**

આપણે પોતાની શક્તિઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો છે. શ્રેષ્ઠ ઉપયોગ થાય એ માટે પ્રયત્ન કરવાનો છે. આપણી નબળાઈઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને તેને ઓછી કરવાની છે. શક્તિ-સજ્જતા-સ્કિલને વધારવાની છે અને નબળાઈ-મર્યાદાઓ ઓછી કરવાની છે.

**6. હંમેશાં સ્થિતિને અનુકૂળ બની રહો**

યુવા મિત્રો, સ્વસ્થ સમાજનું નિર્માણ કરવું હોય કે સ્વસ્થ કારકિર્દી બનાવવી હોય તો રચના અને સંઘર્ષ તો કરવાં જ પડે છે. રચનાત્મક બાબતો પર વધારે ભાર આપો. સતત અનુકૂળ બનીને નવું નવું કરતા રહો. હું ઘણીવાર એવું કહું છું કે દુનિયાનું સૌથી મોટામાં મોટું કુળ કયું તો એનો જવાબ છે અનુકૂળ. જે વ્યક્તિ પોતાના જીવનમાં આવતી દરેકે દરેક સ્થિતિને અનુકૂળ થઈ જાય છે એનું કુળ સૌથી મોટું. આવી વ્યક્તિનું મૂળ મજબૂત થઈ જાય છે. કોઈ એને મૂળમાંથી હલાવી ના શકે. અનુકૂળ થઈ જવું એટલે ફરિયાદ કર્યા વગર જે તે સ્થિતિનો સ્વીકાર કરીને શ્રેષ્ઠ કામ કરવું.

**7. કઠોર પરિશ્રમ**

એટલું યાદ રાખવાનું કે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. જે મહેનત કરે છે એને પરિણામ મળે જ છે. હા, ક્યારેક વહેલું મોડું થાય, પણ પરિશ્રમનું પરિણામ આવતું જ હોય છે અને હા, માત્ર હાર્ડવર્ક ન કરો, સ્માર્ટવર્ક પણ કરો અને તમારા કાર્યમાં ક્રિએટિવિટી પણ ઉમેરો. આખી દુનિયામાં અત્યારે ઇન્ફર્મેશન જેટલું જ ક્રિએટિવિટીનું મહત્ત્વ પણ વધી ગયું છે. જે વ્યક્તિ જુદું કરે છે, અલગ કરે છે, ક્રિએટિવ કરે છે તેને ઝડપથી સફળતા મળે છે અને તરત તેના તરફ ધ્યાન પણ દોરાય છે.

**8. ધ્યેયપ્રાપ્તિ માટે ડેડલાઈન નક્કી કરો**

સ્વામી વિવેકાનંદે એક વાત સરસ કરી છે કે "ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી લાગેલા રહો." એ જ વિવેકાનંદે એમ પણ કહ્યું છે કે જે ધ્યેય અંતિમ રેખા સાથેનું નથી હોતું એટલે કે ડેડલાઈન સાથેનું નથી હોતું એ ધ્યેય કાલ્પનિક ધ્યેય બની જાય છે. જેટલું ધ્યેય મહત્ત્વનું છે એટલું જ તેની ડેડલાઈનનું પણ મહત્ત્વ છે. આ કામ હું આટલા સમયમાં પૂરું કરીશ.

માણસ જે ધારે તે કરી જ શકે. ધાર્યા પછી આયોજન કરીને પૂરી નિષ્ઠા સાથે પરિશ્રમ કરીએ તો પરિણામ આવે, આવે ને આવે જ.

**('કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક' 2025માંથી સાભાર)**

---

**સંપર્ક : 302, યશ એક્વા, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - 380 009**

## સુભાષચંદ્ર બોઝનું બાળપણ : પ્રેરક પ્રસંગ

સુભાષચંદ્ર બોઝનો જન્મ બંગાળમાં એક ધનિક કુટુંબમાં થયો હતો. તેમના પિતા વકીલ હતા. તેમના બાળપણની એક ઘટનાએ એમને નવી જ દિશામાં વિચારતા કરી દીધા. ચિંથરેહાલ કપડાં પહેરેલી એક ગરીબ સ્ત્રી એમના ઘરે ભીખ માંગવા આવતી. એના ફાટેલાં કપડાં અને દુઃખી દેખાવ જોઈને સુભાષને ખૂબ જ દર્દ થતું. તેઓ વિચારતા કે પોતે કેટલા બધા નસીબદાર છે કે ત્રણ માળના મકાનમાં રહે છે. જ્યારે આ ગરીબ, દુઃખી સ્ત્રીને તો રહેવા નાનું છાપરું જ છે અને ખાવાની કે કપડાંની સગવડ પણ નથી. આવા વિચારોએ એમને આવી સામાજિક વ્યવસ્થા સામે બળવો કરવા પ્રેર્યા. ત્યારથી તેઓ રોજ ત્રણ માઈલ ચાલીને શાળાએ જતા અને તે રીતે ટ્રામનું ભાડું બચાવીને તે સ્ત્રીને મદદ કરતા (ટ્રામ એટલે કોલકાતામાં તે સમયે રસ્તા ઉપર ચાલતી ટ્રેન). ત્યાર બાદ એમણે મિત્રોની સહાય લઈને કોલેરાના ઘણા દર્દીઓની સેવા કરી. આ બધા અનુભવો પરથી તેઓ ઘણું શીખ્યા. તેઓ કહેતા, "આનાથી મને ભારતની સાચી દશાનો ખ્યાલ આવ્યો. ગામડાંઓનું ભારત કે જ્યાં ગરીબાઈ, ભૂખમરો અને રોગચાળો છે." આવા બધા અનુભવ પરથી યુવાન સુભાષચંદ્ર સમજી ગયા કે માત્ર સમાજ સેવા કરવાથી જ બદલાવ ન આવી શકે. એક વખત એક અંગ્રેજ પ્રાધ્યાપકે વિદ્યાર્થીઓ સાથે ગેરવર્તણૂક કરી. સુભાષે તેની સામે હડતાળ પાડી. સુભાષને કૉલેજમાંથી કાઢી મૂક્યા. તેમ છતાં એમને જરાય પસ્તાવો ન થયો કારણ કે એમણે સ્વાભિમાન ખાતર અન્યાય સામે લડત આપી હતી. આ ઘટનાએ એમને અજાણતાં જ એક યુવા નેતા તરીકે રાજનીતિ સાથે જોડી દીધા.

**— સંકલન**

"પ્રબળ આત્મવિશ્વાસ જ મહાન કાર્યોનો જન્મદાતા કે જનક છે." **— સ્વામી વિવેકાનંદ**

# પ્રાસંગિક : રાષ્ટ્રીય ગણિત દિવસનું મહત્ત્વ

• એસ. બી. પટેલ •

ભારતમાં દર વર્ષે તા. 22 ડિસેમ્બરને 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ભારતના મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનનો જન્મ થયો હતો. જેમની સ્મૃતિમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તેમનો જન્મ 22 ડિસેમ્બર, 1887માં તમિલનાડુના ઈરોડમાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. નાનપણથી તેમને ગણિત પ્રત્યે ખૂબ જ રસ હતો. તેઓ અન્ય વિષયોની સરખામણીએ ગણિત વિષયમાં ખૂબ જ તેજસ્વી હતા. નાનપણથી જ તેઓ ગણિતમાં અસાધારણ પ્રતિભા દેખાડી શિક્ષકોને અચંબામાં નાખી દેતા હતા. મોટે ભાગે તેઓ ગણિત જાતે જ શીખ્યા હતા અને જીવનમાં ક્યારેય કૉલેજ કે યુનિવર્સિટી ગયા નહોતા.

શ્રીનિવાસ રામાનુજને શરૂઆતમાં એકાંતમાં પોતાનું ગાણિતિક સંશોધન વિકસાવ્યું. તેમના કાર્યને વધુ સારી રીતે સમજી શકે તેવા ગણિતશાસ્ત્રીઓની શોધમાં તેમણે 1913માં ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં અંગ્રેજ ગણિતશાસ્ત્રી જી.એચ. હાર્ડી સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. રામાનુજનના કાર્યને અસાધારણ માનીને હાર્ડીએ તેમના માટે કેમ્બ્રિજની મુસાફરીની વ્યવસ્થા કરી હતી. હાર્ડીના મતે રામાનુજન વિશ્વના સર્વશ્રેષ્ઠ ગણિતજ્ઞ હતા.

તેમના ટૂંકા જીવનકાળ દરમિયાન તેમણે સ્વતંત્ર રીતે લગભગ 3900 પરિણામો સાબિત કર્યા. જેમાં રામાનુજન પ્રાઈમ, રામાનુજન થીટા, ફંક્શન, પાર્ટીશન, ફોર્મુલા અને મોક થીટા થીટારમ મુખ્ય છે.

હાર્ડી શ્રીનિવાસ રામાનુજનને હૉસ્પિટલમાં જોવા માટે ગયા ત્યારે હાર્ડીના શબ્દોમાં :-

'મને યાદ છે કે એકવાર જ્યારે તેઓ બીમાર હતા ત્યારે હું પુટનીમાં તેમને મળવા ગયો હતો. મેં ટેક્સીકેબ નંબર 1729માં મુસાફરી કરી હતી અને ટિપ્પણી કરી હતી કે આ સંખ્યા મને થોડી કંટાળાજનક લાગી હતી અને મને આશા હતી કે તે પ્રતિકૂળ શુકન ન હોય. 'ના' તેમણે જવાબ આપ્યો. 'તે ખૂબ જ રસપ્રદ સંખ્યા છે : તે બે અલગ અલગ રીતે બે સમઘનના સરવાળા તરીકે વ્યક્ત કરી શકાય તેવી સૌથી નાની સંખ્યા છે.'

(બે અલગ અલગ રીતો :

$1729 = 1^3 + 12^3 + 9^3 + 10^3$)

આ મહાન ગણિતશાસ્ત્રીનું 26 એપ્રિલ, 1920ના રોજ કુંભકોણમ્‌માં 32 વર્ષની વયે મૃત્યુ થયું હતું.

ભારત સરકાર દ્વારા શ્રીનિવાસ રામાનુજનની 125મી જન્મજયંતી નિમિત્તે 26 ડિસેમ્બર, 2011ના રોજ દર વર્ષે 22 ડિસેમ્બરના દિવસને 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.

**સંપર્ક : શ્રીમતી એમ. બી. કે પટેલ હાઈસ્કૂલ, ભાણપુર, તા. ઈડર, જિ. સાબરકાંઠા**

## દૃઢ સંકલ્પ : સફળતાનું રહસ્ય

જયપુરમાં સ્વામી વિવેકાનંદ સંસ્કૃત વ્યાકરણના નિષ્ણાત એક પંડિતને મળ્યા. સ્વામીજીએ તેમની પાસે પાણિનીનું વ્યાકરણ શીખવાનું શરૂ કર્યું. પંડિતજીએ અષ્ટાધ્યાયીનું પહેલું સૂત્ર સ્વામીજીને સમજાવ્યું, સફળ થયા નહીં. બીજે અને ત્રીજે દિવસે પણ એ જ સ્થિતિ થઈ. એટલે પછી તેમણે સ્વામીજીને કહ્યું; "સ્વામીજી, ત્રણ-ત્રણ દિવસ થયા પણ હું આપને પહેલા સૂત્રનો અર્થ સમજાવી શક્યો નથી. મને એવું લાગે છે કે હું તમને વધારે કંઈ સમજાવી શકીશ નહીં."

આ સાંભળીને સ્વામીજીને મનમાં લાગી આવ્યું કે "કેમ મને આ સમજાતું નથી ?" એમણે એ જ ક્ષણે દૃઢ સંકલ્પ કર્યો કે ગમે તેમ કરીને હું આ સમજીને જ રહીશ. પછી તો તેઓ પલાંઠી વાળીને બેસી જ ગયા કે જ્યાં સુધી આ નહીં સમજાય ત્યાં સુધી અહીંથી ઊભો જ નહીં થાઉં. તેમણે તેમાં પૂરેપૂરું મન લગાવ્યું તો જે ત્રણ દિવસમાં નહોતું સમજાયું, એ ત્રણ કલાકમાં સમજાઈ ગયું. પંડિતજી પણ આશ્ચર્યમાં પડી ગયા.

**(સંકલન)**

"મહાન પુરુષોની સમર્પિત વફાદારી, ઊર્જાવાન કાર્યનિષ્ઠા અને કુનેહપૂર્વકની આવડતને કારણે એમના આઈકોનની શક્તિ વધતી જાય છે."

**— જય વસાવડા**

# પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન...

| પદવી પ્રાપ્ત કરનારનો ફોટોગ્રાફ તથા નામ | સંસ્થાનું નામ | પીએચ.ડી.નો વિષય તથા તેના માર્ગદર્શક | યુનિવર્સિટીનું નામ |
|---|---|---|---|
| 1.  ડૉ. જાગૃતિ આઈ. સોલંકી | ભગિની સમાજ, એમ.જી.એમ.પી. હાઈસ્કૂલ ફોર ગર્લ્સ, ઉદવાડા તા. પારડી, જિ. વલસાડ | "કાલિદાસ અને ભવભૂતિની નાટ્ય કૃતિઓનો તુલનાત્મક અભ્યાસ" **(માર્ગદર્શક : ડૉ. હંસાબેન એ. પરમાર)** | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |
| 2.  ડૉ. ઈમ્તીયાઝભાઈ ડી. ઘાંચી | દયાદરા હાયર સૅકન્ડરી સ્કૂલ, દયાદરા, તા.જિ. ભરૂચ | A study on use of Allegory in mathnawi manawi of Rumi. **(માર્ગદર્શક : ડૉ. આર. એન. જોશી)** | સી.યુ. શાહ યુનિવર્સિટી, સુરેન્દ્રનગર |
| 3.  ડૉ. પ્રદીપસિંહ એમ. ચાવડા | શ્રી અનોપકુંવરબા વિદ્યાલય, વરસોડા, તા. માણસા, જિ. ગાંધીનગર | "ગ્રાન્ટ ઈન એઈડ શાળાના શહેર અને ગ્રામ્ય વિસ્તારના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓના વ્યાવસાયિક તણાવ, નોકરી, સંતોષ અને માનસિક સ્વાસ્થ્યનો તુલનાત્મક અભ્યાસ" **(માર્ગદર્શક : ડૉ. બી. એન. પટેલ)** | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ |
| 4.  ડૉ. વિપુલકુમાર ડી. પટેલ | ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ | "સરદાર વલ્લભભાઈ પટેલના રચનાત્મક કાર્યો - એક ઐતિહાસિક અધ્યયન (1915-1950)" **(માર્ગદર્શક : ડૉ. અર્ચના બનસોડ)** | સી. વી. એમ. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| 5.  ડૉ. દીપ્તિબેન ડી. ટાંક | નર્મદાબા શાંતિલાલ શેઠ વિદ્યાલય, મુ.પો. રાસનોલ, તા.જિ. આણંદ | "સમૂહસંચાર માધ્યમોથી યુવાનો પર અસર : એક સમાજશાસ્ત્રીય અભ્યાસ" **(માર્ગદર્શક : ડૉ. ચંદ્રિકાબેન સોલંકી)** | મહારાજા કૃષ્ણકુમાર સિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર |

"જીવનનું કોઈ ગણિત કે કોષ્ટક નથી. સુખ અને દુઃખની ઘટના વચ્ચે વહેતું રહે તેનું નામ જ જિંદગી."
**– પ્રફુલ્લ કાનાબાર**

# ભાવ-પ્રતિભાવ

"'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' એક એવો અરીસો છે, જેમાં શિક્ષણની પ્રક્રિયા સાથે જોડાયેલા રાજ્યના તજ્જ્ઞ શિક્ષકો દ્વારા નવા પ્રકલ્પો અને શિક્ષણની ગુણવત્તાને રચનાત્મક બનાવવાની બાબતો પર પ્રકાશ પાડવામાં આવે છે. શાળામાં વર્ગશિક્ષણને રસપ્રદ અને અસરકારક બનાવવાની મહત્ત્વની બાબતો દર મહિને નીતનવા લેખો દ્વારા પ્રગટ કરવામાં આવે છે. વિદ્યાર્થીઘડતરની વિશેષ બાબતો, મહાપુરુષોની જન્મજયંતીએ તેમના પરિચયો, શાળામાં ઉજવાતા મહત્ત્વના દિનવિશેષ, સામાન્ય જ્ઞાન અંગેની ક્વિઝ, કારકિર્દી અંગેના લેખ વગેરે અનેક બાબતોની સુંદર છણાવટ કરવામાં આવે છે."

**– મહિડા મુકેશકુમાર પી.** (આણંદ)

•

"શિક્ષણ એ માનવીના વિકાસ માટે અગત્યની કડી છે અને તેમાં પણ પ્રાથમિક-માધ્યમિક કક્ષાનું શિક્ષણ એ જીવનનો આધારસ્તંભ છે. આ મૅગેઝિનના પ્રકાશનકાર્યથી શિક્ષક અને વિદ્યાર્થીની વિચારશક્તિ અને લેખનશક્તિનો વિકાસ થાય છે, લક્ષ્યનિર્ધારણ માટેનું જરૂરી માર્ગદર્શન મળી રહે છે. અનુશાસન અને જવાબદારી પ્રત્યેનું વર્તન અને જીવન જીવવાની રીત સામેલ થાય છે, જે શિક્ષણમાં યોગ્ય માર્ગદર્શન, સમજ અને સ્વસ્થ મૂલ્યાંકનની રીત આપવામાં મહત્ત્વનો ફાળો આપે છે. સૌને ધન્યવાદ."

**– રાવલ વરદા પી.** (મોડેલ સ્કૂલ, લીંબડી, જિ. સુરેન્દ્રનગર)

•

"શિક્ષણના વ્યવસાયમાં પડેલા તમામ શિક્ષકોની સજ્જતા, શિક્ષકત્વ, શિક્ષકોનું ઉત્તરદાયિત્વ ઉજાગર કરતા 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'ના મૅગેઝિનના અંકો દ્વારા સાચા માર્ગદર્શક, પથદર્શક અને દિશાસૂચક ભોમિયાનું કામ સાકારિત થાય છે. શાળાની લાઈબ્રેરીમાં વસાવવા માટે તથા શિક્ષકની અંગત લાઈબ્રેરીમાં સાચવવા જેવાં તેના વિશિષ્ટ અંકો સૌને ખૂબ ઉપયોગી બન્યા છે."

**– ડૉ. સંજય સખીયા** (મુ. આટકોટ, તા. જસદણ)

•

"'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' સામયિક સમગ્ર ગુજરાતની શાળાઓમાં તથા ગુજરાતના છેવાડાની શાળા સુધી, તેનાં શાળાપરિવાર, બાળકો, વાલીગણ સૌ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થયું છે. આ સામયિકમાં સંપૂર્ણ શિક્ષણની સમજ કેળવાય તેવી તમામ બાબતો સમાવિષ્ટ થાય છે. જીવનોપયોગી શિક્ષણ, પ્રાર્થના પ્રવચન, પરિપત્રો, કારકિર્દી, વિષયવસ્તુલક્ષી લેખો, સંશોધનાત્મક અને શૈક્ષણિક લેખો, જ્ઞાન-સમજ વધે તેવા લેખો અને લેખો નીચે મુકાતી વિગતો, પ્રેરણાદાયી પ્રસંગો, સુવિચારો વગેરેથી તેના વાંચન અને અભ્યાસથી ઘણું મોટું જીવનપાથેય મળી રહે છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે આ મૅગેઝિન ખૂબ ઉપયોગી છે. આ સામયિકના અત્યાર સુધીના તમામ અંકોમાં સુંદર લેખોનું આગવું સંકલન વિભાગવાર-વિષયવાર થાય અને પી.ડી.એફ. સ્વરૂપે તે તમામ શાળાને મળી રહે તો એક સરાહનીય પ્રયાસ ગણાશે. આ મૅગેઝિન પ્રકાશન સાથે સંકળાયેલ સલાહકાર મંડળ અને તંત્રીમંડળના તમામ સભ્યોને અભિનંદન પાઠવું છું."

**– શાહ કેયૂરકુમાર કે.**
(શ્રી પી.એમ. પટેલ હાઈસ્કૂલ, શાહપુર, તા. પેટલાદ, જિ. આણંદ)

•

"'શિક્ષણ' અને 'પરીક્ષણ' - એવા બે કિંમતી શબ્દોના નામાભિધાન સાથે જોડાયેલું 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' એક એવું શૈક્ષણિક સામયિક છે કે જેમાં વર્તમાન સમયના શિક્ષણ અને પરીક્ષણને લગતા પ્રવાહો, બદલાતી તરાહોનું સુંદર રીતે વિશ્લેષણ થાય છે. ગુજરાતના છેવાડાના ગામની શાળામાં ભણાવતા શિક્ષકો પણ આ મૅગેઝિનના અભ્યાસ-વાંચનથી 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020' વિશે ખૂબ વાકેફ થઈ રહ્યા છે, જે બહુ મોટી ઉપલબ્ધિ ગણાય. આભાર."

**– માધવ ગઢવી**
(શ્રી એન.એમ. પટેલ હાઈસ્કૂલ, આંત્રોલી)

•

"'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' - શૈક્ષણિક સામયિકના વાચકોના ભાવ-પ્રતિભાવ વાંચીને તથા દર મહિને આ મૅગેઝિન વાંચીને કહેવાનું મન થાય છે કે આ સામયિક ગુજરાતની દરેક શાળાના પ્રત્યેક વર્ગખંડના વિદ્યાર્થીઓને અસરકારક રીતે શિક્ષણ આપવા ખૂબ જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડે છે. મૂલ્યલક્ષી ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે આ સામયિકના અંકોના લેખો સૌને ખૂબ જ ઉપયોગી બન્યા છે. 'શાળાકીય પ્રવૃત્તિ કૅલેન્ડર'માં સૂચવેલી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો તથા શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિઓ અને સંશોધનમાં ઉપયોગી બની રહે તેવા ઘણા લેખો શિક્ષકઆલમને માર્ગદર્શક અને પ્રેરક બને તેવા હોય છે. સૌને અભિનંદન."

**– મહેતા દર્શનકુમાર** (અમદાવાદ)

"ફરી જન્મવું પડે તોપણ ભારતમાં જ જન્મીશ અને ત્યારે પણ 'વંદે માતરમ્' જ બોલીશ."
**– વીર શહીદ ભગતસિંહ**

# કૅમેરાની આંખે... પ્રવૃત્તિઓની પાંખે

“હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી”ના સૂત્રને ચરિતાર્થ કરતા ‘આત્મનિર્ભર ભારત’ – અભિયાન અંતર્ગત ‘સ્વદેશી સપ્તાહ’ની ઉજવણી તા. 8-12-2025 થી તા. 13-12-2025 દરમિયાન રાજ્યની શાળાઓમાં સંપન્ન થઈ. જેમાં વિદ્યાર્થીઓને સ્વદેશી ઉત્પાદનોના વપરાશને પ્રોત્સાહન આપવા તથા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના સાથે આત્મનિર્ભરતાની ભાવના કેળવાય તે હેતુથી શપથ, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ હરીફાઈ, ક્વિઝ તથા રેલી જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેની કેટલીક તસવીરો દૃશ્યમાન થાય છે.



દીપ દર્શન માધ્યમિક શાળા, આહવા, જિ. ડાંગ



એલ. કે. ઝવેરી હાઈસ્કૂલ, છત્રાલ, જિ. ગાંધીનગર



પી.પી.જી. ઍક્સપેરિમેન્ટલ હાઈસ્કૂલ, પાટણ




સરકારી માધ્યમિક શાળા, માલણપુર, જિ. બોટાદ




બી. બી. દેસાઈ હાઈસ્કૂલ, નવસારી




શ્રી વી. એમ. ઘેલાણી સરકારી હાઈસ્કૂલ, ભાણવડ, જિ. દેવભૂમિ દ્વારકા

RNI No. GUJGUJ2011/46203 Govt. of India, New Delhi. Dated 06-11-2012, Posted at SRO Gandhinagar STG Office
SSPOs Gandhinagar No. L1/RNP-RENEWAL/G-GNR 297/2024 Dt. 08-10-2024/06-11-2024. Valid Up to 31-12-2027
Licence to Post without Pre-Payment No. PMG/NG/096/2025-2027, Valid up to 31-12-2027
Printed and Posted on 28th of Each Month. (Annual Subscription Rs. 200/-) Licence valid up to 31-12-2027.

## 26 જાન્યુઆરી, પ્રજાસત્તાક દિન

14મી ઑગસ્ટ, 1947ની મધરાતે 12 વાગે ભારતમાં અંગ્રેજી શાસનનો અંત આવ્યો અને આપણું પોતાનું શાસન શરૂ થયું. લોકશાહી પ્રજાતંત્રને અનુકૂળ બંધારણ ઘડવાનું કામ 1949માં પૂરું થયું. તેનો અમલ તા. 26 જાન્યુઆરી, 1930ના દિવસે લેવાયેલી પૂર્ણ સ્વરાજ્યની પ્રતિજ્ઞાની સ્મૃતિમાં તા. 26-01-1950ના દિવસથી શરૂ થયો. તે દિવસે ભારત સ્વતંત્ર સાર્વભૌમ પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું. આ મહત્ત્વના પ્રસંગને દર વર્ષે 26 જાન્યુઆરીએ ‘પ્રજાસત્તાક કે ગણતંત્ર દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે.

દરેક દેશને પોતાનું બંધારણ હોય છે. બંધારણમાં સરકાર, દેશના વડા, સંસદ, ન્યાયતંત્ર વગેરે વિષયો સંબંધી નિયમો હોય છે. બંધારણના નિયમોને અનુરૂપ રહીને નવા કાયદા ઘડવામાં આવે છે. બંધારણમાં 500 કરતાં વધારે કલમો છે. ત્રણ વર્ષ ચર્ચા-વિચારણા કરી બંધારણસભાએ બંધારણ તૈયાર કરી તેને મંજૂરી આપી. તેમાં અંગ્રેજ ગવર્નર-જનરલના બદલે વડા તરીકે રાષ્ટ્રપતિ ચૂંટવાની જોગવાઈ કરવામાં આવી. લોકોના મૂળભૂત અધિકારોની ખાતરી ઉચ્ચારવામાં આવી. ભેદભાવ રદ કરી સૌને સમાન ગણવાનું ઠરાવવામાં આવ્યું. તા. 26-01-1950ના દિવસે તેનો અમલ શરૂ કરાયો. આ દિવસે શાળા-કૉલેજોમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. ધ્વજને સલામી આપી રાષ્ટ્રગીત ગવાય છે. દિલ્હીમાં લાલ કિલ્લા ખાતે ત્રણેય સેનાની ભવ્ય પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે.

## 30 જાન્યુઆરી, શહીદ દિન

દેશ પરતંત્ર હોય તો તેને સ્વતંત્ર કરવા પરદેશી શાસકો સામે લડતાં કેટલાય સ્વાતંત્ર્ય સૈનિકો પ્રાણ ન્યોછાવર કરી દે છે. સ્વતંત્રતા મેળવવા કોઈપણ દેશે ભોગ આપવો પડે છે. સ્વતંત્રતા મળ્યા બાદ સ્વતંત્રતા જાળવવા માટે પણ સાવધ રહેવું પડે છે. આપણા દેશનું રક્ષણ કરવા માટે આપણા સૈનિકો દેશની સીમાઓની ચોકી કરે છે. આ સૈનિકો ગમે તેવા શત્રુ સામે મોતથી ડર્યા વિના વીરતાથી લડે છે. એમણે સતત જાગતા રહેવું પડે છે. ગમે તે ક્ષણે, ગમે તે દિશામાંથી શત્રુ ત્રાટકી શકે છે. એ વખતે ભય પામ્યા વિના શત્રુનો બરાબર સામનો કરી દેશની રક્ષા કરે તેવા વીર સૈનિકો દેશની સીમાઓ પર ટાઢ, તાપ અને વરસાદની વિષમતાઓ તથા બીજી અગણિત અગવડો વેઠી હસતે મુખે ખડે-પગે ચોકી કરે છે. વખત આવ્યે શત્રુ સામે લડતાં તેઓ ખપી જાય છે. આવા વીરને આપણે ‘શહીદ’ કહીએ છીએ.

મહાત્મા ગાંધીજીના નિર્વાણદિને 30મી જાન્યુઆરીને ‘શહીદ દિન’ તરીકે મનાવવામાં આવે છે. ગાંધીજી અહિંસાના પૂજારી હતા. તે શસ્ત્ર વિનાના સૈનિક હતા. તેમનું યુદ્ધ અસત્ય અને હિંસા સામે હતું. શહીદ દિને દેશના તમામ નામી-અનામી શહીદોને આપણે શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**‘વીર શહીદો અમર રહો.’**

**‘ભારત માતા કી જય’**

**— સંકલન**

Printed by Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published by Shri R. R. Vyas, Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) on behalf of the Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published at Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat), Editor Shri R. R. Vyas, (Secretary, GS & HSEB, Gandhinagar, Gujarat)

આ QR કોડની મદદથી આપ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રકાશિત ‘માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ’ સામયિકનું વાંચન કરી શકશો.

Total Pages :
**32 + 04 = 36 Pages**

Price :
Per Copy Rs. 40/-

Annual Subscription :
For School - Rs. 400/-
For Individual - Rs. 200/-